લઘુહરિભદ્રસૂરિ મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી વિરચિત

# આરાધક - વિરાધક ચતુર્ભંગી
# શબ્દશઃ વિવેચન

**સર્વઆરાધક**
(भावश्रुतः, भावशीलः)

**દેશઆરાધક**
(द्रव्यशीलः)

**શ્રુત-શીલ**

**દેશવિરાધક**
(भावश्रुतः, न भावशीलः)

**સર્વવિરાધક**
(न भावश्रुतः, न भावशीलः)


વિવેચનકાર
પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

# આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન

---

**મૂલ ગ્રંથકાર**

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ-મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજા

**આશીર્વાદદાતા**

પરમારાધ્યપાદ, વ્યાખ્યાનવાચસ્પતિ
સ્વ. આ. ભ. શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા તથા
ષડ્દર્શનવિદ્, પ્રાવચનિકપ્રભાવક
સ્વ. પ.પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મહારાજા (મોટા પંડિત મહારાજ)

**વિવેચનકાર**

પંડિતવર્ય શ્રી પ્રવિણચંદ્ર ખીમજી મોતા

**સંકલન-સંશોધનકારિકા**

પ.પૂ. વ્યાખ્યાન વાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ મહોદયસૂરીશ્વરજી મહારાજના આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સા. શ્રી રોહિતાશ્રીજી મ.સા.ના શિષ્યરત્ના સાધ્વીજી શ્રી ચંદનબાલાશ્રીજી

વી.સં. ૨૫૨૭ ❀ વિ.સં. ૨૦૫૭ ❀ ઈ.સં. ૨૦૦૧ ❀ નકલ-૧૦૦૦

મૂલ્ય - ૧૦-૦૦

**પ્રકાશક**

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફત્તેહપુરા, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭.

## 卐 પ્રાપ્તિ સ્થાન 卐


**❋ અમદાવાદ**

ગીતાર્થ ગંગા
૫, જૈન મર્ચંટ સોસાયટી,
ફત્તેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎(૦૭૯)-૬૬૦૪૯૧૧, ૬૬૦૩૬૫૯

નટવરભાઈ એમ. શાહ, (આફ્રીકાવાળા)
૯, પરિશ્રમ બેંક ઓફ ઇન્ડીયા સોસાયટી,
વિજયનગર ક્રોસીંગ પાસે, અમદાવાદ-૧૩.
☎(૦૭૯)-૭૪૭૮૫૧૨, ૭૪૭૮૬૧૧

**❋ મુંબઈ**

**નિકુંજભાઈ ર. ભંડારી**
વિષ્ણુમહલ, ત્રીજે માળે,
ગરવારે પેવેલીયનની સામે,
ડી રોડ, ચર્ચગેટ, મુંબઈ-૨૦.
☎(૦૨૨)-૨૮૧૪૦૪૮, ૨૮૧૦૧૯૫

**❋ બેંગલોર**

**વિમલચંદજી**
C/o, J.NEMKUMAR & COMPANY,
Kundan Market, D.S.Lane,
Chickpet Cross,
Bangalore-560 053,
☎(O) 2875262, (R) 2259925.

**❋ સુરત**

**શૈલેષભાઈ બી. શાહ**
શ્રીનાથજી એપાર્ટમેન્ટ, છઠ્ઠે માળે,
હરિપરા, હાથ ફળીયા, સુરત-૧.
☎ (૦૨૬૧) - ૪૩૯૧૬૦, ૪૩૯૧૬૩

**❋ રાજકોટ**

**કમલેશભાઈ દામાણી**
"જિનાજ્ઞા", ૨૭, કરણપરા,
રાજકોટ-૩૬૦ ૦૦૧.
☎(૦૨૮૧) - ૨૩૩૧૨૦

**❋ જામનગર**

**ઉદયભાઈ શાહ**
C/o, મહાવીર અગરબત્તી વર્ક્સ,
C- 9, સુપર માર્કેટ,
જયશ્રી ટોકીઝની સામે, જામનગર.
☎ (૦૨૮૮) - ૬૭૮૫૧૩

**: મુદ્રક :**
મુદ્રેશ પુરોહિત
સૂર્યા ઓફસેટ, આંબલી ગામ, સેટેલાઇટ-બોપલરોડ, અમદાવાદ-૫૮.

## સંકલન-સંપાદનની વેળાએ પ્રાસ્તાવિક

ન્યાયાચાર્ય-ન્યાયવિશારદ પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજાએ સંસ્કૃત-પ્રાકૃત અને ગુર્જર ભાષામાં અનેક અજોડ અનુપમ ગ્રંથરચનાઓ કરેલ છે. તેઓશ્રીએ સ્વોપજ્ઞવૃત્તિ સહિત ગ્રંથો રચ્યા છે તો સ્વતંત્ર ગ્રંથો પણ રચ્યા છે અને અન્યકર્તૃક ગ્રંથો ઉપર ટીકાગ્રંથો પણ રચ્યા છે. તેમાંનો સ્વોપજ્ઞવૃત્તિ સહિત એક નાનો ગ્રંથ એટલે "આરાધક-વિરાધક ચતુર્ભંગી" ગ્રંથ.

આગમગ્રંથોમાં પાંચમું અંગ શ્રી ભગવતીજીસૂત્ર છે. તે ભગવતીસૂત્રનાં અષ્ટમ શતકના દશમા ઉદ્દેશામાં ચાર ભાંગાઓ દ્વારા ચાર પ્રકારના જીવોનો વિભાગ કરેલ છે.

(૧)દેશઆરાધક, (૨)દેશવિરાધક, (૩)સર્વઆરાધક અને (૪)સર્વવિરાધક. આ ચાર પ્રકારના આરાધક-વિરાધકનું સ્વરૂપ, શબ્દથી સંક્ષિપ્ત પરંતુ અર્થથી વિસ્તૃત આ ગ્રંથમાં પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ વર્ણવેલ છે.

પ્રસ્તુત ગ્રંથના સંકલનનો નાનકડો આ પ્રયાસ, મુખ્ય તો નાદુરસ્ત તબિયતમાં આવા સુંદર અધ્યાત્મગર્ભિત તાત્ત્વિક ગ્રંથોના વાંચન-આલેખન કાર્ય દ્વારા, સ્વાધ્યાય સંજીવનીના સહારે પ્રસન્નતા જળવાઈ રહે, અને તત્ત્વગર્ભિત-રહસ્યગર્ભિત આવા કીમતી નજરાણા જેવા ગ્રંથો તત્ત્વજિજ્ઞાસુ વર્ગને ગ્રંથ લગાડવા માટે, અને ગ્રંથના પદાર્થોનો સૂક્ષ્મ બોધ અને બોધપૂર્વકની પરિણતિની નિર્મળતા સ્વ-પરને પ્રગટ થાય, એ ઉદ્દેશથી કરેલ છે.

ગ્રંથના સૂક્ષ્મ પદાર્થોને સમજાવવા માટે પંડિતવર્યશ્રીએ પોતાની આગવી શૈલીમાં સચોટ સુંદર વિવેચન તૈયાર કરાવેલ છે. તે વિવેચન સંસ્કૃત ભાષાના અનભિજ્ઞ એવા પણ તત્ત્વજિજ્ઞાસુ વર્ગ માટે તે પદાર્થોને સમજવા અને તેનો બોધ પ્રાપ્ત કરવા માટે દિશાસૂચનરૂપ બનશે. વળી સંસ્કૃત ભાષાના અભિજ્ઞ એવા તત્ત્વપિપાસુ વર્ગ માટે, ટીકા-ટીકાર્થ વચ્ચે આવતા હેતુઓ વગેરેના ઉત્થાનપૂર્વક જે સંકલના કરેલ છે, તેનાથી ગ્રંથ વાંચવો સરળ બની જશે.

આરાધક-વિરાધક ચતુર્ભંગી ગ્રંથના પદાર્થોનો સંક્ષેપસાર આપ્યો છે તેમાં દરેક ભૂમિકાઓનું વિશ્લેષણ કરેલ છે, તેથી એ અંગે વધુ લખવાની આવશ્યકતા જણાતી નથી.

આ ગ્રંથની સંક્ષિપ્ત અનુક્રમણિકા અને વિસ્તૃત અનુક્રમણિકા તૈયાર કરેલ છે. એ વિસ્તૃત અનુક્રમણિકા વાંચતા તત્ત્વજિજ્ઞાસુ વાચકવર્ગને સ્વયં ખ્યાલ આવશે કે, નાનકડા પાંચ શ્લોક ઉપર રચાયેલ આ ગ્રંથમાં પંચમાંગ ભગવતીસૂત્રમાંથી આગમરૂપ ઘૃતના અર્ક સમાન કેવા કેવા અતિ અદ્‌ભુત પદાર્થોરૂપ આ નવનીત શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ આપણને પીરસ્યું છે. તેને આરોગીને આપણે આપણા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરીએ એ જ ભાવનાથી આ ગ્રંથનું વાંચન-આલેખનકાર્ય કરેલ છે.

આ ગ્રંથને સારી રીતે વાંચી તેના ઉપર ચિંતન-મનન અને નિદિધ્યાસન કરવાથી વાચકને એ ખ્યાલ સ્વયં આવી શકે છે કે, મારો આત્મા સુવિહિત મુનિની જેમ સર્વઆરાધક છે કે

સંવિજ્ઞપાક્ષિક કે સમ્યગ્દષ્ટિ જેવો દેશવિરાધક છે કે અપુનર્બંધક કક્ષાને પામેલો દેશઆરાધક છે કે મિથ્યાત્વી નિહ્નવાદિ જેવો સર્વવિરાધક છે. પોતાની કઈ ભૂમિકા છે તેનો નિર્ણય થવાથી વાચક પોતાની જે ભૂમિકા છે તેનાથી ઉચ્ચભૂમિકાને પામવા સતત પ્રયત્નશીલ બનવા અને સ્વભૂમિકાને ઉચિત રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગની આરાધના કરવા દ્વારા પોતાને શુદ્ધાત્મસ્વરૂપે પ્રગટ કરવા કટિબદ્ધ બને છે.

આ ચતુર્ભંગીની વિસ્તૃત પૂર્વપક્ષ સાથેની વિશેષ પ્રરૂપણા, પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજાએ સ્વકીય ધર્મપરીક્ષા નામના ગ્રંથમાં શ્લોક ૧૮થી ૩૧માં વિસ્તારથી કરેલ છે. વિસ્તારાર્થીએ એ ગ્રંથમાં વાંચવા ભલામણ છે.

આરાધક-વિરાધક ચતુર્ભંગી ગ્રંથ ભાવાનુવાદ સહિત વિ.સં. ૨૦૫૩માં અંધેરી ગુજરાતી જૈન સંઘ તરફથી પ્રકાશિત થયેલ છે. તે ગ્રંથને સામે રાખીને તથા જ્યાં જ્યાં પાઠ અશુદ્ધિ લાગે ત્યાં હસ્તલિખિત પ્રતને સામે રાખીને વાંચન કરેલ છે, અને અશુદ્ધિનું પરિમાર્જન કરેલ છે. જ્યાં શુદ્ધ પાઠ નથી મળ્યો ત્યાં લખાણમાં આવો પાઠ ભાસે છે એ પ્રમાણે સૂચન કરેલ છે. ગ્રંથના સાક્ષીપાઠોની સંસ્કૃત છાયા મુદ્રિત પુસ્તક મુજબ લીધેલ છે. પ્રૂફવાંચનના કાર્યમાં સુશ્રાવક શાંતિલાલ શિવલાલ શાહે પોતાના કીમતી સમયનો ભોગ આપી સહકાર આપેલ છે.

થોડા દિવસ પૂર્વે જ ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે બૃહત્કાય અધ્યાત્મમતપરીક્ષા ગ્રંથ ભાગ-૧ પ્રકાશિત થયેલ છે અને ભાગ-૨ તથા ભાગ-૩નું કાર્ય ચાલી રહ્યું છે, જે ગ્રંથો ક્રમશઃ પ્રકાશિત થનાર છે. તે દરમ્યાન વચ્ચે આ નાના ગ્રંથનું લખાણ તૈયાર કરેલ હોવાથી, અધ્યેતૃવર્ગની અને અનેક સાધુ-સાધ્વીજી ભગવંતોની ભાવનાને અનુલક્ષીને, ગીતાર્થ ગંગા સંસ્થાના ઉપક્રમે આ ગ્રંથ પ્રકાશિત થઈ રહેલ છે.

આ ગ્રંથના સંકલન-સંપાદન દ્વારા જે પુણ્યનું ઉપાર્જન થયું હોય તેના પ્રભાવે, સ્વ-પરને જિનોક્ત સાધુ-સામાચારીનું યથાર્થ જ્ઞાન અને યથાર્થ પરિણતિપૂર્વકની સર્વઆરાધકપણાની પ્રાપ્તિ થાય અને સૌ મુક્તિસુખના ભાગી બનીએ એ જ શુભભાવના...

ગ્રંથના સંકલન-સંપાદન કાર્યમાં જિનાજ્ઞા વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં માંગું છું.

**વિ. સં. ૨૦૫૭, માગસર વદ - ૧૦.**
બુધવાર, તા. ૨૦-૧૨-૨૦૦૦.
એફ - ૨, જેઠાભાઈ પાર્ક,
નારાયણનગર, પાલડી,
અમદાવાદ - ૭.

પરમ પૂજ્ય પરમારાધ્યપાદ વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય **રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના** શિષ્યરત્ન પ.પૂ. ગચ્છાધિપતિ શ્રીમદ્ વિજય **મહોદયસૂરીશ્વરજી મહારાજાના** આજ્ઞાવર્તી તથા પ.પૂ. પ્રવર્તિની સાધ્વીશ્રી **રોહિતાશ્રીજી મ.સા.ના** શિષ્યરત્ના સાધ્વીશ્રી **ચંદનબાલાશ્રીજી.**

## આરાધક-વિરાધક ચતુર્ભંગી ગ્રંથના પદાર્થોનો સંક્ષેપ સાર

ભગવતીસૂત્રમાં મોક્ષમાર્ગના કોણ આરાધક છે અને કોણ વિરાધક છે તે બતાડવા માટે ચાર ભાંગાઓથી સંસારવર્તી તમામ જીવોનો સંગ્રહ કરેલ છે. ત્યાં ચાર ભાંગા આ પ્રમાણે બતાવેલ છે-

(૧)દેશઆરાધક, (૨)દેશવિરાધક, (૩)સર્વઆરાધક અને (૪)સર્વવિરાધક.

'**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' એ વચનથી શ્રુતજ્ઞાન અને શીલને ગ્રહણ કરીને આ ચતુર્ભંગી કરવામાં આવેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે જે વ્યક્તિ શ્રુત અને શીલ એ બેમાંથી કેવલ શીલની આરાધના કરે છે તે દેશઆરાધક છે અને શ્રુત અને શીલ એ બંનેમાંથી માત્ર શ્રુતની આરાધના કરે છે તે શીલરૂપ દેશના વિરાધક છે, અને જે વ્યક્તિ શ્રુત અને શીલ બંને દેશની આરાધના કરે છે તે સર્વઆરાધક છે અને જે વ્યક્તિ શ્રુત અને શીલ બંનેની આરાધના કરતા નથી તે સર્વવિરાધક છે.

સામાન્ય રીતે આરાધક-વિરાધક અને અનારાધક એમ ત્રણ ભેદ પણ પડે છે. ત્યાં જે ધર્મની આરાધના કરે તેને આરાધક કહેવાય. જેણે વ્રત ગ્રહણ કર્યા છે છતાં તેની વિરાધના કરતો હોય તે વિરાધક કહેવાય અને જે લોકોએ વ્રત ગ્રહણ કર્યાં નથી તેઓ તે વ્રતની અનારાધના કરે છે તેથી તેઓ અનારાધક કહેવાય. આમ ત્રણ ભેદ હોવા છતાં અનારાધકનો વિરાધકમાં અંતર્ભાવ કરીને, આરાધક-વિરાધક દ્વારા સર્વ સંસારી જીવોનો આ ચતુર્ભંગીમાં સમાવેશ કરવામાં આવેલ છે. તે આ રીતે-

મોક્ષની પ્રાપ્તિ જ્ઞાન અને ક્રિયાથી થાય છે; તો પણ જ્ઞાન, ક્રિયાને પેદા કરીને મોક્ષનું કારણ બને છે, માટે ક્રિયા સાક્ષાત્ મોક્ષનું કારણ છે. તેથી તે બતાવવા માટે શીલને પ્રધાન ગ્રહણ કરીને શીલરૂપ દેશના આરાધકને દેશઆરાધક કહેલ છે, અને શીલરૂપ દેશના વિરાધકને દેશવિરાધક કહેલ છે.

મોક્ષનું કારણ જેમ જ્ઞાન-ક્રિયા છે તેમ અપેક્ષાએ રત્નત્રયી પણ કારણ છે. અને રત્નત્રયીનો સમુદાય મોક્ષનું કારણ કહીએ ત્યારે, તે રત્નત્રયીના સમુદાયથી છૂટા પડેલા એવા શીલરૂપ દેશને ગ્રહણ કરીને, દેશઆરાધકરૂપ પ્રથમ ભાંગો પડે છે. જેમ સ્કંધમાં જોડાયેલો સ્કંધનો એક દેશ તે દેશ કહેવાય છે, તેમ સ્કંધથી છૂટો પડેલો તે ભાગ પણ કોઇક નયદૃષ્ટિથી દેશરૂપ કહેવાય છે. તેમ અહીંયાં રત્નત્રયીરૂપ જે મોક્ષમાર્ગ છે તેની સાથે સંલગ્ન ન હોય તેવી પ્રધાન દ્રવ્યશીલની ક્રિયાને દેશરૂપે ગ્રહણ કરેલ છે. તેથી એ પ્રાપ્ત થાય કે મોક્ષનું કારણ રત્નત્રયી છે અને તે રત્નત્રયીનું કારણ એવું દ્રવ્યશીલ જે જીવોમાં છે તેઓ દેશઆરાધક છે. આનાથી એ ફલિત થાય કે મોક્ષનું કારણ સાક્ષાત્ રત્નત્રયી અને તેનું કારણ આ દ્રવ્યશીલ છે. તેથી દ્રવ્યશીલ પાળનારા એવા દેશઆરાધક મોક્ષમાર્ગના એક દેશની આરાધના કરે છે. ફક્ત તે દેશ રત્નત્રયીના સમુદાયથી છૂટો પડેલો અંશ છે અને તે અંશ દ્રવ્યશીલની આચરણારૂપ છે. અને જેમની દ્રવ્યશીલની આચરણા રત્નત્રયીનું કારણ નથી, તેવી દેશવિરતિની કે સર્વવિરતિની આચરણાને અહીં દેશઆરાધકરૂપે ગ્રહણ કરેલ નથી; પરંતુ તેઓનું અપ્રધાન દ્રવ્યશીલ હોવાને કારણે મોક્ષમાર્ગનાં તેઓ સર્વવિરાધક છે, તેમ બતાવેલ છે.

સામાન્યથી દેશઆરાધક શબ્દ કહેવાથી તે દેશવિરાધક કરતાં ઊંચો છે તેવું લાગે, પરંતુ અહીં દેશઆરાધકમાં અપુનર્બંધકને ગ્રહણ કરેલ છે. તેથી જેઓ હજુ સમ્યક્ત્વ પામ્યા નથી તેવા અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધક જીવો, જ્યારે યમ-નિયમની ક્રિયા કરતા હોય તેઓ દેશઆરાધક છે; અને જૈન દર્શનમાં રહેલા પણ સ્થૂલ બોધવાળા અપુનર્બંધક જીવો, શ્રાવકાચાર કે સર્વવિરતિ પાળતા હોય તેઓ મોક્ષમાર્ગના એક નાના અંશરૂપ દેશની આરાધના કરે છે, જે દ્રવ્યશીલ માત્રરૂપ છે તેઓ પણ દેશઆરાધક છે. જ્યારે સમ્યગ્દષ્ટિ જીવો રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના શીલરૂપ એક નાના દેશની વિરાધના કરે છે તેઓને દેશવિરાધક કહેલ છે. આનાથી એ પ્રાપ્ત થાય કે દેશઆરાધક કરતાં દેશવિરાધક મોક્ષમાર્ગની ઉપરની ભૂમિકામાં છે.

અપુનર્બંધક જીવોને દ્રવ્યશીલના પાલનથી દેશઆરાધકરૂપે ગ્રહણ કરેલ છે; અને સમ્યગ્દષ્ટિને ભાવશ્રુતની આરાધનાની અપેક્ષાએ આરાધક હોવા છતાં, શીલરૂપ દેશની આરાધના કરતા નથી તેને આશ્રયીને દેશવિરાધક કહેલ છે. આથી જ ભાવશ્રુતવાળા એવા સંવિગ્નપાક્ષિકો સર્વવિરતિરૂપ શીલ પાળે છે તો પણ, તેઓને દેશવિરાધકમાં ગ્રહણ કર્યા છે. કેમ કે સંવિગ્નપાક્ષિકમાં ભાવશ્રુત વિદ્યમાન છે અને તે ભાવશ્રુતને અનુરૂપ સૂક્ષ્મ બોધ હોવા છતાં તેનાથ નિયંત્રિત ભાવશીલ તેઓમાં નથી, અને સંવિગ્નપાક્ષિકમાં બાહ્યઆચરણારૂપ દ્રવ્યશીલ હોવા છતાં તેની શીલ તરીકે વિવક્ષા કરેલ નથી. તેનું કારણ એ છે કે સૂક્ષ્મ બોધવાળા જીવોને સૂક્ષ્મ બોધને અનુરૂપ શીલ હોય તો તે શીલસંપન્ન કહેવાય, તે ન્યાયથી વિચારણા કરેલ છે. આથી જ સ્થૂલ બોધવાળા એવા અપુનર્બંધકને તેના સ્થૂલ બોધને અનુરૂપ એવી દ્રવ્યશીલની ક્રિયાને ગ્રહણ કરીને દેશઆરાધક કહેલ છે.

ભગવતીસૂત્રની આ ચતુર્ભંગીમાં જે લોકો વ્રતો ગ્રહણ કરીને સમ્યગ્ પાળતા નથી તેઓને જેમ વિરાધક કહેલ છે, તેમ જે લોકોએ વ્રતો નથી ગ્રહણ કર્યાં તેને પણ વિરાધક કહેલ છે કે નહિ, એ વાત સાક્ષાત્ ભગવતીસૂત્રમાં મળે નહિ, પરંતુ તેનો અર્થ ભગવતીસૂત્રના ટીકાકારે કરેલ છે. તેના ઉપરથી નક્કી થાય છે કે, વ્રત નહિ ગ્રહણ કરનારનો પણ તે વ્રતના વિરાધકમાં અંતર્ભાવ કરવો છે. આના માટે એક સ્વતંત્ર પૂર્વપક્ષ ઊભો કરીને વિસ્તારથી ચર્ચા કરીને ભગવતીકારનો આ જ આશય છે કે મોક્ષમાર્ગની જેઓ આરાધના નથી કરતા તેઓ પણ તે અંશના વિરાધક છે; એ બતાવવા માટે પ્રથમ અનેક શાસ્ત્રવચનો સાથે વિરોધ બતાવીને તે સર્વ વિરોધોનો પરિહાર યુક્તિથી શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજાએ આ ગ્રંથમાં બહુ સુંદર રીતે કરેલ છે, જે જિજ્ઞાસુએ બીજા ભાંગાને જોવાથી પ્રાપ્ત થશે.

આ વિવરણ કરવામાં છદ્મસ્થતાને કારણે અનાભોગથી ગ્રંથકારશ્રીના આશયવિરુદ્ધ કાંઇ પણ લખાયું હોય તે બદલ મિચ્છા મિ દુક્કડં ...

**પ્રવીણભાઇ ખીમજી મોતા.**

**વિ.સં. ૨૦૫૭, ફાગણ વદ ૧૧,**
**સોમવાર, તા. ૨૦-૩-૨૦૦૧.**
**૫, ગીતાર્થ ગંગા, જૈન મર્ચંટ સોસાયટી,**
**અમદાવાદ-૭**

# પ્રકાશકીય

"ગીતાર્થ ગંગા"નું મુખ્ય લક્ષ્ય તો આપણા ઉપકારી પૂર્વાચાર્યો જેવા કે પ.પૂ.આ.શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મ.સા., પ.પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી આદિ રચિત જૈનશાસ્ત્રોમાં પથરાયેલાં વિવિધ પરમાર્થી તત્ત્વોનાં રહસ્યોનું નય, નિક્ષેપ, વ્યવહાર, નિશ્ચય સાપેક્ષ અર્થગાંભીર્યપૂર્ણ વિશ્લેષણ કરવાનું છે, જેથી શ્રી જૈનસંઘને તે તે પદાર્થોના સર્વાંગી બોધમાં સહાયકતા મળે. આ કાર્ય અત્યંત વિસ્તારવાળું અને ગહન છે. ઘણા સાધુ-સાધ્વીજી ભગવંતો આમાં સહાય કરી રહ્યા છે, શ્રાવકો અને શ્રાવિકાઓ પણ સૌ સૌને યોગ્ય કાર્યો સંભાળી રહ્યા છે, પરંતુ કામ સમય માંગી લે તેમ છે. દરમ્યાન શ્રીસંઘમાંથી જિજ્ઞાસુ મુમુક્ષો તથા શ્રાવકો-શ્રાવિકાઓ તરફથી એવી માંગ વારંવાર આવે છે કે પૂ. મુનિરાજ શ્રી મોહજિતવિજયજી મ.સા. તથા પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.નાં અપાયેલાં જુદા જુદા વિષયો પરનાં વ્યાખ્યાનો તથા પંડિતવર્ય શ્રી પ્રવીણભાઈ મોતાએ વિવિધ શાસ્ત્રીય વિષયો પર કરેલાં વિવેચનો છપાવીને તૈયાર કરવામાં આવે તો સકળ સંઘને ચોક્કસ લાભદાયી નીવડે. આવી વિનંતીઓને લક્ષ્યમાં રાખીને ટ્રસ્ટે નક્કી કર્યું છે કે આવાં વ્યાખ્યાનો તથા વિવેચનોના વિષયો અંગેનાં પુસ્તકો પ્રકાશિત કરવાં અને તેને માત્ર એક સંલગ્ન પ્રવૃત્તિ તરીકે સ્વીકારવી. આ કામ ગીતાર્થ ગંગાના મૂળ લક્ષથી સહેજ ફંટાય છે, બોધની વિવિધતા અને સરળતાની દૃષ્ટિએ પણ ભિન્ન પ્રકારે છે, છતાં તત્ત્વ જિજ્ઞાસુ માટે હિતકારી હોવાથી ઉપર્યુક્ત વિનંતી લક્ષ્યમાં રાખીને પ્રધાન કાર્ય જ્યાં સુધી બહાર ન આવે ત્યાં સુધી કામચલાઉ ધોરણે પૂરક પ્રવૃત્તિ તરીકે સ્વીકારવામાં આવ્યું છે.

તત્ત્વ જિજ્ઞાસુ જીવો માટે આવાં પુસ્તકો સમ્યક્જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધનામાં ઉપયોગી થશે તેવી આશા સહિત-

૫, જૈન મર્ચન્ટ સોસાયટી,
પાલડી, અમદાવાદ-૭.

ટ્રસ્ટી ગણ
ગીતાર્થ ગંગા

સર્વ હક્ક ગીતાર્થ ગંગા ટ્રસ્ટને આધીન છે.

# વિષયાનુક્રમણિકા


| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| | **સંક્ષિપ્ત અનુક્રમણિકા** | |
| ૧ | આરાધક-વિરાધક ચતુર્ભંગીની ઉત્પત્તિ. | ૧-૧૧ |
| ૨ | દેશઆરાધક ભાંગાનું સ્વરૂપ. | ૧૨-૨૯ |
| ૩ | દેશવિરાધક ભાંગાનું સ્વરૂપ. | ૩૦-૬૩ |
| ૪ | સર્વઆરાધક ભાંગાનું સ્વરૂપ. | ૬૪-૬૭ |
| ૫ | સર્વવિરાધક ભાંગાનું સ્વરૂપ. | ૬૮-૭૦ |
| | **વિસ્તૃત અનુક્રમણિકા** | |
| ૧ | આરાધક-વિરાધક ચતુર્ભંગીની ઉત્પત્તિ. | ૧ |
| | શ્રુત અને શીલ શબ્દથી વાચ્ય અર્થ. | ૧ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીની આગમ ઉક્તતા. | ૧ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના પ્રથમ ભાંગાની ઉત્પત્તિ. | ૫ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના પ્રથમ ભાંગાના સ્વામી. | ૬-૮ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના દ્વિતીય ભાંગાની ઉત્પત્તિ અને તેના સ્વામી દેશવિરાધક. | ૮-૯ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના ત્રીજા ભાંગાની ઉત્પત્તિ અને તેના સ્વામી સર્વઆરાધક. | ૧૦ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના ચોથા ભાંગાની ઉત્પત્તિ અને તેના સર્વવિરાધક. | ૧૧ |
| ૨ | આરાધક-વિરાધક ચતુર્ભંગીના પ્રથમ ભાંગાના સ્વામીના કથનથી ઉત્થિત આશંકા અથવા શ્લોક-૨ના ઉત્થાનરૂપ અવતરણિકા | ૧૨-૧૩ |
| | પૂર્વપક્ષીના મતે આરાધકપણાના ઘટક અંશનો નિર્દેશ. | ૧૨-૧૩ |
| | ઉપાધ્યાય યશોવિજયજી મહારાજના મતે આરાધકપણાના ઘટક અંશનો નિર્દેશ. | ૧૩ |
| | દેશઆરાધક ભાંગાની ઉત્પત્તિનો હેતુ. | ૧૪ |
| | અપ્રધાનદ્રવ્યજ્ઞાના પાલનથી દેશઆરાધક ભાંગાની અપ્રાપ્તિનું વિધાન અને પ્રયોજન. | ૧૪-૧૫ |
| | પૂર્વપક્ષીને માન્ય આરાધકપણાના ઘટક અંશનો હેતુ દર્શાવવા પૂર્વક નિષેધ. | ૧૬ |
| | ભાવશ્રાવકમાં સર્વઆરાધકપણાનો સ્વીકાર. | ૧૭ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૨ | દેશઆરાધકપણામાં નિયામકરૂપે જિનોક્ત અનુષ્ઠાનનો સ્વીકાર, માત્ર લિંગવાળામાં દેશઆરાધકપણાનો અસ્વીકાર. | ૧૮-૧૯ |
| | અન્યદર્શનમાં પણ જિનોક્ત અનુષ્ઠાનના સદ્ભાવની સિદ્ધિ. | ૧૮-૧૯ |
| | સકૃદ્આવર્તનાદિથી દૂર ભૂમિકામાં દેશઆરાધકપણાનો અસ્વીકાર, અપુનર્બંધકાદિમાં દેશઆરાધકપણાનો સ્વીકાર. | ૧૮-૨૧ |
| | અન્યદર્શનના ત્યાગપૂર્વક સ્વદર્શનમાં વ્યવસ્થાપનની ન્યાયયુક્તતા. | ૨૨-૨૩ |
| | અન્યદર્શનની ક્રિયામાં જૈની ક્રિયા કરતાં અપકૃષ્ટતાની સિદ્ધિ. | ૨૨-૨૩ |
| | સમ્યગ્દષ્ટિમાં શીલની વિદ્યમાનતા વિષયક આંશકા અને સમાધાન. | ૨૩-૨૬ |
| | સમ્યગ્દષ્ટિમાં શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાનો સ્વીકાર. | ૨૩-૨૬ |
| | મિત્રાદિ ચાર દૃષ્ટિવાળામાં સ્થૂલ બોધને અનુરૂપ ઉચિત સ્થૂલ ક્રિયાનો સદ્ભાવ અને અવિરતસમ્યગ્દષ્ટિમાં સૂક્ષ્મ બોધને અનુરૂપ સૂક્ષ્મ ક્રિયાનો અભાવ. | ૨૩-૨૬ |
| | ચતુર્થ ગુણસ્થાનકવાળાની શુશ્રૂષાદિ ક્રિયાને શીલરૂપે વિવક્ષા ન કરવાનું પ્રયોજન. | ૨૪-૨૬ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં શ્રુત શબ્દથી ભાવશ્રુતના ગ્રહણનું પ્રયોજન. | ૨૭-૨૮ |
| | શીલરૂપ દેશની જેમ શ્રુતરૂપ દેશથી દેશઆરાધકપણાની સંભાવના વિષયક આશંકા અને તેનું સમાધાન. | ૨૯-૩૦ |
| ૩ | દેશવિરાધક ભાંગાના સ્વામી. | ૩૧ |
| | દેશવિરાધક ભાંગા અંતર્ગત ભગ્નવ્રતક્રિયા શબ્દનો સમાસ અને તાત્પર્યાર્થ. | ૩૧-૩૨ |
| | વિરતિના પરિત્યાગથી વિરાધકપણાની પ્રાપ્તિરૂપ કથનની અજ્ઞાન વિલસિતતામાં હેતુ. | ૩૩-૩૫ |
| | ભગવતીના કથન દ્વારા '**अप्राप्तेर्वा**'રૂપ વિકલ્પની સિદ્ધિથી પૂર્વપક્ષીની શંકાનું નિરાકરણ. | ૩૫-૩૬ |
| | ગ્રહણ કરેલા વ્રતના વિરાધક ચરક-પરિવ્રાજક અને શ્રાવકના ઊર્ધ્વ ઉપપાતની મર્યાદા. | ૩૭ |
| | દેશવિરાધક ભાંગામાં જિનાજ્ઞાની આરાધનાથી તીર્થંકરનામકર્મની નિકાચનાદિની સંભવિતતા. | ૩૮ |
| | આરાધક-વિરાધક ચતુર્ભંગીના દ્વિતીય ભંગની ઉત્પત્તિ. | ૩૮ |

| શ્લોક | વિષય | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૩ | અનારાધક તથા વિરાધકને જુદા પાડવા માટે પૂર્વપક્ષી દ્વારા ગણરાશીનું સ્થાપન. | ૪૬-૪૭ |
| | આરાધક તથા વિરાધકરૂપ બે રાશિની યુક્તિયુક્તતા સ્યાદ્વાદસંગત. | ૪૬-૪૭ |
| | અનુપરતરૂપ વિરાધકપણાની પરિભાષા કરાયે છતે વિરાધકતા વ્યતિરિક્ત આરાધકતાના ગ્રહણની અયુક્તતા. | ૪૮-૪૯ |
| | શ્લોક-૨ના દ્વિતીયપાદનું ઉત્થાન. | ૪૯-૫૧ |
| | ક્રિયાની પ્રધાનતાને આશ્રયીને આરાધક-વિરાધકતાની વિવક્ષા ઉદ્ધરણપૂર્વક. | ૪૯-૫૧ |
| | માર્ગાનુસારી ક્રિયાની પ્રધાનતામાં હેતુ. | ૫૧ |
| | જિનોક્ત સામાચારીના ભંગથી વિરાધકપણાની વિવક્ષા કરાયે છતે નિહ્નવમાં સર્વવિરાધકપણાની અસંગતિની આપત્તિ. | ૫૨-૫૪ |
| | પૂર્વપક્ષીની નિહ્નવમાં દેશઆરાધકપણાના કથનની અસંગતિ. | ૫૪-૫૮ |
| | નવમા ગ્રૈવેયકમાં રહેલ દેવદુર્ગતત્વનું સ્વરૂપ, દેવદુર્ગતપણાની પ્રાપ્તિનું કારણ. | ૫૪-૫૫ |
| | સંમોહની વ્યાખ્યા. | ૫૫ |
| | દ્રવ્યશીલ શબ્દથી દેશોપકારી ક્રિયાના ગ્રહણનું વિધાન. | ૫૬ |
| | ગીતાર્થઅનિશ્રિત અગીતાર્થમાં માર્ગાનુસારી અને માર્ગઅનનુસારીનો વિભાગ. | ૫૬-૬૨ |
| | અભવ્ય-નિહ્નવાદિની ક્રિયામાં માર્ગાનુસારિતાનો અભાવ અને અનુમોદનાના નિષેધનું કથન. | ૬૨-૬૬ |
| | અભવ્ય-નિહ્નવાદિમાં અપ્રધાનદ્રવ્યક્રિયાનું વિધાન. | ૬૨ |
| | માર્ગાભિમુખ તથા માર્ગપતિતમાં અપુનર્બંધક અવસ્થાવિશેષરૂપતાનું વિધાન. | ૬૨ |
| ૪ | આરાધક-વિરાધક ચતુર્ભંગીના સર્વઆરાધક ભાંગાની ઉત્પત્તિ. | ૬૪ |
| | દેશઆરાધક અને દેશવિરાધકમાંથી સર્વ આરાધક કઈ રીતે બને તેની યુક્તિ. | ૬૫-૬૬ |
| ૫ | આરાધક-વિરાધક ચતુર્ભંગીના સર્વવિરાધક ભાંગાની ઉત્પત્તિ. | ૬૮ |
| | નિહ્નવોના અનુષ્ઠાનોને ગરઅનુષ્ઠાનરૂપે સ્વીકાર. | ૬૮-૭૦ |
| | સર્વવિરાધકમાં પણ નવમા ગ્રૈવેયકની ઉત્પત્તિની સંગતિ. | ૬૮-૭૦ |

॥ अर्हम् ॥

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

न्यायविशारद न्यायाचार्य महामहोपाध्याय यशोविजयकृता

# आराधक-विराधक चतुर्भङ्गी

श्रुतशीलव्यपेक्षायामाराधकविराधकौ ।
प्रत्येकसमुदायाभ्यां चतुर्भङ्गीं श्रितौ श्रुतौ ॥१॥

**ટીકા :-**

ऐँ नमः। श्रुतं=श्रुतज्ञानं, शीलं=मार्गानुसारिक्रियालक्षणं ब्रह्म, तयोर्व्यपेक्षायां=मिथःसङ्गत्या विशिष्टायामपेक्षायां विवेचनीयायां आराधकविराधकौ पुरुषौ प्रत्येकसमुदायाभ्यां मिलिताऽमिलितभावाऽभावाभ्यां चतुर्भङ्गीं श्रितौ= भङ्गचतुष्टयापन्नौ श्रुतौ भगवत्यादौ ।

---

**શ્લોકાર્થ :-**

શ્રુતિમાં=ભગવતી આદિ સૂત્રમાં, શ્રુત અને શીલની વિશેષ અપેક્ષા હોતે છતે પ્રત્યેક અને સમુદાય દ્વારા આરાધક અને વિરાધક પુરુષો ચતુર્ભંગીને પામેલ છે.॥૧॥

**ટીકાર્થ :-**

'श्रुतं.....भगवत्यादौ ।'- શ્રુત=શ્રુતજ્ઞાન, શીલ=માર્ગાનુસારીક્રિયાસ્વરૂપ બ્રહ્મ, તે બંનેની વ્યપેક્ષા હોતે છતે=પરસ્પર સંગતિથી વિશિષ્ટ અપેક્ષા વિવેચન કરવા યોગ્ય હોતે છતે, આરાધક-વિરાધક પુરુષ પ્રત્યેક અને સમુદાય દ્વારા મિલિતના ભાવ અને અભાવથી અને અમિલિતના ભાવ અને અભાવથી, શ્રુતિમાં=ભગવતીઆદિ સૂત્રમાં, ચાર ભાંગાને પામેલ છે.

• 'प्रत्येक' શબ્દથી સામાન્ય રીતે અમિલિત અર્થ લાગે પરંતુ અહીં પ્રત્યેક એવા શ્રુત

અને શીલનો મિલિતનો ભાવ અને મિલિતનો અભાવ ગ્રહણ કરવો છે. '**समुदाय**' શબ્દથી શ્રુત અને શીલના સમુદાયના અમિલિતનો ભાવ અને અમિલિતનો અભાવ ગ્રહણ કરવો છે. તેથી શ્લોકમાં '**प्रत्येकसमुदायाभ्यां**' છે તેમાં પૂરકરૂપ '**मिलिताऽमिलितभावाऽभावाभ्यां**' કહેલ છે.

**વિવેચન :-**

અહીં 'શ્રુત' શબ્દથી શ્રુતજ્ઞાન ગ્રહણ કરવાનું છે અને 'શીલ' શબ્દથી માર્ગાનુસારીક્રિયારૂપ બ્રહ્મ ગ્રહણ કરવાનું છે=મોક્ષમાર્ગને અનુસરનારી ક્રિયારૂપ આત્માનું સ્વરૂપ ગ્રહણ કરવાનું છે.

માર્ગાનુસારીક્રિયા બે પ્રકારે પ્રાપ્ત થાય છે-

(૧) દ્રવ્યથી માર્ગાનુસારીક્રિયા અને (૨) ભાવથી માર્ગાનુસારીક્રિયા

**(૧) દ્રવ્યથી માર્ગાનુસારીક્રિયા :-** અસદ્ગ્રહ હોવા છતાં પ્રજ્ઞાપનીય એવા અપુનર્બંધકની તપ-ત્યાગાદિની ક્રિયા છે.

**(૨) ભાવથી માર્ગાનુસારીક્રિયા :-** સમ્યક્ શ્રુતજ્ઞાનથી નિયંત્રિત દેશવિરતિ અને સર્વવિરતિની ક્રિયા છે.

શ્રુત અને શીલ એ બેની પરસ્પર વિશેષની અપેક્ષા હોવાને કારણે ચતુર્ભંગી થાય છે. તેથી તે વિશેષ અપેક્ષા બતાવતાં કહે છે-

શ્રુત અને શીલની પરસ્પર સંગતિથી વિશેષ અપેક્ષા ગ્રહણ કરવાની હોય ત્યારે આરાધક અને વિરાધક પુરુષને આશ્રયીને ચતુર્ભંગી પ્રાપ્ત થાય છે.

અહીં વિશેષ અપેક્ષા કહી તેનું તાત્પર્ય એ છે કે (૧)**દેશઆરાધક**માં શ્રુતજ્ઞાન નથી, છતાં દેશઆરાધક જીવો જે દ્રવ્યશીલ પાળે છે તે શ્રુતજ્ઞાનનું કારણ બનવાનું છે, તેથી તેમનું શીલ, શ્રુત સાથે પરસ્પર સંગતિથી સંકળાયેલું છે; અને (૩)**સર્વઆરાધક**માં જે શ્રુતજ્ઞાન છે તેનાથી નિયંત્રિત તેઓની શીલની આચરણા છે, તેથી તેમનું પણ શ્રુત અને શીલ પરસ્પર સંગતિથી સંકળાયેલું છે; અને તેને આશ્રયીને **દેશઆરાધક** અને **સર્વઆરાધક** એમ બે ભાંગા પ્રાપ્ત થાય છે. અને(૨)અવિરતસમ્યગ્દૃષ્ટિમાં સમ્યક્ શ્રુતજ્ઞાન છે પરંતુ શીલ નથી, તો પણ અવિરતસમ્યગ્દૃષ્ટિનું શ્રુતજ્ઞાન ભવિષ્યમાં ભાવશીલની પ્રાપ્તિનું કારણ છે, તેથી તેમનું શ્રુતજ્ઞાન શીલ સાથે પરસ્પર સંગતિથી સંકળાયેલું છે, માટે **દેશવિરાધક** ભાંગામાં પણ શ્રુતજ્ઞાન અને શીલની પરસ્પર અપેક્ષા છે. અને (૪)સર્વવિરાધકરૂપ ચોથા ભાંગામાં સંસારના રસિયા જીવોમાં શ્રુતજ્ઞાન અને

શીલ બંને નથી, અને જેઓ સર્વવિરતિ ગ્રહણ કરીને રહેલા છે પરંતુ અપ્રજ્ઞાપનીય અસદ્ગ્રહવાળા છે તેવા અસદ્ગ્રહવાળા જમાલિ આદિમાં દ્રવ્યશ્રુત છે તે ભાવશીલનું કારણ નથી, અને અપ્રજ્ઞાપનીય અસદ્ગ્રહવાળા હોવાથી તેમનું આચરણાત્મક દ્રવ્યશીલ સમ્યક્શ્રુતનું કારણ નથી; તેથી અપ્રજ્ઞાપનીય અસદ્ગ્રહવાળા જીવોનું દ્રવ્યશ્રુત અને દ્રવ્યશીલ પરસ્પર સંગતિથી સંકળાયેલું નહિ હોવાને કારણે તેવા જીવો **સર્વવિરાધક** છે.

અહીં ટીકામાં કહેલ '**प्रत्येक**' શબ્દથી મિલિતનો ભાવ અને મિલિતનો અભાવ ગ્રહણ કરીને બે ભાંગા પ્રાપ્ત થાય છે તે આ રીતે- શ્રુત અને શીલ એ બે મિલિતનો ભાવ હોય ત્યારે **સર્વઆરાધક** ભાંગો પ્રાપ્ત થાય છે અને શ્રુત અને શીલ એ બે મિલિતનો અભાવ હોય ત્યારે **સર્વવિરાધક** ભાંગો પ્રાપ્ત થાય છે. અને સમુદાય શબ્દથી અમિલિતનો ભાવ અને અમિલિતનો અભાવ ગ્રહણ કરીને બીજા બે ભાંગા પ્રાપ્ત થાય છે તે આ રીતે- શ્રુતથીઅમિલિત એવું શીલ જયારે હોય છે ત્યારે તેના ભાવથી **દેશઆરાધક** ભાંગો પ્રાપ્ત થાય છે, અને શ્રુતથીઅમિલિત એવા શીલના અભાવથી **દેશવિરાધક** ભાંગો પ્રાપ્ત થાય છે. શ્રુતથી અમિલિત એવા શીલના અભાવવાળા સમ્યગ્દષ્ટિ છે. જો કે સમ્યગ્દષ્ટિમાં શ્રુત છે, તો પણ રત્નત્રયીથી છૂટું પડેલ જે શીલ છે તે શીલ શ્રુતથી પણ છૂટું પડેલું છે, અને તે શીલ અપુનર્બંધકને હોય છે; તેવું શીલ સમ્યગ્દષ્ટિમાં ક્વચિત્ હોય તો પણ તેના સૂક્ષ્મબોધને અનુરૂપ તે શીલ નથી. તેથી શ્રુતની સાથે અમિલિત એવા શીલનો અભાવ સમ્યગ્દષ્ટિમાં સ્વીકારીને તેને દેશવિરાધક સ્વીકારેલ છે.

● શ્રુતથી અમિલિત એવા શીલનો ભાવ બાલતપસ્વી અને ગીતાર્થઅનિશ્રિત તપ-ચારિત્રમાં રત એવા અગીતાર્થમાં છે અને તેઓ અપુનર્બંધક છે. તેથી તેઓ દેશઆરાધક છે.

● સમ્યગ્દષ્ટિમાં શ્રુત હોવા છતાં શ્રુતજ્ઞાનથી નિષ્પન્ન ભાવશીલ નહિ હોવાને કારણે શીલરૂપ એક દેશનો તે વિરાધક છે તેથી સમ્યગ્દષ્ટિ દેશવિરાધક છે.

(૩) આ કથનથી એ ફલિત થાય છે કે **સર્વઆરાધક** ભાંગામાં સમ્યક્ શ્રુતજ્ઞાન છે અને તેનાથી નિયંત્રિત શીલ છે. તેથી મિલિત એવા શ્રુત અને શીલ દ્વારા **શીલવાન-શ્રુતવાન** એ ભાંગો પ્રાપ્ત થાય છે.

(૪) **સર્વવિરાધક** ભાંગામાં શ્રુત અને શીલ બંને નથી તેથી **અશીલવાન-અશ્રુતવાન** એ ભાંગો પ્રાપ્ત થાય છે. આ સર્વવિરાધક ભાંગો સંસારના રસિયા સર્વ જીવોમાં હોય છે અને કેટલાક જીવો કોઈ નિમિત્તને પામીને શાસ્ત્ર ભણતા હોય છતાં

પણ ભગવાનના વચનથી વિપરીત પદાર્થમાં તેઓની રુચિ અતિશયિત હોય, અને તેના કારણે તે વચન સર્વજ્ઞના વચનથી વિપરીત છે તેમ તેમને સમજાવી શકાય તેવા ન હોય, તેવા દ્રવ્યશ્રુતવાળા પણ સર્વવિરાધક ભાંગામાં જ આવે છે; કેમ કે તેમનું દ્રવ્યશ્રુત શીલની સાથે સંગતિથી સંકળાયેલું નથી. અને કેટલાક જીવો તપ-સંયમરૂપ શીલની ક્રિયા સારી રીતે કરતા હોય અને યત્કિંચિત્ શાસ્ત્ર પણ ભણેલા હોય, પરંતુ ભગવાનના વચનથી વિપરીત પદાર્થમાં તેમની રુચિ દૃઢ હોય, એવા અસદ્ગ્રહવાળા જીવોનું શીલ પણ સમ્યક્ શ્રુત સાથે સંકળાયેલું નથી, તેથી તેઓ પણ સર્વવિરાધક છે. આવા દ્રવ્યશ્રુત અને દ્રવ્યશીલવાળાને અપ્રધાન દ્રવ્યશ્રુત અને અપ્રધાન દ્રવ્યશીલ હોય છે.

(૨) **દેશવિરાધક** ભાંગામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને સમ્યક્ શ્રુતજ્ઞાન છે અને તે ધર્માનુષ્ઠાનની કોઈ ક્રિયા કરતો ન હોય તો તે શીલરૂપ દેશની આરાધના કરતો નથી અને તે કોઈ ધર્માનુષ્ઠાન કરતો હોય તો પણ તેનું ધર્માનુષ્ઠાન શ્રુતજ્ઞાનથી નિયંત્રિત હોતું નથી; તેથી ભાવથી શીલરૂપ ક્રિયાનો અભાવ અવિરતસમ્યગ્દૃષ્ટિમાં ગ્રહણ કરેલ છે, અને તે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ શ્રુતને આશ્રયીને આરાધક હોવા છતાં ક્રિયાને આશ્રયીને વિરાધક છે. તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને **દેશવિરાધક** કહેલ છે. આ રીતે **શ્રુતવાન-અશીલવાન** ભાંગો પ્રાપ્ત થાય છે.

(૧) **દેશઆરાધક** ભાંગામાં અપુનર્બંધકને સ્થૂલબોધ હોવાને કારણે સમ્યક્ શ્રુતજ્ઞાન નથી, પરંતુ તેઓ અસદ્ગ્રહવાળા નહિ હોવાથી તેઓ જે ધર્માનુષ્ઠાન કરે છે તે શ્રુતજ્ઞાનનું કારણ છે, તેથી તેમને પ્રધાન શીલ છે. શ્રુતરૂપ અંશને આશ્રયીને તેઓ આરાધક નહિ હોવા છતાં શીલરૂપ અંશને આશ્રયીને તેઓ આરાધક છે. તેથી અપુનર્બંધક જીવોને **દેશઆરાધક**માં ગ્રહણ કરેલ છે. આ રીતે **શીલવાન-અશ્રુતવાન** ભાંગો પ્રાપ્ત થાય છે.

**વિશેષાર્થ :-**

અહીં અપુનર્બંધકને દેશઆરાધક કહેવાથી તેઓ મોક્ષમાર્ગના એક નાના દેશનું આરાધન કરે છે તેવો અર્થ પ્રાપ્ત થાય છે, અને સમ્યગ્દૃષ્ટિને દેશવિરાધક કહેવાથી મોક્ષમાર્ગના એક નાના દેશની તેઓ વિરાધના કરે છે એવો અર્થ પ્રાપ્ત થાય છે. તેથી દેશઆરાધક કરતાં દેશવિરાધક નીચલી ભૂમિકાના છે એવો અર્થ ન સમજવો, પરંતુ દેશઆરાધક કરતાં દેશવિરાધકની ભૂમિકા ઊંચી છે અને સર્વઆરાધકની તેના કરતાં પણ ઊંચી ભૂમિકા છે.

**ટીકા :-**

**तथाहि एकः शीलवानश्रुतवान्=उपरतोऽविज्ञातधर्मा च, स्वबुद्ध्या पापान्निवृत्तेर्भावतोऽनधिगतश्रुतज्ञानत्वाच्च,**

---

હવે તે ચાર ભાંગાને ટીકામાં "**तथाहि**" થી બતાવે છે :-

**ટીકાર્થ :-**

'**तथाहि एकः.....श्रुतज्ञानत्वाच्च,**' - તે આ પ્રમાણે- એક **શીલવાન અશ્રુતવાન** =પાપ વ્યાપારથી અટકેલો અને અવિજ્ઞાતધર્મવાળો છે, કેમ કે સ્વબુદ્ધિથી પાપની નિવૃત્તિ કરે છે અને ભાવથી અનધિગત=નહિ જાણેલા, શ્રુતજ્ઞાનવાળો છે.

**વિવેચન :-**

**(૧) શીલવાન-અશ્રુતવાન :-** કોઈ એક વ્યક્તિ શીલવાન છે અને અશ્રુતવાન છે અને તેનો અર્થ સ્પષ્ટ કરતાં બતાવે છે કે, શીલવાળો છે એટલે પાપ વ્યાપારથી ઉપરત=અટકેલો છે, અને અશ્રુતવાળો છે એટલે અવિજ્ઞાતધર્મવાળો છે. તેમાં હેતુ કહે છે, શીલવાન-અશ્રુતવાન કેમ છે? તો સ્વબુદ્ધિથી તે પાપની નિવૃત્તિ કરે છે પરંતુ શ્રુતબુદ્ધિથી તે પાપની નિવૃત્તિ કરતો નથી, તેથી શ્રુત વગરનો તે શીલવાન છે.

અહીં પ્રશ્ન થાય કે પાપની જે નિવૃત્તિ કરે છે તે શ્રુત-શાસ્ત્રના અવલંબનથી કરે છે, તેથી તેઓ શ્રુત વગરના કઈ રીતે કહી શકાય? તેથી કહે છે-

ભાવથી નહિ પ્રાપ્ત થયેલા શ્રુતજ્ઞાનવાળો છે; અને આનાથી એ કહેવું છે કે શાસ્ત્રો દ્વારા શ્રુતજ્ઞાન પ્રાપ્ત કરેલું છે પરંતુ તે શ્રુત દ્રવ્યશ્રુત છે, ભાવશ્રુત નથી. તેથી ભાવથી તેમને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ નથી, માટે તેમને અશ્રુતવાન કહેલ છે.

**વિશેષાર્થ :-**

કોઈ જીવ ભગવાને કહેલા શાસ્ત્રનું અવલંબન લઈને સંયમની ક્રિયા કરતો હોય તો પણ ભગવાનના શ્રુતજ્ઞાનનું જે તાત્પર્ય છે તે તાત્પર્યને પકડી શકતો ન હોય ત્યારે તેમનું તે શ્રુતજ્ઞાન દ્રવ્યશ્રુત છે, ભાવશ્રુત નથી.

ભાવથી શ્રુતજ્ઞાન ગીતાર્થને હોય છે અને ગીતાર્થને નિશ્રિત એમના વચનાનુસાર મન-વચન-કાયાને જેઓ પ્રવર્તાવે છે તેવા માષતુષાદિને ભાવથી શ્રુતજ્ઞાન હોય છે.

**ટીકા :-**

**अयं बालतपस्वीत्येके, गीतार्थाऽनिश्रिततपश्चरणरतोऽगीतार्थ इत्यन्ये,**

---

અને મિથ્યાત્વનો અભાવ હોવાને કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ સ્વાભાવિક રીતે જે કાંઈ પણ શાસ્ત્રનો બોધ હોય છે તે સમ્યગ્ પરિણમન પામેલો હોય છે, તેથી તેઓ જે કાંઈ પણ શ્રુતને જાણે છે તે ભગવાનના વચનાનુસાર યથાર્થ જાણતા હોય છે; અને જ્યાં પોતાને બોધ નથી ત્યાં ગીતાર્થના વચનને સાંભળીને યથાર્થ બોધ કરે તેવી નિર્મળ પ્રજ્ઞા તેમની હોય છે, તેથી તેમને ભાવથી શ્રુતજ્ઞાન સ્વીકારેલ છે. જ્યારે અપુનર્બંધકને ભાવના કારણભૂત એવું પ્રધાનદ્રવ્યશ્રુત હોવા છતાં, શાસ્ત્રના બોધમાં તેમને અનાભોગબહુલ કહેલ છે. તેથી ગીતાર્થ પાસે તેઓ તત્ત્વ જાણવા પ્રયત્ન કરતા હોય ત્યારે પણ, તેઓ ખરા પરમાર્થને થોડો પકડી શકે છે અને ઘણું તત્ત્વ સમજી શકતા નથી. તેથી તેવા અપુનર્બંધક જૈનદર્શનમાં વર્તતા હોય ત્યારે, ભગવાનના શાસ્ત્રના અવલંબનથી સાધ્વાચારની ક્રિયા કરતા હોય તો પણ, ભાવથી શ્રુતજ્ઞાન નહીં હોવાને કારણે તેમને સ્વબુદ્ધિથી પાપની નિવૃત્તિ છે, પરંતુ શ્રુતબુદ્ધિથી પાપની નિવૃત્તિ નથી. અને અન્યદર્શનમાં રહેલા એવા અપુનર્બંધકમાં અસદ્ગ્રહ નહિ હોવાને કારણે અને તત્ત્વનો પક્ષપાત હોવાને કારણે સન્માર્ગની પ્રાપ્તિ કરવાની તેઓ યોગ્યતા ધરાવે છે, તેથી પોતાના દર્શનની માન્યતા પ્રમાણે કરાયેલ પાપની નિવૃત્તિ જૈનદર્શનની પ્રાપ્તિરૂપ સન્માર્ગની પ્રાપ્તિનું કારણ હોવાથી, અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકની પ્રધાનદ્રવ્યક્રિયા છે, તેથી તેમને **દેશઆરાધક** તરીકે સ્વીકારેલ છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં પ્રથમ ભાંગો બતાવ્યો અને કહ્યું કે એક વ્યક્તિ શીલવાન અને અશ્રુતવાન છે હવે તે કોણ છે તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :-**

**'अयं.....अन्ये,'** - આ બાલતપસ્વી છે એમ એક કહે છે, અને ગીતાર્થની નિશ્રાએ નહિ રહેલ તપ-ચારિત્રમાં રત અગીતાર્થ છે એમ અન્ય કહે છે. અને આ બંને પ્રકારનાં કથનો નયભેદની અપેક્ષાએ છે. આ બંને પ્રકારના જીવો દેશઆરાધક છે.

**વિવેચન :-**

અન્ય દર્શનમાં રહેલા અને જૈન દર્શનમાં રહેલા અપુનર્બંધકને દેશઆરાધક

ભાંગો છે, તે બતાવવા માટે કહે છે કે, એક આચાર્ય બાલતપસ્વીને દેશઆરાધક કહે છે. અર્થાત્ અન્ય દર્શનમાં રહેલા અનિવર્તનીય અસદ્ગ્રહ વગરના જેઓ યમ-નિયમાદિ ક્રિયાઓ કરે છે, તેઓ ભગવાનના શાસ્ત્રનો સૂક્ષ્મબોધ નહીં હોવાને કારણે તત્ત્વના વિષયમાં બાલ છે, અને તપ- સંયમમાં યત્ન કરનાર હોવાથી તપસ્વી છે, તેવા બાલતપસ્વી દેશઆરાધક છે તેમ એક નયની દૃષ્ટિથી જોનારા કહે છે.

બીજા નયની દૃષ્ટિથી જોનારા આચાર્યો ગીતાર્થઅનિશ્રિત અને તપ-ચારિત્રમાં રત અગીતાર્થને દેશઆરાધક કહે છે. અને આ બીજા મત પ્રમાણે, જેઓ દીક્ષા લઈને સમુદાયમાં ભિક્ષાદિ દોષોને જોઈને કે કલહાદિ દોષોને જોઈને એકલા રહીને નિર્દોષ ભિક્ષા કરવામાં યત્નવાળા છે, તેઓને ગ્રહણ કરવાના છે. અને તેઓ ગીતાર્થને છોડીને નીકળેલા છે તેથી ગીતાર્થ અનિશ્રિત છે, અને ભગવાનના વચનાનુસાર સૂક્ષ્મબોધ નહીં હોવા છતાં સ્વબુદ્ધિ પ્રમાણે શાસ્ત્રના વચનોનું અવલંબન લઈને તપ-ચારિત્રમાં યત્ન કરનારા છે, તેઓને **દેશઆરાધક** તરીકે અહીં ગ્રહણ કરેલ છે.

**વિશેષાર્થ :-**

પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે સ્તવનમાં **'પ્રાયઃ ગ્રંથિ લગે નવિ આવ્યા'** એ કથનમાં ગીતાર્થને છોડીને જનારાને વિરાધકરૂપે ગ્રહણ કરેલ છે, તો પણ ત્યાં 'પ્રાયઃ' શબ્દથી જેઓ પ્રજ્ઞાપનીય છે તેઓની વ્યાવૃત્તિ કરેલ છે. તેવા ગીતાર્થઅનિશ્રિત તપ-ચારિત્રમાં રત અગીતાર્થને અહીં દેશઆરાધકરૂપે ગ્રહણ કરવાના છે. અને જેઓ અનિવર્તનીય અસદ્ગ્રહવાળા છે તેઓ ગ્રંથિદેશમાં આવ્યા નથી એમ કહીને તેઓનો અંતર્ભાવ સર્વવિરાધકમાં કરવાનો છે.

અહીં સ્થૂલ દૃષ્ટિથી વિચારીએ તો ગીતાર્થને છોડીને એકલા વિચરતા અનિવર્તનીય અસદ્ગ્રહ વગરના જીવોને દેશઆરાધક તરીકે સ્વીકારી શકાય, અને ગીતાર્થની નિશ્રામાં રહીને તપ-સંયમમાં યત્ન કરતા અગીતાર્થ એવા અપુનર્બંધક સર્વઆરાધક છે, એમ લાગે; પરંતુ *સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારીએ તો ગીતાર્થની નિશ્રામાં રહેલા સ્થૂલબોધવાળા જીવો પણ ભાવથી ગીતાર્થને નિશ્રિત નથી. તેથી દ્રવ્યથી ગીતાર્થને તેઓ નિશ્રિત હોવા છતાં ગીતાર્થના વચનાનુસાર ઉચિત પ્રવૃત્તિઓ તેઓ કરી શકતા નથી. તેવા અગીતાર્થને પણ દેશઆરાધકમાં ગ્રહણ કરવાના છે, પરંતુ સર્વઆરાધકમાં નહીં.

* (જુઓ ધર્મ પરીક્ષા ગાથા- ૨૭)

**सम्यग्बोधरहितत्वात् क्रियापरत्वाच्च स्तोकस्य मोक्षमार्गस्याराधनाद्देशाराधकश्चायमुच्यते १।**

**अन्यः श्रुतवानशीलवान्=अनुपरतो विज्ञातधर्मा अविरतसम्यग्दृष्टिरिति यावत्। अयं च देशविराधकः-देशं स्तोकमंशं ज्ञानादित्रयस्य मोक्षमार्गस्य तृतीयविभागरूपं चारित्रं विराधयतीत्यर्थः, प्राप्तस्य तस्याऽपालनादप्राप्तेर्वा २।**

---

**ઉત્થાન :-**

બાલતપસ્વી અને ગીતાર્થ અનિશ્રિત તપ-ચારિત્રમાં રત અગીતાર્થને દેશઆરાધક કેમ કહ્યા તે બતાવતાં કહે છે-

**ટીકાર્થ :-**

**'सम्यग्बोध....मुच्यते १।'** - આ બંને પ્રકારનાં જીવો સમ્યગ્ બોધરહિત છે અને ક્રિયામાં તત્પર છે, તેથી મોક્ષમાર્ગના પ્રધાનદ્રવ્યક્રિયારૂપ થોડા અંશનું આરાધન કરે છે, તેને કારણે તેઓ **દેશઆરાધક** છે.

**'अन्यः.....तस्याऽपालनादप्राप्तेर्वा २।'** - અન્ય **શ્રુતવાન-અશીલવાન** પાપ વ્યાપારથી નહિ અટકેલ અને વિજ્ઞાતધર્મવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો છે, અને આ જીવો દેશવિરાધક છે. કેમ કે જ્ઞાનાદિ ત્રણરૂપ મોક્ષમાર્ગના ત્રીજા વિભાગરૂપ ચારિત્રસ્વરૂપ દેશ=થોડા અંશની વિરાધના કરે છે. કેમ કે પ્રાપ્ત એવા તેનું=ચારિત્રનું, પાલન કરતા નથી અથવા ચારિત્રની પ્રાપ્તિ થઈ નથી તેથી **દેશવિરાધક** છે.

**વિવેચન :-**

**(૨) શ્રુતવાન-અશીલવાન** :- દેશઆરાધક જીવો કરતાં અન્ય પ્રકારના જીવો શ્રુતવાન છે અને અશીલવાન છે, અને તેનો જ અર્થ કરે છે કે પાપ વ્યાપારથી અનુપરત= અટકેલા નથી, અને વિજ્ઞાતધર્મવાળા=બોધવાળા છે, અર્થાત્ ભગવાને કહેલ શ્રુતજ્ઞાનના પરમાર્થને જાણનારા છે. અને તેવા જીવો કોણ છે તે બતાવતાં કહે છે-

અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો છે અને આ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ દેશવિરાધકરૂપ બીજા ભાંગામાં આવે છે.

અવિરતસમ્યગ્દૃષ્ટિની દેશવિરાધના આ પ્રમાણે છે- જ્ઞાનાદિ ત્રણના સમુદાયરૂપ મોક્ષમાર્ગ છે, તેના ત્રીજા ભાગરૂપ ચારિત્રની તેઓ વિરાધના કરે છે અર્થાત્ જ્ઞાન અને દર્શનની આરાધના કરે છે અને ચારિત્રરૂપ દેશની-થોડા અંશની તેઓ વિરાધના કરે છે.

સમ્યગ્દૃષ્ટિ જીવો દેશથી વિરાધના કઈ રીતે કરે છે તે બતાવે છે- જેમણે સંયમ ગ્રહણ કર્યું છે અને પ્રતિજ્ઞાથી પ્રાપ્ત એવા ચારિત્રનું પાલન કરતા નથી તેવા સંવિજ્ઞપાક્ષિક જીવો દેશવિરાધક છે, અને જેમણે સંયમ ગ્રહણ કર્યું નથી અને ભગવાનના વચનના બોધને કારણે સમ્યગ્દર્શન પામેલા છે, તેવા જીવોને પ્રતિજ્ઞાથી ચારિત્રની અપ્રાપ્તિ હોવાને કારણે અર્થાત્ ચારિત્ર ગ્રહણ નહિ કરેલ હોવાને કારણે ચારિત્રરૂપ દેશની તેઓ વિરાધના કરે છે. આમાં ગૃહસ્થાવસ્થામાં રહેલ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો આવશે.

**વિશેષાર્થ :-**

જે જીવોને સૂક્ષ્મ બોધ છે તેઓ સમ્યગ્દૃષ્ટિ છે, અને તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો કાં તો ગીતાર્થ હોય, કાં તો ગીતાર્થનિશ્રિત હોય, પરંતુ જો તેઓ પોતાના સૂક્ષ્મ બોધને અનુરૂપ ઉચિત ક્રિયાઓમાં સમ્યગ્ યત્ન કરે તો તે ચારિત્રની આરાધના કરી શકે; છતાં તેઓને ચારિત્રની ક્રિયાનો વ્યત્યય કરનાર પ્રબળ કર્મોદય છે, તેથી અપ્રમાદપૂર્વક ક્રિયાઓમાં યત્ન કરતા નથી; તેવા સંવિજ્ઞપાક્ષિક જીવો બાહ્ય રીતે જે કાંઈ આચરણાઓ કે યતનાઓ કરે છે તત્કૃત નિર્જરા તેમને થતી હોવા છતાં, પ્રતિજ્ઞાથી પ્રાપ્ત સમ્યક્ચારિત્રનું પાલન તેઓ કરતા નથી; માટે તેઓ જ્ઞાન-દર્શનના આરાધક હોવા છતાં ચારિત્રરૂપ દેશના વિરાધક છે.

જેઓ ગૃહસ્થાવસ્થામાં છે અને સમ્યગ્ દર્શનને પામેલા છે તેઓને મોક્ષનો ઉપાય ભાવચારિત્ર દેખાય છે, અને ભાવચારિત્રના ઉપાયભૂત દ્રવ્યચારિત્રની ક્રિયાઓ દેખાય છે. આમ છતાં, પોતાના સત્ત્વની અલ્પતાને કારણે દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરેલ નથી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોને સંસારના પાપવ્યાપારથી જે ચારિત્રવિરાધનાની પ્રાપ્તિ થાય છે તે ચારિત્રની અપ્રાપ્તિથી થાય છે.

**ટીકા :-**

**इतरः शीलवान् श्रुतवान्=उपरतो विज्ञातधर्मा, स च सर्वाराधकः, संपूर्णमोक्षमार्गाराधनात् ३।**

---

**ટીકાર્થ :-**

**'इतरः.....आराधनात् ३।'** - **શીલવાન-શ્રુતવાન** એટલે કે પાપવ્યાપારથી અટકેલ અને વિજ્ઞાતધર્મવાળા જીવો છે અને તે **સર્વઆરાધક** છે, કેમ કે સંપૂર્ણ મોક્ષમાર્ગનું આરાધન કરે છે.

**વિવેચન :-**

**(3) શીલવાન-શ્રુતવાન :-** શીલવાળો અને શ્રુતવાળો હોય તે ત્રીજા ભાંગામાં આવે છે અને તેનો જ અર્થ કહે છે- પાપ વ્યાપારથી અટકેલો છે માટે શીલવાળો છે અને વિજ્ઞાતધર્મવાળો છે માટે શ્રુતવાળો છે, માટે તે સર્વઆરાધક છે.

**વિશેષાર્થ :-**

ગીતાર્થ જેમ વિજ્ઞાતધર્મવાળા છે તેમ જેઓ ગીતાર્થ નથી-છતાં ગીતાર્થને પરતંત્ર એવા સમ્યગ્દૃષ્ટિ છે તેઓ પણ વિજ્ઞાતધર્મવાળા છે. કેમ કે સમ્યગ્દૃષ્ટિ જીવની પ્રજ્ઞા નિર્મળ હોવાને કારણે તેમનું જે કાંઈ શ્રુતજ્ઞાન છે તે તેમને સમ્યગ્ પરિણમન પામે છે. અને તેઓનું જઘન્ય શ્રુત એ છે કે- "સંસારમાં સર્વથા ઉપદ્રવ વગરની અવસ્થા એ જ જીવની સારી અવસ્થા છે અને તેવી સારભૂત અવસ્થા મોક્ષમાં જ છે, અને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય જીવમાં થતા અંતરંગ ઉપદ્રવોને શમાવવા એ જ છે, અને તે ઉપદ્રવોને શમાવવા માટે ભગવાનનું વચન જ ઉપાયભૂત છે. તેથી શક્તિ હોય તો ભગવાનના વચનને જાણવા માટે યત્ન કરવો જોઈએ અને પોતાની વિશેષ શક્તિ ન હોય તો ગીતાર્થની સમ્યક્ પરીક્ષા કરવામાં યત્ન કરવો જોઈએ." ગીતાર્થને સમ્યક્ જાણવાના વિષયમાં સમ્યગ્દૃષ્ટિ જીવો અભ્રાંતબુદ્ધિવાળા હોય છે, અને ગીતાર્થને જાણીને તેમને કઈ રીતે પરતંત્ર થવું જોઈએ કે જેથી ભગવાનના વચનાનુસાર ક્રિયા કરી શકાય, એ પ્રકારનો સૂક્ષ્મબોધ સમ્યગ્દૃષ્ટિ જીવોને છે. તેથી ગુરુના વિષયમાં તેઓ અભ્રાંત છે અને ગુરુના જ્ઞાનથી જ સમ્યગ્ પ્રવૃત્તિ કરીને તેઓ ભાવચારિત્રમાં યત્ન કરી શકે છે, તેથી તેઓ સર્વઆરાધક છે.

અહીં સર્વઆરાધકથી જો કે સર્વવિરતિવાળા જ પ્રાપ્ત થાય છે, તો પણ અપેક્ષાએ

**ટીકા :-**

**अपरश्चाशीलवानश्रुतवान्=अनुपरतोऽविज्ञातधर्मा, स च सर्वविराधकः, मोक्षमार्गस्य लेशेनाप्यनाराधनात् ४। इति संप्रदायः ॥१॥**

---

દેશચારિત્રીને પણ અંશથી ચારિત્ર હોવાને કારણે સર્વઆરાધકમાં ગ્રહણ કરેલ છે.

**ટીકાર્થ :-**

**'अपर.....संप्रदायः ॥१॥' - અશીલવાન-અશ્રુતવાન** એટલે કે પાપ વ્યાપારથી નહિ અટકેલા તેમજ અવિજ્ઞાતધર્મવાળા જીવો છે અને તે **સર્વવિરાધક** છે, કેમ કે મોક્ષમાર્ગનું લેશથી પણ આરાધન કરતા નથી. આ પ્રમાણે સંપ્રદાય છે.**॥૧॥**

**વિવેચન :-**

**(૪) અશીલવાન-અશ્રુતવાન :-** અશીલવાળો અને અશ્રુતવાળો ચોથા ભાંગામાં આવે છે અને તેનો અર્થ કરે છે કે પાપ વ્યાપારથી અનુપરત=નહિ અટકેલો, અને અવિજ્ઞાતધર્મવાળો છે માટે તે સર્વવિરાધક છે. કેમ કે તેવા જીવો મોક્ષમાર્ગનું લેશથી પણ આરાધન કરતા નથી.

**વિશેષાર્થ :-**

અનિવર્તનીય અસદ્ગ્રહવાળા જીવો ઘણું શ્રુત ભણ્યા હોય તો પણ તેઓ અવિજ્ઞાતધર્મવાળા છે, કેમ કે તેમનું જ્ઞાન મોક્ષમાર્ગની પ્રવૃત્તિમાં ઉપયોગી નથી. અને અસદ્ગ્રહવાળા જમાલિ વગેરે નિર્દોષ ચારિત્ર પાળતા હોય તો પણ તેઓ શીલવાળા નથી, કેમ કે તેમનું શીલ મોક્ષમાર્ગની પ્રવૃત્તિરૂપ નથી; અને તેનું કારણ ભગવાનના વચનથી વિપરીત વચનમાં તેઓને દઢ અભિનિવેશ હોય છે. ભગવાનનું વચન મોક્ષમાર્ગરૂપ છે, તેનાથી વિપરીત વચન સંસારમાર્ગરૂપ છે. તેથી સંસારમાર્ગરૂપ વિપરીત વચનમાં દઢ અભિનિવેશવાળાનું અન્ય સર્વ જ્ઞાન કે સર્વ શીલની આચરણા મોક્ષનું કારણ બનતી નથી. તેથી અન્ય સંસારી જીવોની જેમ અનિવર્તનીય અસદ્ગ્રહવાળા પણ સર્વવિરાધક છે. **॥૧॥**

**અવતરણિકા :-**

अत्र केचित्- ''यदनुष्ठानाऽकरणेन जिनाज्ञाया विराधकत्वं तदनुष्ठानकरणेनैव जिनाज्ञाया आराधकत्वमिति नियमादनुष्ठानान्तरकरणाऽकरणाभ्यां जिनाज्ञाराधनविराधनयोरभावाद्, अन्यथा परमार्गानुष्ठानत्याजनेन जैनमार्गानुष्ठानव्यवस्थापनाऽन्याय्यत्वप्रसङ्गात्। इत्थं परेषां विराधकत्वापादनाद्देशाराधकस्थलोदाहृतबालतपस्वी कुतश्चिन्निमित्तादङ्गीकृतजिनोक्तसाधुसामाचारीपरिपालनपरायण एव गृह्यते मिथ्यादृष्टिः, जिनोक्तसाधुसामाचारीपरिपालनमन्तरेणाराधकत्वाभावान्मिथ्यादृष्टित्वमन्तरेण च बालतपस्वित्वाभावात्,

---

**અવતરણિકાર્થ :-**

**'अत्र केचित्.....प्रसंङ्गात्'** - અહીં કેટલાક કહે છે કે જે અનુષ્ઠાનના અકરણથી જિનાજ્ઞાનું વિરાધકપણું છે તે અનુષ્ઠાનના કરણથી જ જિનાજ્ઞાનું આરાધકપણું છે, એ પ્રમાણે નિયમ હોવાથી, અન્યદર્શનના અનુષ્ઠાનના કરણ અને અકરણથી જિનાજ્ઞાના આરાધન અને વિરાધનનો અભાવ છે. તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે અન્યથા=જે અનુષ્ઠાનના અકરણથી જિનાજ્ઞાનું વિરાધકપણું અને કરણથી જિનાજ્ઞાનું આરાધકપણું ન માનો, અને અન્યદર્શનના અનુષ્ઠાનના કરણથી જિનાજ્ઞાનું આરાધકપણું અને અકરણથી જિનાજ્ઞાનું વિરાધકપણું માનો તો, પરમાર્ગના અનુષ્ઠાનનો ત્યાગ કરાવવા દ્વારા જૈનમાર્ગના અનુષ્ઠાનની વ્યવસ્થાપનાના અન્યાયનો પ્રસંગ આવશે.

**'इत्थं.....बालतपस्वित्वाभावात्,'** - આ પ્રમાણે=જિનોક્ત અનુષ્ઠાનના કરણ-અકરણથી જિનાજ્ઞાનું આરાધક-વિરાધકપણું છે, અન્ય અનુષ્ઠાનના કરણ-અકરણથી જિનાજ્ઞાનું આરાધક-વિરાધકપણું નથી એ પ્રમાણે, પરને વિરાધકપણાનું આપાદન હોવાથી દેશઆરાધક સ્થળમાં ઉદાહરણ તરીકે કહેલ બાલતપસ્વી તરીકે, કોઈપણ નિમિત્તથી ગ્રહણ કરાયેલ જિનોક્ત સાધુસામાચારીના પરિપાલનમાં પરાયણ=તત્પર, જ મિથ્યાદષ્ટિ ગ્રહણ કરાય છે. કેમ કે જિનોક્ત સાધુસામાચારીના પરિપાલન વગર આરાધકપણાનો અભાવ છે, અને મિથ્યાદષ્ટિપણા વગર બાલતપસ્વીપણાંનો અભાવ છે.

● અહીં **यदनुष्ठान .......... जिनाज्ञाराधनविराधनयोरभावाद्,** આવો નિયમ હોવાથી બાલતપસ્વીથી અન્યદર્શનવાળા ગ્રહણ થતા નથી, પરંતુ જિનોક્ત સાધુસામાચારીમાં તત્પર મિથ્યાદષ્ટિ જ ગ્રહણ થાય છે, એમ અન્વય જાણવો.

**न चैवं मतद्वयाऽभेदः, गीतार्थनिश्रितस्य गीतार्थस्य च द्रव्यलिङ्गिनो बाल-तपस्विनः संभंवात्'' इत्यभिमन्यन्ते तन्मतनिरासार्थमाह-**

**द्रव्याज्ञाऽऽराधनादत्र देशाराधक इष्यते ।**
**सामाचारी तु साधूनां तन्त्रमत्र न केवलम् ॥२॥**

---

અહીં પ્રશ્ન થાય કે જિનોક્ત સાધુ-સામાચારી-પરાયણ મિથ્યાદષ્ટિને જ બાલતપસ્વીથી કેમ ગ્રહણ કર્યા? તેથી બતાવે છે કે ભગવાનની સામાચારીના પાલન વગર આરાધકપણું નથી અને મિથ્યાદષ્ટિપણા વગર બાલતપસ્વીપણું નથી, માટે દેશઆરાધકને કહેનાર 'બાલતપસ્વી' પદથી ભગવાને કહેલ સાધુસામાચારીપરાયણ મિથ્યાદષ્ટિ જીવનું જ ગ્રહણ થઈ શકે, અન્ય દર્શનમાં રહેલા તાપસાદિનું ગ્રહણ ન થઈ શકે, આ પ્રમાણે પૂર્વપક્ષીનું કહેવું છે.

**ઉત્થાન :-**

અહીં કોઈ કહે છે કે આ પ્રમાણે કહેવાથી પૂર્વમાં કહેલ '**बालतपस्वीत्येके**' અને '**गीतार्थाऽनिश्रिततपश्चरणरतोऽगीतार्थ इत्यन्ये**' એ પ્રમાણે બે મતનો=બે નયદષ્ટિનો, અભેદ થઈ જશે. તેથી પૂર્વપક્ષી કહે છે-

**અવતરણિકાર્થ :-**

'**न चैवं.....निरासार्थमाह-**' - અને આ પ્રમાણે બે મતનો અભેદ નહિ થાય, કેમ કે ગીતાર્થનિશ્રિત દ્રવ્યલિંગીરૂપ અને ગીતાર્થ એવા દ્રવ્યલિંગીરૂપ બાલતપસ્વીનો સંભવ છે. એથી ગીતાર્થ દ્રવ્યલિંગી અને ગીતાર્થનિશ્રિત દ્રવ્યલિંગીને બાલતપસ્વીરૂપે દેશઆરાધક તરીકે એક મત પ્રમાણે ગ્રહણ થશે, ને બીજા મત પ્રમાણે ગીતાર્થને છોડીને ગયેલ તપ-ચારિત્રમાં રત એવા અગીતાર્થને દેશઆરાધક તરીકે ગ્રહણ થશે, એ પ્રમાણે પૂર્વપક્ષી કહે છે. તેના મતનું નિરાકરણ કરવા ગ્રંથકારશ્રી કહે છે-

**શ્લોકાર્થ :-**

**અહીં=પ્રકૃત ચતુર્ભંગીમાં, દ્રવ્યાજ્ઞાના આરાધનથી દેશઆરાધક ઇચ્છાય છે, અને અહીં=દેશઆરાધકમાં, કેવલ=ફક્ત, સાધુની સામાચારી તંત્ર નથી.॥૨॥**

**ટીકા :-**

द्रव्याज्ञेति । अत्र=प्रकृतचतुर्भङ्ग्यां द्रव्या( ज्ञा )राधनाद् देशाराधक इष्यते। द्रव्यपदं चात्र भावकारणार्थकं द्रष्टव्यं न त्वप्रधानार्थकम्, फलोपधायकसमुदायनिष्पादकावयवस्यैव देशपदार्थत्वाद् अप्रधानसहस्रस्य समुदायाऽनिष्पादकत्वात्। व्यवहाराभासेनाप्रधानद्रव्यक्रियाया मार्गदेशत्वाभिमानेऽपि शीलश्रुतान्यतरश्रेयस्त्वप्रश्नोत्तरावसरे तदुपादानस्याऽन्याय्यत्वात्।

---

**ટીકાર્થ :-**

**'अत्र.....अप्रधानार्थकम्,'** - અહીં=પ્રકૃત ચતુર્ભંગીમાં દ્રવ્યાજ્ઞાના આરાધનથી દેશઆરાધક ઈચ્છાય છે અને અહીં=દ્રવ્યાજ્ઞામાં, ભાવનું કારણ બને તે દ્રવ્યપદ જાણવું પરંતુ અપ્રધાનાર્થક દ્રવ્યપદ ન જાણવું. તેમાં યુક્તિ બતાવે છે-

**'फलोपधायक.....अन्याय्यत्वात्।'** - ફલોપધાયકસમુદાયનિષ્પાદક અવયવનું જ દેશપદાર્થપણું હોવાથી અપ્રધાનસહસ્રનું સમુદાયઅનિષ્પાદકપણું છે. વ્યવહારાભાસનય વડે અપ્રધાનદ્રવ્યક્રિયાના માર્ગદેશપણાના અભિમાનમાં પણ શીલ-શ્રુત અન્યતરના કલ્યાણપણાના પ્રશ્નોત્તરના અવસરે તેના ઉપાદાનનું= અપ્રધાનદ્રવ્યક્રિયાના ઉપાદાનનું, અન્યાયપણું છે.

**વિવેચન :-**

અહીં દ્રવ્યાજ્ઞાના આરાધનથી દેશઆરાધકપણું કહ્યું ત્યાં દ્રવ્યાજ્ઞામાં 'દ્રવ્ય'પદ ભાવના કારણભૂત ગ્રહણ કરેલ છે, પરંતુ અપ્રધાનાર્થક 'દ્રવ્ય'પદ ગ્રહણ કરેલ નથી. તેમાં યુક્તિ બતાવતાં કહે છે-

ફલોપધાયકસમુદાયનિષ્પાદક (ફળ પેદા કરનાર એવા સમુદાયનો નિષ્પાદક) અવયવનું જ દેશપદાર્થપણું છે, અર્થાત્ જે સમુદાય ભેગો થાય અને તેનાથી અવશ્ય ફળ પેદા થાય તેવા સમુદાયના એક અવયવને જ દેશરૂપ કહી શકાય. જેમ - તલના સમુદાયને ભેગો કરીને તેમાંથી તેલ કાઢવામાં આવે તો તેલરૂપ કાર્યની પ્રાપ્તિ થાય, તે તલના સમુદાયના અવયવરૂપ એક તલ હોય તો તે તલનો દેશ કહેવાય; પરંતુ રેતીનો સમુદાય કે રેતીનો કણ એ તેલની પ્રાપ્તિરૂપ કાર્ય પ્રત્યે અવયવ નથી. કેમ કે ગમે તેટલા રેતીના કણિયા ભેગા કરવામાં આવે તો પણ તેલની પ્રાપ્તિરૂપ કાર્ય થઈ શકે નહિ. તેથી

એ પ્રાપ્ત થાય છે કે ફળની પ્રાપ્તિના કારણભૂત એવો જે સમુદાય, તે સમુદાયનો નિષ્પાદક અવયવ તે દેશ કહી શકાય; જેમ - તેલની પ્રાપ્તિરૂપ કાર્ય પ્રત્યે તલનો એક કણ=એક દાણો, દેશ કહી શકાય પણ રેતીનો કણ નહિ. તેથી જ કહે છે કે અપ્રધાનસહસ્રનું સમુદાયઅનિષ્પાદકપણું છે.

પ્રસ્તુતમાં તેનું યોજન આ રીતે- સૂક્ષ્મબોધ વગરના જીવો સાધુસામાચારી પાળતા હોય કે શ્રાવકના આચારો પાળતા હોય, કે અન્યદર્શનમાં રહેલા જીવો દયા-દાનાદિ તેમનાં ધર્માનુષ્ઠાનો કરતા હોય, તેવા જીવો જો અનિવર્તનીય એવા અસદ્ગ્રહ વગરના હોય તો તેઓના આચારો ભાવાજ્ઞાનું કારણ બને છે. તેથી તેઓની તે આચરણા દ્રવ્યાજ્ઞારૂપ કહી શકાય, અને તેથી તેઓ દેશઆરાધકમાં ગ્રહણ થઈ શકે. પરંતુ અનિવર્તનીય એવા અસદ્ગ્રહવાળા જીવો સાધુસામાચારી પાળતા હોય કે શ્રાવકના આચારો પાળતા હોય કે અન્યદર્શનનાં ધર્માનુષ્ઠાનો કરતા હોય તો પણ તેઓની તે આચરણા સમ્યક્ત્વનું કારણ બનતી નથી. તેથી તે આચરણાઓ ભાવાજ્ઞાનું કારણ નથી, અને તેથી તેવી સાધુસામાચારીનું પાલન કે શ્રાવકાચારોનું પાલન કે અન્યદર્શનનાં ધર્માનુષ્ઠાનોનું સેવન અપ્રધાનદ્રવ્યક્રિયા છે. તેથી અંગારમર્દકાચાર્ય, વિનયરત્ન આદિના સાધ્વાચારનું પાલન અપ્રધાનદ્રવ્યક્રિયા છે અને તેવી આચરણા કરનાર જીવો દેશઆરાધક નથી.

અહીં પ્રશ્ન થાય કે મોક્ષમાર્ગ એ રત્નત્રયીરૂપ છે અને અસદ્ગ્રહવાળા એવા જમાલિ આદિ પણ રત્નત્રયીના અંગરૂપ સાધુસામાચારી પાળે છે, તો તેમની ક્રિયાને ગ્રહણ કરીને તેમને દેશઆરાધક કેમ કહી ન શકાય? તેથી કહે છે-

વ્યવહારાભાસનયથી=આભાસિક વ્યવહારનયથી, અપ્રધાનદ્રવ્યક્રિયામાં માર્ગના દેશનું અભિમાન હોવા છતાં પણ, શ્રુત અને શીલ એ બેમાં કલ્યાણકારી કોણ છે? એ પ્રશ્નના ઉત્તરરૂપે જ્યારે આ ચતુર્ભંગી કરવામાં આવી છે ત્યારે, મોક્ષના કારણભૂત એવી આરાધનાનું ગ્રહણ કરવું ઉચિત છે, પરંતુ મોક્ષનું કારણ ન બનતી હોય એવી અપ્રધાનદ્રવ્યક્રિયાના ગ્રહણનું અન્યાયપણું છે.

**વિશેષાર્થ :-**

મોક્ષમાર્ગની દેશથી પણ કોણ આરાધના કરે છે? એવી જ્યારે જિજ્ઞાસા વર્તતી હોય ત્યારે અપ્રજ્ઞાપનીય અસદ્ગ્રહવાળા જીવો ભાવમાર્ગથી અત્યંત વિમુખ છે, અને

**ટીકા :-**

**साधूनां सामाचारी त्वत्र प्रकृतदेशाराधकत्वे केवलं न तन्त्रं, श्रावकाणाम-नाराधकत्वप्रसङ्गात्।**

---

તેવા જીવોની આચરણાઓ આભાસિક વ્યવહારનયથી માર્ગના દેશરૂપે દેખાવા છતાં, પરમાર્થથી મોક્ષમાર્ગના દેશરૂપ નથી; તેથી તેઓની ક્રિયાને ગ્રહણ કરીને તેઓને દેશઆરાધક કહેવા એ ઉચિત નથી.

**ટીકાર્થ :-**

'**साधूनां.....अनाराधकत्वप्रसङ्गात्**' - વળી અહીં=પ્રકૃત દેશઆરાધકપણામાં, ફક્ત સાધુની સામાચારી તંત્ર નથી, કેમ કે શ્રાવકોના અનારાધકપણાનો પ્રસંગ આવશે.

**વિવેચન :-**

શ્લોક-૨ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ એ સ્થાપન કરેલ કે બાલતપસ્વી પદથી જૈન સાધ્વાચારને પાળનારા એવા મિથ્યાદૃષ્ટિઓને દેશઆરાધક તરીકે ગ્રહણ કરવા છે. તેનું નિરાકરણ કરતાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ કહે છે- પ્રકૃત દેશઆરાધકપણામાં ફક્ત સાધુસામાચારી નિયામક નથી, કેમ કે તેમ માનીએ તો શ્રાવકોને અનારાધક કહેવાનો પ્રસંગ આવશે.

આનાથી એ ફલિત થયું કે, પૂર્વપક્ષીને સાધુસામાચારીપરાયણ જીવો દેશઆરાધક છે એ પ્રમાણે સ્થાપન કરીને, અન્યદર્શનમાં રહેલા જીવોને દેશઆરાધક તરીકે સ્વીકારવા નથી; જ્યારે શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજનું એ કહેવું છે કે સાધુસામાચારી પાળતો હોય કે શ્રાવકાચાર પાળતો હોય છતાં દેશઆરાધક હોઈ શકે કે ન પણ હોઈ શકે, અને અન્યદર્શનનાં ધર્માનુષ્ઠાનોનું સેવન કરતો હોય છતાં દેશઆરાધક હોઈ પણ શકે; તેથી સાધુસામાચારી પાળતો મિથ્યાદૃષ્ટિ જ દેશઆરાધક હોય એમ કહેવું ઉચિત નથી. છતાં સાધુસામાચારી પાળનાર મિથ્યાદૃષ્ટિને જ દેશઆરાધક સ્વીકારવામાં આવે તો શ્રાવકો સાધુસામાચારીનું પાલન નહિ કરતા હોવાને કારણે તેમને અનારાધક માનવાનો પ્રસંગ આવે.

**ટીકા :-**

**ननु तेषामाराधकत्वेऽपि सर्वाराधकत्वं स्यादिति चेत्? स्यादेव श्रुतशील-देशापेक्षया, शीलरूपदेशप्रभेदापेक्षया तु न स्यादिति किं नश्छिद्यते?**

---

**ટીકાર્થ :-**

'**ननु.....नश्छिद्यते?**' - અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે તેઓનું= શ્રાવકોનું, આરાધકપણું માને છતે પણ સર્વઆરાધકપણાનો પ્રસંગ આવશે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે, શ્રુત-શીલરૂપ દેશની અપેક્ષાએ સર્વઆરાધકપણું થાય જ, પરંતુ શીલરૂપ દેશના (સર્વવિરતિરૂપ) પ્રભેદની અપેક્ષાએ (સર્વઆરાધકપણું) નહિ થાય, એથી કરીને અમને કોઈ આપત્તિ નથી.

**વિવેચન :-**

અહીં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે કે, આરાધક-વિરાધકપણાના સ્વીકારમાં ફક્ત સાધુસામાચારીને તંત્રરૂપે સ્વીકારવામાં ન આવે તો શ્રાવકોને પણ સર્વઆરાધક માનવાનો પ્રસંગ આવશે. કેમ કે શ્રાવકો સમ્યગ્દૃષ્ટિ છે તેથી તેમનામાં શ્રુત છે અને દેશવિરતિનું પાલન કરે છે તેથી તેમનામાં શીલ પણ છે, માટે શ્રુત અને શીલરૂપ બંને દેશના તેઓ આરાધક છે, માટે તેમને સર્વઆરાધક માનવાનો પ્રસંગ આવશે. તેના જવાબરૂપે શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ કહે છે- શ્રુત અને શીલરૂપ દેશની અપેક્ષાએ શ્રાવકોને સર્વઆરાધક માનવામાં કોઈ દોષ નથી, કેમ કે તેઓમાં સમ્યક્ શ્રુત છે અને દેશવિરતિરૂપ સમ્યક્ શીલ પણ છે. તેથી તે અપેક્ષાએ તેઓ સર્વઆરાધક છે.

અહીં પ્રશ્ન થાય કે શ્રાવકોમાં દેશથી જ વિરતિ છે તેથી અવિરતિ પણ છે, માટે તેમને સર્વઆરાધક કહેવા કઈ રીતે ઉચિત ગણાય? તેથી કહે છે- શીલરૂપ દેશના પ્રભેદની=પેટાભેદની, અપેક્ષાએ શ્રાવકો સર્વઆરાધક નથી અર્થાત્ શ્રુત અને શીલમાં શીલરૂપ જે દેશ છે તેના ભેદમાં સર્વવિરતિરૂપ જે દેશ છે તે અપેક્ષાએ તેઓ આરાધક નથી, માટે શીલના સર્વવિરતિરૂપ પ્રભેદની અપેક્ષાએ તેઓ સર્વઆરાધક નથી, પરંતુ દેશવિરાધક છે એમ અમે માનીએ છીએ, માટે કોઈ દોષ નથી.

**ટીકા :-**

**ननु जिनोक्तानुष्ठानस्य देशाराधकतायां तन्त्रत्वे प्रणिगद्यमाने को दोषः इति चेत्? न कोऽपि दोषः, केवलं द्रव्यलिंगवतामेव तथात्वमिति वृथा कदाग्रहः, मित्रादिदृष्टिमतामवेद्यसंवेद्यपदस्थानामप्यपुनर्बन्धकाद्युचिततत्तन्त्रोक्तक्रिया-कारिणां विनिवृत्तकुतर्कग्रहाणां मार्गानुसारिणामध्यात्मभावनारूपस्य व्यवहार-तस्तात्त्विकस्य कुलयोग्याद्युचितानुष्ठानस्य-**

चित्रा तु देशनैतेषां स्याद् विनेयानुगुण्यतः ।
यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ॥१३४॥

**इत्यादिना ग्रन्थेन योगदृष्टिसमुच्चयादौ तत्त्वतो जिनोक्तत्वस्य सुप्रसिद्धत्वाद्, इति हरिभद्रग्रन्थाऽपरिचयविलसितमेतद् यद् भवाभिनन्दिनां ख्यातिलाभाद्यर्थिनां गृहीतद्रव्यलिङ्गानां सकृदावर्त्तनादिदूरतरभूमिभाजां देशाराधकत्वमनभिमतमङ्गी-क्रियते, अतादृशां चाऽपुनर्बन्धकादीनां मित्रादिदृष्टिमतामभिमतं तन्नाङ्गीक्रियत इति।**

---

**ટીકાર્થ :-**

**'ननु.....इति चेत्?'** - પૂર્વપક્ષી કહે છે કે દેશઆરાધકપણામાં જિનોક્ત અનુષ્ઠાનનું તંત્રપણું કહેવામાં શું દોષ છે? અર્થાત્ જિનોક્ત અનુષ્ઠાનને નિયામક સ્વીકારવામાં શું દોષ છે?

**'न कोऽपि दोष.....तन्नाङ्गीक्रियत इति।'** - તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે કોઈ દોષ નથી; ફક્ત દ્રવ્યલિંગવાળાને જ તથાપણું=દેશઆરાધકપણું છે, એ પ્રકારે ખોટો કદાગ્રહ છે. કેમ કે મિત્રાદિદષ્ટિવાળા, અવેદ્યસંવેદ્યપદમાં રહેલા પણ અપુનર્બંધકાદિને ઉચિત તે તે તંત્રમાં=દર્શનમાં, કહેલી ક્રિયાને કરનારા, જેમનો કુતર્ક=કદાગ્રહ, નિવર્તન પામ્યો છે એવા માર્ગાનુસારી જીવોના, અધ્યાત્મ-ભાવનારૂપ વ્યવહારથી= વ્યવહારનયથી, તાત્ત્વિક, કુલયોગીઆદિને ઉચિત અનુષ્ઠાનનું, "એઓની=તે તે દર્શનના આદ્ય સ્થાપકોની, દેશના શિષ્યોને અનુસરીને ચિત્ર=જુદા જુદા પ્રકારની, હોય છે, જે કારણથી આ મહાત્માઓ સંસારરૂપ વ્યાધિ માટે શ્રેષ્ઠ વૈદ્ય સમાન છે." ઈત્યાદિ ગ્રંથ વડે યોગદષ્ટિસમુચ્ચયાદિ ગ્રંથોમાં તત્ત્વથી જિનોક્તપણાનું સુપ્રસિદ્ધપણું છે; એથી કરીને પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથના અપરિચયનો આ વિલાસ છે

(જૈન સાધુની સામાચારી પાળનારને દેશઆરાધક સ્વીકારી શકાય અને અન્યને ન સ્વીકારી શકાય. એ જ વાતને સ્પષ્ટ કરતાં '**यद्**' થી કહે છે-) કે ભવાભિનંદી, ખ્યાતિલાભાદિના અર્થી, ગૃહીતદ્રવ્યલિંગવાળા, એક આવર્તનાદિ દૂરતર ભૂમિમાં રહેલા=ચરમાવર્ત બહાર રહેલા, એવા જીવોને દેશઆરાધકપણું અનભિમત હોવા છતાં (જેઓ) સ્વીકાર કરે છે, અને જે તેવા નથી એવા મિત્રાદિદષ્ટિવાળા અપુનર્બંધકાદિને અભિમત તે=દેશઆરાધકપણું, સ્વીકાર કરતા નથી. (જે તેઓનો પૂજ્ય હરિભદ્રસૂરિ મહારાજના ગ્રંથના અપરિચયનો વિલાસ છે.)

**વિવેચન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે દ્રવ્યાજ્ઞાના આરાધનથી દેશઆરાધક છે, ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે જિનોક્ત અનુષ્ઠાનને દેશઆરાધકમાં નિયામક સ્વીકારવામાં શું દોષ છે?

પૂર્વપક્ષીનો આશય એ છે કે ભગવાને કહેલા અનુષ્ઠાનની આચરણા કરનારા દેશઆરાધક હોઈ શકે, અન્યદર્શનના અનુષ્ઠાનની આચરણા કરનારા દેશઆરાધક હોઈ ન શકે તેમ માનો તો શું દોષ છે?

તેનો ઉત્તર આપતાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજા કહે છે કે કોઈ દોષ નથી; ફક્ત જૈનદર્શનનું દ્રવ્યલિંગ જેઓએ ગ્રહણ કરેલ છે તેઓ દેશઆરાધક છે, અન્ય નહિ, એ પ્રકારનો કદાગ્રહ ખોટો છે. કેમ કે મિત્રાદિ ચાર દષ્ટિવાળા, અવેદ્યસંવેદ્યપદમાં રહેલા પણ અપુનર્બંધકાદિને ઉચિત તે તે દર્શનમાં કહેલી ક્રિયાને કરનારા, કુતર્કની પકડ વિનાના માર્ગાનુસારી જીવોના અધ્યાત્મ-ભાવનારૂપ વ્યવહારનયથી તાત્ત્વિક કુલયોગી આદિને ઉચિત અનુષ્ઠાનને "**चित्रा तु ..........भवव्याधिभिषग्वराः**" ઈત્યાદિ ગ્રંથ વડે યોગદષ્ટિસમુચ્ચય આદિ ગ્રંથોમાં તત્ત્વથી જિનોક્ત કહેલ છે. એથી કરીને પૂજ્ય હરિભદ્રસૂરિમહારાજાના યોગદષ્ટિ ગ્રંથના અપરિચયથી આ પ્રકારનો કદાગ્રહ છે કે જૈનસાધુની સામાચારી પાળનારને દેશઆરાધક સ્વીકારી શકાય, અન્યને નહિ.

આશય એ છે કે કુતર્કરૂપ કદાગ્રહ ગયેલો હોવાને કારણે અન્યદર્શનમાં રહેલા જીવો મિત્રાદિ ચાર દષ્ટિ સુધી યોગની ભૂમિકાને પામે છે તે વખતે, પૂરેપૂરો વિવેક નહિ હોવાને કારણે મંદકક્ષાનું મિથ્યાત્વ તેઓને હોય છે, તેથી તેઓ અવેદ્યસંવેદ્યપદમાં છે તો પણ, તેઓની અન્યદર્શનની ક્રિયા અપુનર્બંધકાદિ ભૂમિકાને ઉચિત છે, અને તે ક્રિયાઓ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગને સન્મુખભાવવાળી છે, તેથી દ્રવ્યથી માર્ગાનુસારીક્રિયા છે. અને તેવી ક્રિયા કરનારાઓ વ્યવહારનયથી તાત્ત્વિક અધ્યાત્મ- ભાવનારૂપ ક્રિયા કરનારા છે, અને તેઓની તે ક્રિયાઓ કુલયોગી આદિને ઉચિત અનુષ્ઠાનરૂપ છે. અને

તેથી વ્યવહારનયથી તે ક્રિયાઓ અન્યદર્શનની હોવા છતાં તત્ત્વથી જિનોક્ત છે; એ પ્રકારે યોગદૃષ્ટિ ગ્રંથના કથનથી સિદ્ધ થાય છે.

આનાથી એ ફલિત થયું કે કદાગ્રહ વગરના અન્યદર્શનની ક્રિયા કરનારા પણ વાસ્તવિક રીતે જિનોક્ત અનુષ્ઠાન કરી રહેલા છે, માટે તેઓને દેશઆરાધક સ્વીકારવામાં કોઈ દોષ નથી; પરંતુ જૈન સાધુસામાચારી પાળનારને દેશઆરાધક માનવા અને અન્યદર્શનની ક્રિયા કરનારને દેશઆરાધક ન માનવા એ જ કદાગ્રહ છે.

અહીં યોગદૃષ્ટિસમુચ્ચય શ્લોક ૧૩૪માં "**चित्रा तु..... भवव्याधिभिषग्वरा:**" એમ કહ્યું છે, તેનો ભાવ એ છે કે, ચોથી દૃષ્ટિવાળા જીવો અસદ્ગ્રહ વગરના હોય છે અને સૂક્ષ્મબોધ પામવાની અતિ નજીકની ભૂમિકામાં હોઈ તેવા જીવો કપિલાદિની નિત્યદેશના કે બૌદ્ધાદિની અનિત્યદેશના જોઈને વિચારે છે કે "આ બધા મહાત્માઓ અર્થાત્ કપિલ, બૌદ્ધાદિ તે તે દર્શનના આદ્યપ્રણેતાઓ સર્વજ્ઞ છે, તેથી તત્ત્વને જાણનારા હોય છે. આમ છતાં કપિલ પદાર્થને નિત્ય કહે છે અને બુદ્ધ પદાર્થને અનિત્ય કહે છે, તે કઈ રીતે સંગત થાય?" તેથી ચોથી દૃષ્ટિવાળા જીવો વિચારે છે કે, સર્વજ્ઞ પૂર્ણ પદાર્થને જાણનારા હોય, માટે જો તેઓ સર્વજ્ઞ હોય તો પદાર્થને નિત્ય- અનિત્ય ઉભયરૂપ અવશ્ય જાણે. આમ છતાં, તેવા તેવા પ્રકારના જીવોને અનુરૂપ તે તે મહાત્માઓએ તેવી તેવી દેશના આપી છે, કેમ કે કપિલાદિ મહાત્માઓ ભવરૂપી વ્યાધિને મટાડવા માટે સુવૈદ્ય જેવા છે. સુવૈદ્ય જેમ રોગીના વ્યાધિને અનુરૂપ ઔષધ આપે, તેમ, જે જીવોને 'હું અનિત્ય છું તો પછી મારે સાધના કરવાની શું જરૂર છે' તેવા પ્રકારનો ભ્રમ છે તે જીવોના તેવા ભ્રમને દૂર કરવા માટે કપિલે 'નિત્યની દેશના' આપી છે; અને જે જીવોને એવો ભ્રમ છે કે 'આ જગતમાં વર્તતા પદાર્થો બધા શાશ્વત છે', તેથી આત્મહિતને છોડીને ભૌતિક જગતમાં યત્નશીલ છે તેવા જીવોને 'તે સર્વ પદાર્થો ક્ષણિક છે' તે બતાવવા અર્થે જ બુદ્ધે 'અનિત્યની દેશના' આપી છે. આ પ્રકારના સમાલોચનથી ચોથી દૃષ્ટિવાળા જીવો સર્વદર્શનના તે તે વચનોને જોડતા હોય છે અને તે જોડીને કોઈ દર્શન પ્રત્યે કદાગ્રહ વગર સાચા તત્ત્વ પ્રત્યે પક્ષપાતવાળા હોય છે. તેવા જીવોની આ મધ્યસ્થતા સમ્યક્ત્વની પ્રાપ્તિનું અતિઆસન્ન કારણ છે. તેવા જીવો તે તે દર્શનમાં કહેલી જે યમ-નિયમાદિની ક્રિયા કરે છે તે દૂર-દૂરવર્તી પણ મોક્ષમાર્ગનું કારણ બને છે, તેથી તેઓની તે ક્રિયાને જિનોક્ત કહેલ છે. અને ચોથી દૃષ્ટિ પૂર્વની પ્રથમ ત્રણ દૃષ્ટિવાળા જીવોની ક્રિયાને પણ તે જ રીતે જિનોક્ત જાણવી.

પૂર્વમાં કહ્યું કે પૂજ્ય હરિભદ્રસૂરિમહારાજાના ગ્રંથના અપરિચયને કારણે અન્યદર્શનવાળાની ક્રિયાને પૂર્વપક્ષી દેશઆરાધકરૂપે સ્વીકારતો નથી, એ જ વાતને

સ્પષ્ટ કરતાં કહે છે-

'**भवाभिनन्दिनां**' - જે જીવો ભવાભિનંદી છે, આ લોકમાં ખ્યાતિ કે ભૌતિક પદાર્થના લાભના અર્થી છે કે પરલોકના ભૌતિક સુખના લાભના અર્થી છે, અને તે સુખ મેળવવા માટે જૈનસાધુપણું ગ્રહણ કરેલ છે, એક આવર્તથી દૂરતર ભૂમિકામાં અર્થાત્ ચરમાવર્તની બહારમાં, રહેલા છે તેવા જીવો દેશઆરાધક નથી; તો પણ તેઓ જૈન સાધ્વાચારો પાળે છે માટે દેશઆરાધક છે એમ પૂર્વપક્ષી સ્વીકારે છે. અને જેઓ ભવાભિનંદી નથી પરંતુ મિત્રાદૃષ્ટિમાં રહેલા છે તેવા અન્યદર્શનમાં રહેલા અપુનર્બંધકજીવો જૈનસાધુસામાચારી પાળતા નથી માટે તેઓ દેશઆરાધક નથી એમ પૂર્વપક્ષી કહે છે; પરંતુ વાસ્તવિક રીતે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં તેવા જીવોને દેશઆરાધક કહેલા છે. તેથી પૂર્વપક્ષીનો આ ભ્રમ છે કે યોગમાર્ગથી અતિ દૂર રહેલા એવા જૈનસાધ્વાચારને પાળનારા દેશઆરાધક છે, અને ભાવયોગમાર્ગથી અતિ આસન્ન એવા દ્રવ્યયોગમાર્ગમાં રહેલા અને અન્યદર્શનની ક્રિયા કરનારા જૈનસાધુસામાચારી પાળતા નથી માટે દેશઆરાધક નથી.

● અહીં સકૃત્ આવર્તનાદિથી '**आदि**' પદથી એ ગ્રહણ કરવું છે કે એક આવર્ત્તનથી દૂર ભૂમિકાવાળા=ચરમાવર્તથી બહાર રહેલા, દેશઆરાધક નથી પણ એક આવર્ત્તનમાં= ચરમાવર્તમાં રહેલા, એવા પણ ભાવથી યોગમાર્ગની દૂરતર ભૂમિકામાં રહેલા જમાલિ આદિ પણ દેશઆરાધક નથી. તેથી એ પ્રાપ્ત થાય કે જેઓ અનિવર્તનીય અસદ્ગ્રહવાળા છે તેવા જીવો ભાવથી યોગમાર્ગની દૂરતર ભૂમિકાવાળા છે અને તેઓ દેશઆરાધક નથી.

**વિશેષાર્થ :-**

જે જીવોને અનિવર્તનીય એવો અસદ્ગ્રહ નથી તેઓ તે દર્શનની રુચિવાળા હોવા છતાં પણ તત્ત્વના પક્ષપાતી છે. જો કે તેઓને સૂક્ષ્મબોધ પ્રગટ્યો નથી તેથી પરિપૂર્ણ યથાર્થ તત્ત્વ જાણી શકતા નથી, તો પણ તે તે દર્શનમાં વર્તતી ઉચિતપ્રવૃત્તિરૂપ જે જે યમ-નિયમાદિની ક્રિયાઓ તેઓ કરે છે, તે સર્વ ક્રિયાઓ વાસ્તવિક રીતે ભગવાનના વચનોમાંથી જ આવેલી છે. કેમ કે ભગવાને અહિંસાદિ વ્રતો બતાવેલ છે અને તે અહિંસાદિ વ્રતોનું જ તેઓ પાલન કરે છે. તેથી તેઓની તે ક્રિયાઓ તત્ત્વથી જિનોક્ત છે, માટે તેઓ દેશઆરાધક છે એમ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

**ટીકા :-**

**न च बालतपस्विपदेन द्रव्यलिङ्गी क्वचिदपि व्यपदिश्यतेऽपीति यत्किञ्चिदेतद्। न चैवं शीलेन देशाराधकस्य सतो बालतपस्विनस्तन्मार्गत्याजनेन जैनमार्गव्यवस्थापनाऽनुपपत्तिः, उत्कृष्टक्रियासंपत्तयेऽपकृष्टक्रियात्याजनेऽप्याराधकतमत्वस्य लोकशास्त्रसिद्धत्वात्, लोके क्षुद्रवाणिज्यपरित्यागेन रत्नवाणिज्यादरात्, शास्त्रे च स्थविरकल्पिकादिसामाचारीपरित्यागेन जिनकल्पादिसामाचार्यादरादिति।**

---

**ઉત્થાન :-**

પ્રસ્તુત શ્લોક- ૨ની અવતરણિકામાં પૂર્વપક્ષીએ કહેલ કે 'બાલતપસ્વી' પદથી અન્યદર્શનવાળાનું ગ્રહણ ન થઈ શકે, પરંતુ ગીતાર્થ કે ગીતાર્થનિશ્રિત એવા જિનોક્ત સાધુસામાચારીનું પાલન કરતા મિથ્યાદષ્ટિનું જ ગ્રહણ થઈ શકે, તેનું નિરાકરણ પૂર્વના કથનથી થઈ ગયું. તો પણ તે વાતને વધુ સ્પષ્ટ કરવા અર્થે ગ્રંથકારશ્રી કહે છે-

**ટીકાર્થ :-**

**'न च....यत्किञ्चिदेतद्'** - અને બાલતપસ્વી પદથી દ્રવ્યલિંગી=જૈન સાધ્વાચારો પાળતા એવા દ્રવ્યલિંગી, શાસ્ત્રમાં કયાંય પણ વ્યપદેશ કરાતા પણ નથી. એથી આ=બાલતપસ્વી પદથી અન્યદર્શનવાળા ગ્રહણ ન થાય અને દ્રવ્યલિંગી જ ગ્રહણ થાય એ, યત્કિંચિત્= અર્થ વગરનું છે .

**'न चैवं.....सामाचार्यादरादिति।'** - અને એ પ્રમાણે=અન્યદર્શનમાં રહેલા પણ જીવો દેશઆરાધક છે એ પ્રમાણે, શીલ વડે દેશઆરાધક હોતે છતે બાલતપસ્વીઓને તે માર્ગનો ત્યાગ કરાવવા દ્વારા જૈનમાર્ગની વ્યવસ્થાપનાની અનુપપત્તિ થશે એમ ન કહેવું, કેમ કે ઉત્કૃષ્ટ ક્રિયાની સંપત્તિ માટે અપકૃષ્ટ ક્રિયાનો ત્યાગ કરાવવામાં પણ આરાધકતમપણાનું=શ્રેષ્ઠ આરાધકપણાનું લોક અને શાસ્ત્રમાં સિદ્ધપણું છે. કેમ કે લોકમાં ક્ષુદ્રવાણિજ્યના= ક્ષુદ્રવ્યાપારના, પરિત્યાગથી રત્નવાણિજ્યનો=રત્નના વ્યાપારનો આદર છે, અને શાસ્ત્રમાં સ્થવિરકલ્પિકાદિ સામાચારીના પરિત્યાગથી જિનકલ્પાદિ સામાચારીનો આદર છે.

**વિવેચન :-**

પૂર્વપક્ષીને 'બાલતપસ્વી' પદથી જૈનસાધુના આચારનું પાલન કરતા દ્રવ્યલિંગીનું

**ટીકા :-**

**ननु यद्यपुंनर्बन्धकादयोऽपि मार्गानुसारिक्रियारूपशीलेनान्यलिङ्गस्था अपि देशाराधका इष्यन्ते तदाऽविरतसम्यग्दृष्टिरपि देशाराधकः सुतरां स्यात्, तस्यापि मार्गानुसारिक्रियायाः शुश्रूषादिरूपाया योगबिन्दुप्रसिद्धत्वादिति चेत्? सत्यम्, स्थूलबोधवतां मित्रादिदृष्टिभाजां स्वोचितस्थूलक्रियाया शीलवत्त्वेऽप्यविरत-सम्यग्दृशः सूक्ष्मबोधवतः स्वोचितलोकोत्तरसूक्ष्मशीलाभावाद्, अन्यथा देश-विरत्यादिगुणस्थानावाप्त्याऽविरतत्वव्याघातात्, शुश्रूषादिक्रियायाश्च श्रुताङ्गतया**

---

ગ્રહણ ઈષ્ટ છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે 'બાલતપસ્વી' પદથી દ્રવ્યલિંગીનો શાસ્ત્રમાં કયાંય પણ ઉલ્લેખ કર્યો નથી, તેથી બાલતપસ્વી પદથી અન્યદર્શનવાળા અપુનર્બંધક જીવોનું ગ્રહણ ન થાય અને દ્રવ્યલિંગી જ ગ્રહણ થાય એ કથન અર્થ વગરનું છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે શીલ વડે દેશઆરાધકપણું માનો છો, તો બાલતપસ્વીઓને તે માર્ગ છોડાવીને જૈનમાર્ગમાં જોડો છો તે વ્યવસ્થાપના સંગત નહિ થાય. તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે, એમ ન કહેવું, કેમ કે ઉત્કૃષ્ટ ક્રિયાની પ્રાપ્તિ માટે અપકૃષ્ટ ક્રિયાનો ત્યાગ કરાવવામાં પણ શ્રેષ્ઠ આરાધકપણું લોકમાં અને શાસ્ત્રમાં પ્રસિદ્ધ છે. તે આ રીતે- ક્ષુદ્રવ્યાપારનો ત્યાગ રત્નના વેપાર માટે લોકમાં જોવા મળે છે, અને શાસ્ત્રમાં પણ સ્થવિરકલ્પની સામાચારીનો ત્યાગ કરી જિનકલ્પની સામાચારીનો સ્વીકાર કરવારૂપ આદર જોવા મળે છે. માટે અન્યદર્શનમાં રહેલા જીવોને જૈનમાર્ગમાં જોડવા માટે તે માર્ગનો ત્યાગ કરાવવો અસંગત નથી.

**ટીકાર્થ :-**

**'ननु.....शीलाभावाद्'** - પૂર્વપક્ષી શંકા કરતાં આ પ્રમાણે કહે છે કે, જો અપુનર્બંધકાદિ જીવો પણ માર્ગાનુસારીક્રિયારૂપ શીલ દ્વારા અન્યલિંગમાં રહેલા પણ દેશઆરાધક ઈચ્છો છો, તો અવિરતસમ્યગ્દષ્ટિ પણ નક્કી દેશઆરાધક થશે. કેમ કે તેમની પણ= અવિરતસમ્યગ્દષ્ટિની પણ, શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાનું યોગબિંદુ ગ્રંથમાં પ્રસિદ્ધપણું છે. તેનો અર્ધસ્વીકાર કરતાં **'सत्यम्'** થી ગ્રંથકાર કહે છે કે પૂર્વપક્ષીની વાત સાચી છે, અર્થાત્ માર્ગાનુસારીક્રિયારૂપ શીલ વડે જેમ અપુનર્બંધકાદિ દેશઆરાધક છે, તેમ માર્ગાનુસારીક્રિયારૂપ શુશ્રૂષાદિરૂપ શીલ વડે અવિરતસમ્યગ્દષ્ટિને પણ શીલરૂપ દેશનો આરાધક માનવો પડે. પરંતુ સ્થૂલબોધવાળા મિત્રાદિદષ્ટિમાં રહેલા જીવોને

**तत्त्वतः श्रुतान्तर्भावेन शीलत्वेनाऽविवक्षणादकरणनियमोपकारिपापनिवृत्तेः शीलार्थत्वात्।**

---

સ્વઉચિત સ્થૂલક્રિયાનું શીલવાનપણું હોવા છતાં પણ સૂક્ષ્મબોધવાળા અવિરતસમ્યગ્દષ્ટિ જીવોને સ્વઉચિત લોકોત્તર સૂક્ષ્મ શીલનો અભાવ છે.

**'अन्यथा देश.....व्याघातात्'** - અન્યથા=અવિરતસમ્યગ્દષ્ટિને શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાને કારણે શીલવાળા સ્વીકારવામાં આવે તો તેમને પણ દેશવિરતિ આદિ ગુણસ્થાનક સ્વીકારની પ્રાપ્તિ થવાને કારણે અવિરતપણાનો વ્યાઘાત થશે. તેથી લોકોત્તર સૂક્ષ્મશીલની અપેક્ષાએ તેમનામાં શીલનો અભાવ માનવો ઉચિત છે. તેથી અવિરતસમ્યગ્દષ્ટિને શીલરૂપ દેશનો આરાધક માનવાની આપત્તિ નહીં આવે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે જેમ સમ્યગ્દષ્ટિમાં દેશવિરતિના અભાવની અપેક્ષાએ શીલનો અભાવ કહીને દેશવિરાધક તમે કહો છો તેમ શુશ્રૂષાદિ ક્રિયારૂપ શીલને આશ્રયીને દેશઆરાધક પણ કહી શકાશે. તેથી કહે છે-

**ટીકાર્થ :-**

**'शुश्रूषादि.....शीलार्थत्वात्।'** - શુશ્રૂષાદિ ક્રિયાનું શ્રુતાંગપણું હોવાથી અર્થાત્ શુશ્રૂષાદિ ક્રિયા શ્રુતનું અંગ હોવાથી તત્ત્વથી (તેનો) શ્રુતમાં અંતર્ભાવ થવાને કારણે શીલપણારૂપે તેની વિવક્ષા કરી નથી, પરંતુ અકરણનિયમમાં ઉપકારી એવા પાપની નિવૃત્તિનું શીલાર્થપણું છે, અર્થાત્ પાપની નિવૃત્તિને શીલરૂપે સ્વીકારેલ છે. તેથી સમ્યગ્દષ્ટિને દેશવિરાધક કહેલ છે અને અન્યદર્શનવાળા યમ-નિયમના પાળનારાઓને પણ દેશઆરાધક કહેલ છે.

- **'देशविरत्यादिगुणस्थानावाप्त्या'** અહીં 'આદિ' પદથી સર્વવિરતિ ગુણસ્થાનકનું ગ્રહણ કરવું.

- **'शुश्रूषादिक्रियायाश्च'** અહીં 'આદિ' પદથી સંવિજ્ઞપાક્ષિકની સાધ્વાચારની ક્રિયા ગ્રહણ કરવી.

**વિવેચન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું એ રીતે બાહ્ય આચારથી અન્યદર્શનની ક્રિયા કરનારાઓ પણ દેશઆરાધક છે ત્યાં પૂર્વપક્ષી શંકા કરે છે કે, આ રીતે અપુનર્બંધકાદિ જીવો પણ માર્ગાનુસારીક્રિયારૂપ શીલ દ્વારા અન્યલિંગમાં રહેલા હોવા છતાં પણ દેશઆરાધક તરીકે ઈચ્છો છો, તો અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ નક્કી દેશઆરાધક થશે. કેમ કે શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયા અવિરતસમ્યગ્દૃષ્ટિમાં છે, એ પ્રમાણે યોગબિંદુમાં પ્રસિદ્ધ છે. તેનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે-

તારી વાત સાચી છે, શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશઆરાધક સ્વીકારવામાં કોઈ વાંધો નથી, પરંતુ વિશિષ્ટ વિવક્ષા કરીને તેઓ શીલરૂપ દેશની આરાધના કરતા નથી એ બતાવવા માટે તેઓને દેશવિરાધક કહેલ છે. અને તે જ બતાવે છે- સ્થૂલબોધવાળા મિત્રાદિ દૃષ્ટિમાં રહેલા જીવો સ્વઉચિત સ્થૂલક્રિયામાં યત્ન કરે છે તેને કારણે તેઓ શીલવાળા છે; જ્યારે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો સૂક્ષ્મબોધવાળા છે પરંતુ તે સૂક્ષ્મબોધને અનુકૂળ એવું લોકોત્તર સૂક્ષ્મ શીલ તેઓને નથી. તેથી સ્વોચિત લોકોત્તર શીલની વિવક્ષા કરીને શીલરૂપ દેશની અપેક્ષાએ તેઓને દેશવિરાધક કહેલ છે. અને આવું ન માનીએ તો, અર્થાત્ સ્થૂલબોધવાળા મિત્રાદિ દૃષ્ટિવાળા જીવોને સ્વબોધને ઉચિત સ્થૂલક્રિયાને કારણે શીલવાળા સ્વીકાર્યા, તેમ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોને શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાને કારણે શીલવાળા સ્વીકારવામાં આવે તો, અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ દેશવિરતિ આદિ ગુણસ્થાનકની પ્રાપ્તિ થવાને કારણે અવિરતસમ્યગ્દૃષ્ટિમાં રહેલ અવિરતપણાનો વ્યાઘાત થશે, અર્થાત્ અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ દેશવિરતિ કે સર્વવિરતિ ગુણસ્થાનક સ્વીકારવાની આપત્તિ આવશે. તે આ રીતે-જેઓ સંવિજ્ઞપાક્ષિક છે તેઓ સાધ્વાચારની ક્રિયાઓ કરે છે તો પણ સૂક્ષ્મબોધને અનુરૂપ તેઓની સાધ્વાચારની ક્રિયા નથી, તેથી તેઓ સાધુવેશમાં હોવા છતાં અવિરતસમ્યગ્દૃષ્ટિરૂપ ચોથાગુણસ્થાનકમાં છે. પરંતુ સ્થૂલથી માર્ગાનુસારીક્રિયા તેઓ કરે છે તે અપેક્ષાએ તેઓને શીલવાળા કહીએ તો સર્વવિરતિરૂપ શીલ તેઓને સ્વીકારવાની આપત્તિ આવશે. વળી જેમણે દેશવિરતિ ગ્રહણ કરેલ નથી અને અવિરતસમ્યગ્દૃષ્ટિ છે તેઓ શાસ્ત્રશ્રવણાદિ ક્રિયા કરે છે તે અપેક્ષાએ તેઓને શીલવાળા કહીએ તો દેશવિરતિરૂપ શીલ તેઓને સ્વીકારવાની આપત્તિ આવશે.

અહીં પ્રશ્ન થાય કે શુશ્રૂષાદિ ક્રિયાઓ માર્ગાનુસારી છે છતાં અવિરતસમ્યગ્દૃષ્ટિની તે ક્રિયાઓને શીલરૂપે ગ્રહણ ન કરો તો તેઓને શુશ્રૂષાદિ ક્રિયાની વિવક્ષા કઈ રીતે થઈ શકે? તેથી કહે છે- અવિરતસમ્યગ્દૃષ્ટિની શુશ્રૂષાદિ ક્રિયાઓ શ્રુતનું અંગ છે,

અર્થાત્ સમ્યગ્દૃષ્ટિમાં વર્તતા શ્રુતજ્ઞાનની વૃદ્ધિનું કારણ છે; તેથી તત્ત્વથી તેમની શુશ્રૂષાદિ ક્રિયાઓનો શ્રુતમાં જ અંતર્ભાવ કરેલ છે. માટે શ્રુતરૂપ અંશને આશ્રયીને અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો આરાધક હોવાથી શ્રુતથી અન્ય શીલરૂપ અંશને આશ્રયીને જ તેઓને દેશવિરાધક કહેલ છે, અને તે શુશ્રૂષાદિ ક્રિયાનો શ્રુતમાં અંતર્ભાવ કરીને શીલ તરીકે શુશ્રૂષાદિની વિવક્ષા કરેલ નથી; પરંતુ પાપના અકરણનિયમમાં ઉપકારી એવા પાપની નિવૃત્તિને શીલરૂપે સ્વીકારેલ છે. અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ જીવો અહિંસાદિ વ્રતો દેશથી કે સર્વથી પાળતા હોય તો તે પાપની નિવૃત્તિરૂપ છે અને તેને આશ્રયીને જ તેઓને શીલના આરાધક સ્વીકારેલ છે. તેથી જ જે સમ્યગ્દૃષ્ટિ જીવો દેશવિરતિવાળા કે સર્વવિરતિવાળા છે તેઓને શીલરૂપ દેશને આશ્રયીને સર્વઆરાધક કહ્યા છે, અને જે સમ્યગ્દૃષ્ટિ જીવો દેશથી કે સર્વથી અહિંસાદિ વ્રતોને પાળતા નથી તેઓને શીલરૂપ દેશની અપેક્ષાએ દેશવિરાધક કહેલ છે.

**વિશેષાર્થ :-**

અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને ચારિત્રમોહનીયની પ્રકૃતિરૂપ અનંતાનુબંધીના ક્ષયોપશમથી શુશ્રૂષાદિરૂપ માર્ગાનુસારીક્રિયાની પ્રાપ્તિ છે, તેથી નિશ્ચયનયથી અવિરત-સમ્યગ્દૃષ્ટિ જીવને ચોથાગુણસ્થાનકે શીલ અવશ્ય છે. કેમ કે નિશ્ચયનયની જોવાની સૂક્ષ્મદૃષ્ટિ હોવાથી અનંતાનુબંધીના ક્ષયોપશમજન્ય અલ્પ પણ ચારિત્રની તે નય ચારિત્ર તરીકે વિવક્ષા કરે છે, પરંતુ વ્યવહારનય અલ્પ ચારિત્રની વિવક્ષા નહિ કરતો હોવાને કારણે તે નય દેશવિરતિ ગુણસ્થાનકથી ચારિત્રને સ્વીકારે છે અને તે ચારિત્ર અકરણનિયમના ઉપકારી એવા હિંસાદિ પાપની નિવૃત્તિરૂપ છે, શુશ્રૂષાદિરૂપ નથી.

અપુનર્બંધક જીવોને સ્થૂલ બોધ હોવાના કારણે તે બોધને ઉચિત સ્થૂલ હિંસાદિની નિવૃત્તિરૂપ યમાદિની પ્રાપ્તિ મિત્રાદિ દૃષ્ટિમાં હોય છે, જ્યારે સૂક્ષ્મબોધવાળા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને તે યમાદિની પ્રાપ્તિના વિષયમાં જેવો સૂક્ષ્મબોધ હોય છે તેને અનુરૂપ યમાદિની પ્રાપ્તિ દેશવિરતિ ગુણસ્થાનકે જ થાય છે. અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને અનંતાનુબંધીના ક્ષયોપશમથી શુશ્રૂષાદિરૂપ જે માર્ગાનુસારીક્રિયાની પ્રાપ્તિ થાય છે, તે યદ્યપિ શીલરૂપ હોવા છતાં સમ્યક્ત્વની સાથે અવિનાભાવી છે. તેથી તેને જે શ્રુતની પ્રાપ્તિ થાય છે તેને સમ્યગ્ પરિણામ પમાડવામાં તે શુશ્રૂષાદિ અંગરૂપ=કારણરૂપ છે, એટલે કે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ શુશ્રૂષાદિ ગુણને કારણે સમ્યક્શ્રુત કે મિથ્યાશ્રુતને સમ્યક્ રીતે પરિણામ પમાડી શકે છે. તેથી માર્ગાનુસારીક્રિયારૂપ શુશ્રૂષાદિનો શ્રુતનું અંગ હોવાને કારણે શ્રુતમાં અંતર્ભાવ કરીને શીલરૂપે તેની વિવક્ષા કરેલ નથી.

**ટીકા :-**

**अथ तथापि शीलवतोऽश्रुतवतो देशाराधकत्वं कथं, मित्रादिदृष्टिभाविनो द्रव्यशीलस्य तादृशद्रव्यश्रुतनान्तरीयकत्वात्? इति चेत्? न, श्रुतशब्देनात्र भावश्रुतस्यैव शीलशब्देन च मार्गानुसारिक्रियामात्रस्यैव ग्रहणात्, स्वतन्त्रपरिभाषाया अपर्यनुयोज्यत्वाद् अन्यथा द्रव्यलिङ्गवतामभव्यादीनामपि श्रुतप्राप्त्या सर्वाराधकतापत्तेः।**

---

**ટીકાર્થ :-**

**'अथ.....चेत्?'** - પૂર્વપક્ષી કહે છે કે તો પણ=ઉપરના કથન પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશઆરાધક નથી એમ સ્થાપન થાય છે તો પણ, શીલવાળા અને અશ્રુતવાળાને દેશઆરાધકપણું કેવી રીતે ઘટે? કેમ કે મિત્રાદિદૃષ્ટિભાવી દ્રવ્યશીલનું તાદૃશ=દ્રવ્યશીલને અનુરૂપ એવા, દ્રવ્યશ્રુતની સાથે અવિનાભાવિપણું છે.

**'न, श्रुतशब्देनात्र.....ग्रहणात्'** - તેનો ઉત્તર આપતા ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે શ્રુતશબ્દથી અહીં=આરાધક-વિરાધક-ચતુર્ભંગીમાં, ભાવશ્રુતનું જ અને શીલશબ્દથી માર્ગાનુસારીક્રિયામાત્રનું જ ગ્રહણ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે શ્રુતશબ્દથી ભાવશ્રુત જ કેમ ગ્રહણ કર્યું? દ્રવ્યશ્રુતનું ગ્રહણ કેમ ન કર્યું? તેથી કહે છે-

**ટીકાર્થ :-**

**'स्वतंत्र.....अपर्यनुयोज्यत्वाद्'** - સ્વંતત્ર પરિભાષામાં પ્રશ્નનો અવકાશ નથી, માટે શ્રુત તરીકે ભાવશ્રુતનું જ ગ્રહણ છે.

**'अन्यथा.....सर्वाराधकतापत्तेः।'** - શ્રુતશબ્દથી ભાવશ્રુતનું ગ્રહણ ન કરતાં દ્રવ્યશ્રુતને પણ ગ્રહણ કરીએ તો દ્રવ્યલિંગવાળા અભવ્યાદિને પણ શ્રુતની પ્રાપ્તિ હોવાથી સર્વઆરાધકની આપત્તિ આવશે. તેથી શ્રુતશબ્દથી ભાવશ્રુતનું જ ગ્રહણ છે.

**વિવેચન :-**

પૂર્વપક્ષી કહે છે કે ઉપરના કથન પ્રમાણે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો દેશઆરાધક નથી એમ સ્થાપન થાય છે, તો પણ જે અપુનર્બંધક જીવો શીલવાળા અને અશ્રુતવાળા છે તેઓને દેશઆરાધક કેવી રીતે કહી શકાય? અર્થાત્ ન કહી શકાય. કેમ કે મિત્રાદિદૃષ્ટિમાં રહેલા એવા દ્રવ્યશીલવાળાને દ્રવ્યશીલને અનુરૂપ એવું દ્રવ્યશ્રુત

અવિનાભાવી હોય છે.

આશય એ છે કે મિત્રાદિ ચારે દૃષ્ટિમાં જે દૃષ્ટિ પદાર્થ છે તેનો અર્થ **संच्छ्रद्धासङ्गतो बोधो दृष्टिरित्यभिधीयते**=સાચી શ્રદ્ધાપૂર્વકનો બોધ તે દૃષ્ટિ છે. એ પ્રકારના યોગદૃષ્ટિ-સમુચ્ચય શ્લોક-૧૭ના કથનથી મિત્રાદિ દૃષ્ટિવાળાને ભાવશ્રુતના કારણભૂત એવું દ્રવ્યશ્રુત અવશ્ય હોય છે અને તે દ્રવ્યશ્રુતને અનુરૂપ તેઓમાં શીલ હોય છે. તેથી માર્ગાનુસારી શીલને આશ્રયીને તેઓને દેશઆરાધક કહેવામાં આવે તો ભાવશ્રુતના કારણભૂત એવા દ્રવ્યશ્રુતને આશ્રયીને પણ તેઓને આરાધક સ્વીકારવા જોઈએ. તેથી અપુનર્બંધક જીવો શીલ અને શ્રુત ઉભય અંશના આરાધક થવાથી તેઓને સર્વઆરાધક સ્વીકારવા પડશે. આ આપત્તિનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે પ્રસ્તુત ચતુર્ભંગીમાં 'શ્રુત'શબ્દથી ભાવશ્રુતનું જ ગ્રહણ કરેલ છે અને 'શીલ'શબ્દથી માર્ગાનુસારીક્રિયામાત્રનું ગ્રહણ કરેલ છે. અર્થાત્ ભાવમાર્ગાનુસારીક્રિયા અને ભાવમાર્ગાનુસારીક્રિયાના કારણભૂત એવી દ્રવ્યમાર્ગાનુસારીક્રિયાનું પણ 'શીલ'શબ્દથી ગ્રહણ કરેલ છે. તેથી મિત્રાદિદૃષ્ટિવાળા જીવોમાં ભાવશ્રુત નહિ હોવાને કારણે શ્રુતરૂપ દેશની અપેક્ષાએ તેઓ આરાધક નથી, જ્યારે ભાવમાર્ગાનુસારી ક્રિયા નહિ હોવા છતાં ભાવના કારણીભૂત એવી દ્રવ્યમાર્ગાનુસારી ક્રિયા તેઓમાં છે, તે અપેક્ષાએ તેઓ આરાધક છે. તેથી મિત્રાદિદૃષ્ટિવાળા જીવો દેશઆરાધક છે.

અહીં પ્રશ્ન થાય કે 'શ્રુત'શબ્દથી જેમ ભાવશ્રુતનું ગ્રહણ કર્યું તેમ 'શીલ'શબ્દથી ભાવશીલનું જ ગ્રહણ કેમ ન કર્યું? અથવા તો 'શીલ'શબ્દથી, માર્ગાનુસારીક્રિયામાત્ર ગ્રહણ કરી તેમ 'શ્રુત'શબ્દથી પણ ભાવશ્રુતના કારણભૂત એવું દ્રવ્યશ્રુત પણ કેમ ગ્રહણ ન કર્યું? તેથી કહે છે-

ગ્રંથકારે જે પરિભાષા કરી છે તે પરિભાષા કરવામાં તેઓ સ્વતંત્ર છે, તેથી આ પ્રકારની પરિભાષા કેમ કરી એવો પ્રશ્ન થઈ શકે નહિ. કેમ કે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં 'શીલ'શબ્દથી શીલસામાન્યની વિવક્ષા કરી અને 'શ્રુત'શબ્દથી ભાવશ્રુતની વિવક્ષા કરી ભગવતીસૂત્રમાં ચતુર્ભંગી પાડેલ છે, તેથી તે પરિભાષા કરવાની ગ્રંથકારની વિવક્ષા છે. માટે સ્વતંત્ર પરિભાષામાં આ આમ કેમ? એવા પ્રશ્નનો અવકાશ નથી. અને આ પ્રકારની પરિભાષા ન સ્વીકારવામાં આવે તો, દ્રવ્યલિંગવાળા એવા અભવ્યાદિને પણ શ્રુતની પ્રાપ્તિથી સર્વઆરાધક માનવાની આપત્તિ આવશે. કેમ કે અભવ્યાદિ પણ દીક્ષા લઈને શ્રુતજ્ઞાન ભણે છે અને દ્રવ્યક્રિયાઓ પણ કરે છે. તેથી જો ગ્રંથકાર પોતાની વિશેષ પરિભાષા કરીને ચતુર્ભંગી ન પાડતા હોય અને બાહ્યઆચરણા માત્રથી શીલનું ગ્રહણ કરતા હોય અને શાસ્ત્ર ભણવારૂપ બોધમાત્રથી શ્રુતનું ગ્રહણ

**ટીકા :-**

**अथ श्रुतापेक्षया देशाराधकत्वमशीलवतः श्रुतवतश्च किं न स्यात्? इति चेत्? तस्येह सतोऽप्यविवक्षणात्, द्वितीयव्रतनिर्वाहरूपस्य च तस्य तत्त्वतः शीलाराधकत्वपर्यवसितत्वादिति॥२॥**

---

કરતા હોય, તો અભવ્ય અને ચરમાવર્ત બહારના કે ચરમાવર્તની અંદર રહેલા અનિવર્તનીય એવા અસદ્ગ્રહવાળા જીવોને સર્વઆરાધક માનવાની આપત્તિ આવશે.

**ટીકાર્થ :-**

**'अथ.....पर्यवसितत्वादिति॥२॥'** - પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં જેમ શીલની અપેક્ષાએ દેશઆરાધકપણું ગ્રહણ કર્યું, તેમ શ્રુતની અપેક્ષાએ અશીલવાળા અને શ્રુતવાળા એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશઆરાધકપણું કેમ ગ્રહણ નહિ થાય? તેથી ગ્રંથકાર કહે છે કે શ્રુતની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશઆરાધકપણું હોવા છતાં પણ, તેની અહીં=આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં, વિવક્ષા કરેલ નથી. અને દ્વિતીય વ્રતના નિર્વાહરૂપ એવા તેનું=શ્રુતવાળાનું, શીલઆરાધકમાં પર્યવસિતપણું છે, અર્થાત્ શીલઆરાધકમાં તેનો સમાવેશ થાય છે. તેથી શ્રુતની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશઆરાધક કહેવા ઉચિત નથી.**॥૨॥**

**વિવેચન :-**

પૂર્વપક્ષી શંકા કરે છે કે આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં જેમ શીલની અપેક્ષાએ અપુનર્બંધક જીવોને દેશઆરાધક કહો છો તેમ શ્રુતની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને દેશઆરાધક કેમ કહેતા નથી? તેનો ઉત્તર આપતાં ગ્રંથકારશ્રી કહે છે કે, શ્રુતની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ દેશઆરાધક બની શકે, પરંતુ આરાધક-વિરાધક ચતુર્ભંગીમાં શ્રુતની અપેક્ષાએ દેશઆરાધકની વિવક્ષા કરેલ નથી, તેથી કોઈ દોષ નથી. અને બીજો હેતુ આપતાં કહે છે કે શ્રુતની અપેક્ષાએ અવિરતસમ્યગ્દૃષ્ટિને દેશઆરાધક તરીકે લેવા જતાં અવિરતસમ્યગ્દૃષ્ટિનું શ્રુત દ્વિતીયવ્રતના નિર્વાહરૂપ હોવાને કારણે તત્ત્વથી તે શીલઆરાધકમાં પર્યવસાન પામે છે; એથી અવિરતસમ્યગ્દૃષ્ટિને સર્વઆરાધક માનવાનો પ્રસંગ આવશે, તે આ રીતે- પ્રસ્તુતમાં 'શ્રુત'શબ્દથી ભાવશ્રુત ગ્રહણ કરવાનું છે અને ભાવશ્રુત ત્યારે જ સંભવે કે જીવને સન્માર્ગમાં યથાર્થ રુચિ વર્તતી હોય. અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને શ્રુત જે અર્થને જે રીતે બતાવે છે તે પ્રકારની રુચિ હોય છે, તેથી અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવને સન્માર્ગ પ્રત્યે

**અવતરણિકા :-**

**द्वितीयभङ्गमपि बालिशानां महतीं विप्रतिपत्तिमपाकर्त्तुं विवेचयति-**

અત્યંત રુચિ હોય છે; અને સન્માર્ગના નાશમાં પોતાની કોઈપણ પ્રવૃત્તિ નિમિત્ત ન બને તેવી કાળજી રાખે છે. તેથી સંવિજ્ઞપાક્ષિક જીવો પોતાની હીનપ્રવૃત્તિને જોઈને અન્ય જીવોને સન્માર્ગ ઉપર ભ્રમ પેદા ન થાય તે માટે પ્રસંગને અનુરૂપ પોતાની હીનતા અવશ્ય કહે છે, અને જો તેઓ પોતાની હીનતા ન કહે તો તેઓમાં સમ્યક્ત્વ સંભવે નહિ. અને સમ્યક્ત્વ ન રહે તો તેઓ શ્રુતવાન પણ કહી શકાય નહિ. તેથી તેઓનું શ્રુત સન્માર્ગના વિષયમાં દ્વિતીય વ્રતના નિર્વાહરૂપ હોય છે.

હવે જો શીલની અપેક્ષાએ વિવક્ષા કરીએ તો સંવિજ્ઞપાક્ષિક જીવો ચતુર્થ ગુણસ્થાનકવર્તી હોવાને કારણે પાંચ મહાવ્રતો કે અણુવ્રતોરૂપ શીલ તેઓમાં નહિ હોવાને કારણે તેઓ શીલવિરાધક છે, પરંતુ શ્રુતની અપેક્ષાએ વિચારણા કરીએ તો તેઓ શ્રુતના આરાધક છે. અને તેમનું શ્રુત બીજા મહાવ્રતના નિર્વાહરૂપ હોવાને કારણે દ્વિતીય વ્રતના નિર્વાહરૂપ શીલની સ્વીકૃતિ પણ તેઓમાં કરવી પડશે. કેમ કે અવિરતસમ્યગ્દૃષ્ટિને શ્રુતની સાથે અનંતાનુબંધીના ક્ષયોપશમથી જેમ શુશ્રૂષાદિ ગુણો પ્રગટે છે, તેમ સન્માર્ગના રક્ષણને અનુકૂળ દ્વિતીય વ્રતના નિર્વાહરૂપ માર્ગાનુસારી પ્રવૃત્તિ પણ અનંતાનુબંધીના ક્ષયોપશમથી થાય છે. તેથી શ્રુતની અપેક્ષાએ વિચારણા કરવામાં આવે તો અવિરતસમ્યગ્દૃષ્ટિને શીલના આરાધક માનવા પડે, અને તેમ સ્વીકારીએ તો દેશઆરાધકનો ભાંગો પ્રાપ્ત થાય નહિ. તેથી ચતુર્ભંગીની નિષ્પત્તિ માટે શીલની અપેક્ષાએ જ આરાધક-વિરાધકની વિવક્ષા કરેલ છે. માટે અવિરતસમ્યગ્દૃષ્ટિના સૂક્ષ્મબોધને અનુરૂપ એવા શીલની અપેક્ષાએ વિચારણા કરતાં પાંચ મહાવ્રત કે અણુવ્રતરૂપ શીલના અંગરૂપ દ્વિતીય વ્રત અવિરતસમ્યગ્દૃષ્ટિને હોતું નથી, માટે તેમને શીલના વિરાધક કહી શકાય, તેથી દેશવિરાધકનો ભાંગો પ્રાપ્ત થઈ શકે છે.**॥૨॥**

**અવતરણિકાર્થ :-**

પ્રથમ ભાંગો દેશઆરાધકનો બતાવ્યા પછી શાસ્ત્રીય પદાર્થને જાણવામાં જેઓ બાલિશ=બાળ જેવા છે, તેઓની (બીજા ભાંગાને વિશે થયેલી) મોટી વિપ્રતિપત્તિને દૂર કરવા માટે બીજા ભાંગાનું પણ વિવેચન કરે છે-

● '**द्वितीयभङ्गमपि**' અહીં '**अपि**'થી એ સમુચ્ચય થાય છે કે પ્રથમ ભાંગાનું વિવેચન કર્યું પણ બીજા ભાંગાનું પણ વિવેચન કરે છે.

भग्नव्रतक्रियानात्तक्रियौ देशविराधकौ ।
क्रियाप्राधान्यमाश्रित्य ज्ञायेते परिभाषितौ ।।३।।

**ટીકા :-**

भग्नेति। व्रतं=प्राणातिपातविरमणादि इच्छाप्रवृत्त्यादि, क्रिया च संवेगपूर्वा तदनुगताचरणा, ततो भग्ने व्रतक्रिये येन स तथा, अनात्ता=अगृहीता क्रिया उपलक्षणाद् व्रतं च येन स तथा, भग्नव्रतक्रियश्चाऽनात्तव्रतक्रियश्च भग्नव्रत- [ क्रियानात्त ]क्रियौ देशविराधकौ परिभाषितौ ज्ञायेते, प्राप्तस्य तस्याऽपालनाद् अप्राप्तेर्वेति व्यवस्थितविकल्पप्रदर्शनाद् भग्नव्रतक्रियस्य प्राप्ताऽपालनेना-ऽनात्तव्रतक्रियस्य चाऽप्राप्त्यैव देशविराधकत्वव्यवस्थानात्,

---

**શ્લોકાર્થ :-**

ક્રિયાની પ્રધાનતાને આશ્રયીને ભગ્નવ્રતક્રિયાવાળા અર્થાત્ જેઓએ ગ્રહણ કરેલ વ્રત-ક્રિયા ભાંગી નાંખ્યાં છે તથા અનાત્તવ્રતક્રિયાવાળા અર્થાત્ જેઓએ વ્રત- ક્રિયા ગ્રહણ કરેલ નથી, તેવા જીવો દેશવિરાધક પરિભાષિત=કહેલા જણાય છે, અર્થાત્ તેવા જીવોને ભગવતીસૂત્રકારે દેશવિરાધક કહ્યા છે.॥૩॥

**વિવેચન :-**

પ્રથમ ભાંગામાં માર્ગાનુસારી શીલને પ્રધાન કરીને એવા શીલવાળાને દેશઆરાધક કહેલ છે, અને બીજા ભાંગામાં દેશવિરતિ કે સર્વવિરતિરૂપ વ્રત અને તે વ્રતને અનુરૂપ ક્રિયાને પ્રધાન કરીને શીલરૂપ દેશના વિરાધક એવા સમ્યગ્દષ્ટિને દેશવિરાધક કહેલ છે.

**ટીકાર્થ :-**

**'व्रतं.....अनात्तव्रतक्रियश्च'** - વ્રત પ્રાણાતિપાતવિરમણાદિરૂપ કે જે ઈચ્છા-પ્રવૃત્ત્યાદિરૂપ છે અર્થાત્ પ્રાણાતિપાતવિરમણાદિ ઈચ્છારૂપ હોય કે પ્રવૃત્તિ આદિરૂપ હોય, અને ક્રિયા સંવેગપૂર્વક તેને=વ્રતને, અનુકૂળ એવી આચરણારૂપ છે. (અને) વ્રત-ક્રિયાને જેણે ભાંગી નાંખ્યાં છે તે ભગ્નવ્રતક્રિય કહેવાય, (અને) જેણે વ્રત અને ક્રિયાનું ગ્રહણ કર્યું નથી તે અનાત્તવ્રતક્રિય કહેવાય.

● મૂળશ્લોકમાં **'अनात्तक्रिय'** શબ્દ છે. અહીં વ્રતનો ઉલ્લેખ કર્યો નથી, છતાં ઉપલક્ષણથી 'વ્રત'નો ઉલ્લેખ સમજી લેવો અર્થાત્ વ્રતનું પણ અગ્રહણ સમજી લેવું.

**'भग्नव्रत[क्रियानात्त].....व्यवस्थानात्,'** - ભગ્નવ્રતક્રિય અને અનાત્તવ્રતક્રિય દેશવિરાધક છે, એવી શાસ્ત્રીય પરિભાષા જણાય છે. કેમ કે પ્રાપ્ત એવા તેનું=વ્રતનું અને ચારિત્રનું, અપાલન હોવાથી અથવા (ચારિત્રની) અપ્રાપ્તિ હોવાથી એ પ્રમાણે (પ્રથમ શ્લોકમાં દેશવિરાધક ભાંગામાં ભગવતીસૂત્રમાં કહેલ સંપ્રદાયના કથનમાં) વ્યવસ્થિત વિકલ્પનું પ્રદર્શન હોવાથી= વ્યવસ્થિત વિકલ્પ દેખાડ્યો હોવાથી, ભગ્નવ્રતક્રિયાવાળાનું પ્રાપ્તના અપાલન વડે અને અગૃહીતવ્રતક્રિયાવાળાનું અપ્રાપ્તિથી જ દેશવિરાધકપણારૂપે વ્યવસ્થાન હોવાથી આ બે પ્રકારના દેશવિરાધક ભગવતીસૂત્રમાં પરિભાષિત=કહેલા છે.

● **'प्राणातिपातविरमणादि'** અહીં **'आदि'** શબ્દથી મૃષાવાદાદિનું ગ્રહણ સમજવું.

● **'इच्छाप्रवृत्त्यादि'** અહીં **'आदि'** શબ્દથી સ્થૈર્ય અને સિદ્ધિનું ગ્રહણ સમજવું.

**વિવેચન :-**

અહીં 'વ્રત'શબ્દથી પ્રાણાતિપાત આદિ પાંચ મહાવ્રતો કે અણુવ્રતોને ગ્રહણ કરવાનાં છે, અને તે વ્રતો ઈચ્છા, પ્રવૃત્તિ, સ્થૈર્ય અને સિદ્ધિરૂપ ગ્રહણ કરવાનાં છે; અને ક્રિયા સંવેગપૂર્વક તે વ્રતોને અનુરૂપ આચરણાસ્વરૂપ ગ્રહણ કરવાની છે.

દેશવિરાધકના (૧) પ્રાપ્ત એવા ચારિત્રનું અપાલન અને (૨) ચારિત્રની અપ્રાપ્તિ આ બે ભેદ છે. તેમાં પ્રથમ ભેદમાં જેમણે દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ કરીને ભાંગી નાંખેલ હોય અર્થાત્ પ્રાપ્ત એવી વિરતિનું પાલન કરતા ન હોય તેવા જીવો આવે છે. જેમ- સર્વવિરતિ ગ્રહણ કરીને તેને અનુરૂપ ક્રિયાઓ નહિ કરનારા સંવિજ્ઞપાક્ષિક કે દીક્ષા છોડીને વેશ્યાને ત્યાં રહેનારા નંદિષેણમુનિ ભગ્નવ્રતક્રિયાવાળા કહેવાય છે. અને ભગવાનના શાસનને પામ્યા પછી દેશવિરતિ કે સર્વવિરતિ જેમણે ગ્રહણ કરી નથી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવો બીજા ભેદમાં આવે છે.

અહીંયાં વ્રતને અનુરૂપ ક્રિયા સંવેગપૂર્વક કહી છે, તેથી જેમણે વ્રત ગ્રહણ કર્યાં છે છતાં સંવેગપૂર્વક વ્રતને અનુરૂપ ક્રિયાઓ કરી શકતા ન હોય તેવા જીવો પણ પ્રાયઃ કરીને દેશવિરાધક પ્રાપ્ત થશે.

સંવેગપૂર્વક વ્રતને અનુરૂપ ક્રિયાઓ કરીને જેઓ વ્રતોનો પરિણામ પોતાનામાં પેદા કરે છે, અને વ્રતોનું પાલન કરે છે, તે પાલન ઈચ્છા-પ્રવૃત્ત્યાદિ ચાર ભેદવાળું હોય છે.

**ટીકા :-**

**श्रुतवन्तमशीलवन्तमुद्दिश्य देशविराधकत्वविधानेनोद्देश्यविधेययोर्व्युत्पत्तिविशेषाद् व्याप्यव्यापकभावे लब्धे द्वितीयभङ्गे चाऽविरतसम्यग्दृष्टिरपि, "प्राप्तस्य तस्याऽपालनादिति वचनेन विरतिपरित्यागेनैव देशविराधको भणितः" इति वचनस्याऽज्ञानविलसितत्वात्, अनुपरतपदेन सूत्र एव विवृतस्याऽशीलवत्पदस्य समर्थनार्थं 'अप्राप्तेर्वा' इति विकल्पस्य वृत्तिकृताऽभिधानात्।**

---

(૧) અભ્યાસદશામાં વ્રતોનું પાલન ઈચ્છાયોગરૂપ હોય છે.

(૨) વ્રતપાલન માટે સમ્યક્ પ્રયત્ન ચાલતો હોય ત્યારે પ્રવૃત્તિયોગરૂપ હોય છે. પ્રવૃત્તિયોગકાળમાં બાધક સામગ્રી મળે તો સ્ખલના સંભવે.

(૩) જ્યારે તે પ્રવૃત્તિ અભ્યાસના અતિશયથી સ્થિરભાવને પામે છે ત્યારે બાધક સામગ્રીથી સ્ખલના થતી નથી, ત્યારે તે વ્રતોનું પાલન સ્થિરયોગરૂપ હોય છે.

(૪) જ્યારે તે વ્રતોનું પાલન ચંદનગંધન્યાયથી જીવની પ્રકૃતિરૂપ બની જાય છે ત્યારે સિદ્ધિયોગરૂપ હોય છે.

**ઉત્થાન :-**

પૂર્વમાં કહ્યું કે જેણે વ્રત નથી ગ્રહણ કર્યાં તેને વ્રતની અપ્રાપ્તિથી દેશવિરાધકતા છે, ત્યાં પૂર્વપક્ષી આ પ્રમાણે કહે છે કે, વ્રત જેમણે લીધાં હોય અને પાળતા ન હોય તેમને દેશવિરાધક કહેવાય, પરંતુ જે અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવોએ દેશવિરતિ કે સર્વવિરતિ ગ્રહણ જ કરી નથી, તેમને દેશવિરાધક કહેવા તે ઉચિત નથી. માટે જેમણે વ્રતો ગ્રહણ કર્યાં નથી એવા જીવોને વ્રતોની અપ્રાપ્તિથી દેશવિરાધક કહેવા ઉચિત નથી. તેના નિરાકરણરૂપે ગ્રંથકારશ્રી કહે છે-

**ટીકાર્થ :-**

**'श्रुतवन्तम्.....अज्ञानविलसितत्वात्,'** - (બીજા ભાંગામાં) શ્રુતવાળા અને અશીલવાળાને ઉદ્દેશીને દેશવિરાધકપણાનું વિધાન હોવાથી ઉદ્દેશ્ય અને વિધેયનો વ્યુત્પત્તિવિશેષથી વ્યાપ્ય-વ્યાપક ભાવ પ્રાપ્ત થયે છતે, અને બીજા ભાંગામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ "પ્રાપ્ત એવા વ્રતના અપાલનથી એ વચન દ્વારા વિરતિના પરિત્યાગથી જ દેશવિરાધક કહેવાયેલ છે," એ વચનનું અજ્ઞાનવિલસિતપણું હોવાથી અનાત્તવ્રતક્રિયાવાળાનું અપ્રાપ્તિથી જ દેશવિરાધકપણાનું વ્યવસ્થાન છે.

અજ્ઞાનચેષ્ટા કેમ છે? તેમાં હેતુ કહે છે-

**'अनुपरतपदेन.....वृत्तिकृताऽभिधानात्।'** - અનુપરતપદથી ભગવતીસૂત્રમાં જ વિવરણ કરેલ અશીલવાન પદના સમર્થન માટે **'अप्राप्तेर्वा'** એ પ્રમાણે વિકલ્પનું વૃત્તિકાર વડે અભિધાન હોવાથી ઉપરોક્ત વચન અજ્ઞાનચેષ્ટા છે.

**વિવેચન :-**

આ બીજા ભાંગામાં શ્રુતવાળા અને અશીલવાળાને ઉદ્દેશીને દેશવિરાધકનું વિધાન છે, અને ઉદ્દેશ્ય અને વિધેય ભાવ વચ્ચે વ્યુત્પત્તિવિશેષ એ છે કે જે ઉદ્દેશ્ય હોય તે વ્યાપ્ય હોય અને વિધેય હોય તે હંમેશાં વ્યાપક હોય છે.

જેમ કોઈ વ્યક્તિને જિજ્ઞાસા થાય કે તત્ત્વ કેટલાં છે? એ જિજ્ઞાસાના સમાધાનરૂપે જ્યારે કથન કરવામાં આવે ત્યારે તત્ત્વને ઉદ્દેશીને જીવાદિ નવતત્ત્વનું વિધાન કરવામાં આવે છે. તેથી તત્ત્વ ઉદ્દેશ્ય બને છે અને જીવાદિ નવતત્ત્વ વિધેય બને છે. અને તેવા સ્થળમાં કોઈ એમ કહે કે જીવ-અજીવ અને આશ્રવ તત્ત્વ છે, તો ઉદ્દેશ્યવિધેયભાવની અપેક્ષા વગર એ ત્રણ તત્ત્વો છે એ કથન સત્ય હોવા છતાં, ઉદ્દેશ્યવિધેયભાવની અપેક્ષાવાળું તે વાક્ય હોય તો તે ખોટું કહેવાય, કેમ કે તત્ત્વને ઉદ્દેશીને જીવાદિનું વિધાન કરવું હોય તો વિધેય હંમેશાં વ્યાપક જોઈએ; અને જીવાદિને ઉદ્દેશીને ત્રણ તત્ત્વનું વિધાન વ્યાપક બનતું નથી, માટે તત્ત્વ ત્રણ છે એ વચન ખોટું કહેવાય.

આનાથી એ પ્રાપ્ત થાય કે ઉદ્દેશ્યવિધેયભાવની એવી જ વ્યુત્પત્તિવિશેષ છે કે વિધેય હંમેશાં ઉદ્દેશ્ય કરતાં વ્યાપક હોવું જોઈએ. તેથી પ્રસ્તુતમાં શ્રુતવાળા અને અશીલવાળાને ઉદ્દેશીને દેશવિરાધક કહેવામાં આવે ત્યારે સર્વ દેશવિરાધકનો સંગ્રહ થાય એવું જ કથન કરવું પડે, પરંતુ દેશવિરાધકમાંથી એક ભાગનો સંગ્રહ થાય એવું કથન કરી શકાય નહિ. તેથી બીજા ભાંગામાં અવિરતસમ્યગ્દૃષ્ટિ પણ પ્રાપ્ત એવા વ્રતના અપાલનરૂપ એ પ્રકારના વચન દ્વારા વિરતિના પરિત્યાગથી જ દેશવિરાધક કહેલ છે, એ પ્રકારે પૂર્વપક્ષી કહે છે તે તેમનું અજ્ઞાનવિલસિત અર્થાત્ અજ્ઞાનચેષ્ટા છે. કેમ કે તેમને સ્વીકારીએ તો જેમણે વ્રત લીધાં નથી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિ અવિરતિના કારણે દેશવિરાધક હોવા છતાં તેમનો સંગ્રહ થાય નહીં.

પૂર્વપક્ષીને એ કહેવું છે કે જેમણે વિરતિ લીધી હોય અને વિરતિનું પાલન ન કરતો હોય તે જ દેશવિરાધક થઈ શકે, પરંતુ જેમણે વિરતિ લીધી નથી એવા અવિરતસમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક કહી શકાય નહિ. આ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન અજ્ઞાન વિલસિત છે. અહીં પૂર્વપક્ષી કહે કે તમે દેશવિરાધક પદથી વ્રત નહીં ગ્રહણ કરનારને

**ટીકા :-**

**इत्थं च-एवं चोभयोरपि प्रकारयोः सविषयत्वेन प्रामाण्ये सिद्धे यदप्राप्तेर्वेति विकल्पेन व्याख्यातं तत्केनाभिप्रायेणेति संशये 'सम्यग्वक्तृवचनं वयमपि श्रोतुकामाः स्म' इति वदतोऽज्ञानान्धस्य सूक्ष्मदृशा पर्यालोचनाभिमानो न दिव्यदृशां विस्मयकारीति ध्येयम्।**

---

લઈને જ ઉદ્દેશ્યને વ્યાપક બનાવો છો, પરંતુ તે દેશવિરાધક જ નથી માટે વ્રતભંગ કરનારને ઉદ્દેશીને જ દેશવિરાધકનું વિધાન કરી શકાશે. તેથી બીજો હેતુ કહે છે-

ભગવતીસૂત્રમાં વિવરણ કરાયેલ અશીલવાન પદના સમર્થન માટે '**अप्राप्तेर्वा**' એ પ્રકારના વિકલ્પનું વૃત્તિકાર દ્વારા કથન કરાયેલ છે. તેથી જો વ્રત ગ્રહણ કરીને નહિ પાળનારને જ માત્ર દેશવિરાધક સ્વીકારવામાં આવે, અને વ્રત નહિ ગ્રહણ કરનાર એવા અવિરતસમ્યગ્દષ્ટિને દેશવિરાધક સ્વીકારવામાં ન આવે, તો ભગવતીસૂત્રમાં અશીલવાન પદનું 'અનુપરત' પદ દ્વારા જે વિવરણ કર્યું છે તે સંગત થઈ શકે નહિ. અને તે સંગતિ કરવા માટે વૃત્તિકારે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ કર્યો છે.

આશય એ છે કે અશીલવાન પદનો અર્થ ભગવતીસૂત્રમાં 'અનુપરત' પદથી વિવૃત=વિવરણ, કરાયેલ છે, અને અનુપરતપદનો અર્થ પાપવ્યાપારથી વિરામ નહિ પામેલ એવો થાય છે. જે જીવે વ્રતો ગ્રહણ કરેલ હોય અને વ્રતોનું પાલન કરતો ન હોય તે જેમ પાપથી અનુપરત છે, તેમ જે જીવે વ્રતો લીધાં નથી અને અવિરતિવાળા છે એવા સમ્યગ્દષ્ટિ પણ પાપથી અનુપરત છે. તેથી ભગવતીસૂત્રકારના કથન પ્રમાણે વિચારીએ અને અનુપરતપદનો વૃત્તિકારે જે અર્થ કર્યો છે તે પ્રમાણે વિચારીએ તો, પૂર્વપક્ષી વિરતિના પરિત્યાગથી જ દેશવિરાધક કહે છે તે વચન, ભગવતીસૂત્રના વિષયમાં તેનું અજ્ઞાન છે તેને કારણે છે.

**ટીકાર્થ :-**

'**इत्थं च.....ध्येयम्।**' - અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે ભગવતીસૂત્રમાં 'અનુપરત' પદથી વિવૃત અશીલવાન પદ છે એના સમર્થન માટે, વૃત્તિકારે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ કહેલ છે, તેથી ભગવતીસૂત્રના મૂળ કથન પ્રમાણે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ સ્વીકૃત થાય છે આ રીતે, અને આ રીતે=વિવરણમાં નીચે બતાવાશે એ રીતે, બંને પણ પ્રકારનું=દેશઆરાધક અને દેશવિરાધક બંને પણ પ્રકારનું, સવિષયપણાથી પ્રામાણ્ય સિદ્ધ થયે છતે, જે '**अप्राप्तेर्वा**' એ પ્રમાણે વિકલ્પ વડે વ્યાખ્યાત છે તે કયા અભિપ્રાયથી

છે એ પ્રમાણે સંશય હોતે છતે, સમ્યગ્ વક્તાનું વચન અમે પણ સાંભળવાની ઈચ્છાવાળા છીએ, એ પ્રકારે બોલતા અજ્ઞાનાંધનું સૂક્ષ્મદૃષ્ટિવડે કરીને પર્યાલોચનનું અભિમાન દિવ્યદૃષ્ટિવાળાને વિસ્મયકારી નથી, એ પ્રમાણે વિચારવું.

● અહીં '**इत्थं च.....न दिव्यदृशां विस्मयकारीति ध्येयम्**' આ પ્રમાણે અન્વય સમજવો, અને દિવ્યદૃષ્ટિવાળાને શું વિસ્મયકારી નથી એ પૂર્વપક્ષીનું કથન, '**एवं च ..... श्रोतुकामाः स्म**' સુધી કહેલ છે. એ પ્રમાણે બોલતા અજ્ઞાનથી અંધ થયેલા પૂર્વપક્ષીનું સૂક્ષ્મદૃષ્ટિ વડે પર્યાલોચનનું અભિમાન દિવ્યદૃષ્ટિવાળાને વિસ્મયકારી નથી. એમ અન્વય સમજવો.

**વિવેચન :-**

પૂર્વમાં કહ્યું કે 'અનુપરત' પદથી વિવૃત અશીલવાન પદ છે એના સમર્થન માટે, '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ વૃત્તિકારે કહેલ છે, તેથી ભગવતીસૂત્રના મૂળ કથન પ્રમાણે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ સ્વીકૃત થાય છે. એ રીતે પૂર્વપક્ષીનું કથન દિવ્યદૃષ્ટિવાળાઓને વિસ્મયકારી નથી.

પૂર્વપક્ષીનું કયું કથન વિસ્મયકારી નથી તે '**एवं च**' થી બતાવે છે. પૂર્વપક્ષીના પૂર્વકથનનો '**एवं**' શબ્દ પરામર્શક છે અને એ કથન એમના ગ્રંથમાં આગળમાં ચાલતી વાત સાથે સંબંધિત દેખાય છે અને તે વાત ધર્મપરીક્ષા ગ્રંથ મુજબ આ પ્રમાણે છે.

પૂર્વમાં પૂર્વપક્ષીએ સ્થાપન કર્યું કે જિનોક્ત સાધુસામાચારીનું પાલન કરતો અશ્રુતવાન દેશઆરાધક છે, અને જિનોક્ત સાધુસામાચારી ગ્રહણ કરીને પાલન નહિ કરતો એવો શ્રુતવાન દેશવિરાધક છે, એ રીતે બંને પણ પ્રકારનું સવિષયપણાથી પ્રામાણ્ય સિદ્ધ થાય છે. અર્થાત્ દેશઆરાધક અને દેશવિરાધકરૂપ બંને પણ પ્રકારનો વિષય જિનોક્ત સાધુસામાચારી છે. કેમ કે જિનોક્ત સાધુસામાચારી પાળવાને કારણે પ્રથમ ભાંગાવાળા દેશઆરાધક બને છે અને જિનોક્ત સાધુસામાચારી ગ્રહણ કરીને તેની વિરાધના કરવાના કારણે બીજા ભાંગાવાળા દેશવિરાધક બને છે. તેથી દેશઆરાધક અને દેશવિરાધક એ બંને પણ ભાંગાઓનું સવિષયપણાથી પ્રામાણ્ય સિદ્ધ થાય છે. અને જે જીવે સાધુપણું લીધું નથી તે જીવને દેશવિરાધક કહેવામાં આવે, તો ત્યાં વિરાધનાનો વિષય પ્રાપ્ત થતો નથી. કેમ કે સાધુપણું તેણે લીધું જ નથી તેથી તે સાધુપણાની વિરાધના કરે છે માટે દેશવિરાધક છે તેમ કહી શકાય નહિ. તેથી ભગવતીસૂત્રના ટીકાકારે '**अप्राप्तेर्वा**'એ વિકલ્પથી વ્યાખ્યાન કર્યું એ કયા અભિપ્રાયથી છે એ પ્રકારનો વિચારકને સંશય થાય. એ સંશય થયા પછી તે વક્તાનું સમ્યગ્ વચન અમે પણ સાંભળવા ઈચ્છીએ છીએ એમ કહીને પૂર્વપક્ષીને તે વચન અસંગત છે એમ સ્થાપન

**ટીકા :-**

**यत्त्वेवं 'केवल्यप्यप्राप्तजिनकल्पादेर्विराधकः प्रसज्येतेति वचनं तदसमीक्षिताभिधानं, प्राप्तिसामान्याभावस्यैवाऽप्राप्तिपदार्थत्वात्, अत एव "परिभाषितौ" इति वचनाच्च, न सम्यग्ज्ञानादीनां लेशतोऽप्यभावेन देशविरति-सर्वविरत्योरुभयोरप्राप्त्या युगपद्विराधकानां चरकपरिव्राजकादीनां ज्योतिष्का-**

---

કરવું છે. અને આ પ્રકારના અજ્ઞાની એવા પૂર્વપક્ષીનું આ વચન સૂક્ષ્મદૃષ્ટિથી પર્યાલોચનાના અભિમાનરૂપ છે. અર્થાત્ પૂર્વપક્ષી પોતે માને છે કે હું સૂક્ષ્મદૃષ્ટિથી પદાર્થને જોઉં છું, તેથી સ્થૂલદૃષ્ટિમાં રહેલ એવા વૃત્તિકારે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ કર્યો છે તે સંગત નથી તેમ હું જોઈ શકું છું, એમ તે માને છે; પરંતુ તેમનું આ અભિમાન દિવ્યદૃષ્ટિવાળાને વિસ્મયકારી લાગે નહિ.

જેઓની આગમની પંક્તિઓને જોવાની દિવ્યદૃષ્ટિ છે, તેઓ ભગવતીસૂત્રમાં વિવૃત અશીલવાન પદને જોઈ શકે છે કે, ત્યાં અશીલવાન પદનો અનુપરત અર્થ કરેલ છે; અને તે અનુપરત અર્થ તો જ સંગત થાય કે વ્રતને નહિ લેનાર એવા અવિરતસમ્યગ્દૃષ્ટિને પણ દેશવિરાધક સ્વીકારવામાં આવે. તેથી ભગવતીના વૃત્તિકારે '**अप्राप्तेर्वा**' એ વિકલ્પ કર્યો છે તે સંગત છે, પરંતુ પૂર્વપક્ષીનું ભગવતીગ્રંથનું અજ્ઞાન જ તેવા પ્રકારના વિપરીત પર્યાલોચનનું કારણ છે.

**ઉત્થાન :-**

જેમણે વિરતિ ગ્રહણ કરી નથી તેઓને પણ '**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી વિરાધક સ્વીકારવામાં આવે તો અન્ય દોષો પૂર્વપક્ષી તરફથી બતાવીને તેનું નિરાકરણ કરતાં કહે છે-

**ટીકાર્થ :-**

'**यत्त्वेवं.....अप्राप्तिपदार्थत्वात्,**' - જે વળી આ રીતે=વિરતિ ગ્રહણ નહિ કરનારને વિરાધક સ્વીકારીએ એ રીતે, કેવળી પણ અપ્રાપ્ત જિનકલ્પાદિના વિરાધક થશે, એ પ્રકારનું પૂર્વપક્ષીનું વચન છે તે અસમીક્ષિત=વિચાર્યા વગરનું, અભિધાન=કથન છે. કેમ કે પ્રાપ્તિસામાન્યાભાવનું જ અપ્રાપ્તિપદાર્થપણું છે.

'**अत एव.....अत्यन्तमासमञ्जस्यं**' - આથી કરીને જ=પ્રાપ્તિસામાન્યાભાવ જ અપ્રાપ્તિ છે આથી કરીને જ, અને આરાધક- વિરાધક પરિભાષિત છે એ પ્રકારે વચન

दूर्ध्वमुपपाताभावप्रसङ्गः, न वाऽनुपात्तचारित्रत्वेन संयमविराधकस्य श्रावकमात्रस्य सौधर्मादूर्ध्वमुपपाताभावप्रसङ्गः, न वाऽनुपात्तसंयमत्वेन संयमविराधनाभ्युपगमे निश्चयतो ज्ञानदर्शनयोरपि विराधनाध्रौव्यात् श्रेणिकादीनां तीर्थकरनामनिकाचनं तीर्थकरतया प्रत्यायातिश्च न स्यात्, जिनाज्ञाऽऽराधकानामेव तीर्थकरतयोत्पत्तेः, नापि गृहे वसतां तीर्थकृदादिचरमशरीराणामपि प्रतिसमयं ज्ञानादिविराधकत्वापत्त्याऽत्यन्तमासमञ्जस्यं, विशेषाप्राप्तेः सामान्याप्राप्तिप्रयुक्तविराधकत्वेऽनुपयोगात्, विशेषविराधकत्वस्य च वास्तवस्य फलविशेषजननेन प्रकृतपरिभाषानुपक्षयात्, निश्चयनयाश्रयणेनाप्राप्तिप्रयुक्तदेशविराधकस्थले सर्वविराधकत्वापादने विरतिपरित्यागेनाभिमते तत्र सुतरां तदापत्तेर्द्वितीयभङ्गस्यैवोच्छेदप्रसङ्गात्, चारित्रविराधनायामपि पश्चात्तापादिभावाभावाभ्यां ज्ञानदर्शनविराधनाभजनाभ्युपगमप्रधानेन व्यवहारनयेनैव द्वितीयभङ्गोपादानसंभवात्, परिभाषाया अपि शास्त्रीयव्यवहारविशेषरूपत्वादुपचारगर्भत्वेन तल्लक्षणोपपत्तेः, चरमशरीरिणामपि परिभाषाबलादनाराधकत्वपर्यवसितेन प्रतिसमयं विराधकत्वेनाऽसमञ्जस्याभावाच्च।

---

હોવાથી (૧) સમ્યગ્ જ્ઞાનાદિનો લેશથી પણ અભાવ હોવાને કારણે દેશવિરતિ અને સર્વવિરતિ ઉભયની અપ્રાપ્તિથી યુગપદ્ વિરાધક એવા ચરકપરિવ્રાજકાદિનો જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાતના અભાવનો પ્રસંગ આવતો નથી. (૨) અનુપાત્ત=નહિ ગ્રહણ કરેલ, ચારિત્રપણાવડે સંયમના વિરાધક એવા શ્રાવકમાત્રનો સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતના અભાવનો પ્રસંગ આવતો નથી. (૩) અનુપાત્ત=નહિ ગ્રહણ કરેલ, સંયમપણાવડે સંયમની વિરાધનાના સ્વીકારમાં નિશ્ચયથી જ્ઞાન-દર્શનની વિરાધનાનું પણ ધ્રુવપણું હોવાને કારણે શ્રેણિકાદિને તીર્થંકરનામકર્મની નિકાચના અને તીર્થંકરપણારૂપે પ્રત્યાગમન નહિ થાય કેમ કે જિનાજ્ઞાના આરાધકને જ તીર્થંકરપણારૂપે ઉત્પત્તિ છે એમ ન કહેવું. (૪) ઘરમાં રહેલા તીર્થંકરાદિ ચરમશરીરીઓને પણ પ્રતિ સમય જ્ઞાનાદિના વિરાધકત્વની આપત્તિથી અત્યંત અસમંજસપણું નહિ થાય.

પૂર્વપક્ષીએ આપેલ ઉપરોક્ત દોષોનું **"त एव 'परिभाषितौ' इति वचनाच्च,"** એ કથનથી નિરાકરણ થયેલ હોવા છતાં વિશેષ નિરાકરણ કરવા અર્થે ગ્રંથકાર કહે છે-

(૧-૨)- **'विशेष.....अनुपक्षयात्,'** વિશેષની અપ્રાપ્તિનો સામાન્ય અપ્રાપ્તિપ્રયુક્ત વિરાધકપણામાં અનુપયોગ છે અને વાસ્તવિક વિશેષ વિરાધકપણાનું ફલવિશેષ પેદા

કરવા દ્વારા પ્રકૃત પરિભાષાનો અનુપક્ષય છે.

(૩) '**निश्चयनयाश्रयेण.....उच्छेदप्रसङ्गात्,**' નિશ્ચયનયના આશ્રયથી અપ્રાપ્તિપ્રયુક્ત દેશવિરાધકસ્થળમાં સર્વ-વિરાધકપણાનું આપાદન કરે છતે, વિરતિના પરિત્યાગથી અભિમત એવા ત્યાં=દેશવિરાધકસ્થળમાં અર્થાત્ '**प्राप्तस्य तस्यापालनात्**' સ્થળમાં, સુતરાં તેની આપત્તિ=સર્વવિરાધકપણાની આપત્તિ, આવવાના કારણે બીજા ભાંગાના જ=દેશવિરાધક ભાંગાના જ, ઉચ્છેદનો પ્રસંગ આવશે.

તો પછી બીજો ભાંગો કઈ રીતે સંગત થાય, તે બતાવતાં કહે છે-

'**चारित्र.....उपादानसंभवात्,**' ચારિત્રની વિરાધનામાં પણ પશ્ચાત્તાપાદિના ભાવથી જ્ઞાનદર્શનની આરાધના અને અભાવથી જ્ઞાનદર્શનની વિરાધનારૂપ ભજનાનો સ્વીકાર કરવામાં પ્રધાન એવા વ્યવહારનય વડે જ બીજા ભાંગાના ઉપાદાનનો સંભવ છે.

પારિભાષિક દેશવિરાધકમાં દેશવિરાધકનું લક્ષણ કઈ રીતે સંગત થાય, તે બતાવતાં કહે છે-

'**परिभाषाया....तल्लक्षणोपपत्तेः**'-પરિભાષાનું પણ શાસ્ત્રીયવ્યવહારવિશેષરૂપપણું હોવાથી ઉપચારગર્ભપણું હોવાને કારણે તેના લક્ષણની=દેશવિરાધકના લક્ષણની, ઉપપત્તિ થશે.

(૪) '**चरम.....असमञ्जस्याभावाच्च।**' - ચરમશરીરીઓનું પણ પરિભાષાના બળથી અનારાધકમાં પર્યવસાન થતું હોવાને કારણે પ્રતિસમય વિરાધકપણાની પ્રાપ્તિથી અસમંજસપણાનો અભાવ છે.

- અહીં પૂર્વપક્ષીએ **દોષ નંબર ૧-૨** આપેલ તેના નિરાકરણ રૂપે **विशेषाप्राप्तेः..... प्रकृतपरिभाषानुपक्षयात्,** સુધીનું કથન છે.
- **દોષ નંબર ૩** આપેલ તેના નિરાકરણરૂપે **निश्चयनयाश्रयणेना...... तल्लक्षणोपपत्तेः,** સુધીનું કથન છે. તેમાં વચમાં અન્ય અન્ય શંકાઓ કરીને બે હેતુઓ કહેલ છે, તેથી '**च**'કારથી જોડાણ ત્યાં નથી.
- **દોષ નંબર ૪** આપેલ તેના નિરાકરણરૂપે **चरमशरीरिणामपि.....असमञ्जस्या-भावाच्च।** સુધીનું કથન છે.

અંતે '**च**' કાર છે તે નિશ્ચયનયની બંને માન્યતાઓને સામે રાખીને દોષ નં-૩ અને ૪ આપ્યા તેના નિરાકરણરૂપે કહેલા બંને હેતુના સમુચ્ચય માટે છે. દોષ નંબર ૩-૪ પૂર્વપક્ષીએ નિશ્ચયનયની માન્યતાને આશ્રયીને આપેલ છે.

**વિવેચન :-**

જેમણે વિરતિનું ગ્રહણ કરેલ નથી તેમને પણ '**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી વિરાધક

સ્વીકારવામાં આવે તો જે અન્ય દોષો આવે છે તે બતાવતાં પૂર્વપક્ષી કહે છે-

આ રીતે=વિરતિ ગ્રહણ નહિ કરનારને વિરાધક સ્વીકારીએ એ રીતે, કેવલી પણ જિનકલ્પ સ્વીકારતા નથી તેથી કેવલીને જિનકલ્પના વિરાધક માનવાની આપત્તિ આવશે. તેના ઉત્તરરૂપે ગ્રંથકાર કહે છે કે પૂર્વપક્ષીનું આ વચન વિચાર્યા વગરનું છે. કેમ કે અહીં દેશવિરાધક ભાંગામાં '**अप्राप्तेर्वा**' એ પદથી પ્રાપ્તિસામાન્યાભાવને જ અપ્રાપ્તિરૂપે સ્વીકારેલ છે, અર્થાત્ શીલસામાન્યાભાવ હોય તે જ અપ્રાપ્તિ પદાર્થ છે. તેથી સર્વવિરતિરૂપ શીલ કેવલીને છે, માટે શીલસામાન્યાભાવ કેવલીને ન હોવાથી તેમને વિરાધક કહી શકાય નહિ. વળી પ્રાપ્તિસામાન્યાભાવને અપ્રાપ્તિ પદાર્થ સ્વીકારીએ એ જ કારણે અને આરાધક-વિરાધક એ પારિભાષિક છે એ પ્રમાણે વચન હોવાથી, અર્થાત્ પ્રસ્તુત ચતુર્ભંગીમાં જેમને દેશઆરાધક કે સર્વઆરાધક અને દેશવિરાધક કે સર્વવિરાધક સ્વીકાર્યા છે તે પારિભાષિક છે એ કારણે, પૂર્વપક્ષી આગળમાં બતાવેલા દોષો આપે છે તે દોષો આવતા નથી.

પૂર્વપક્ષી જે દોષો આપે છે તે અને તેનું નિરાકરણ તે આ પ્રમાણે-

(૧) સામાન્ય રીતે કોઈ ચરક-પરિવ્રાજક હોય તેઓ ચરક-પરિવ્રાજકધર્મની આરાધનાથી ઉત્કૃષ્ટ પાંચમા દેવલોક સુધી જઈ શકે છે. જ્યારે પ્રસ્તુત ચતુર્ભંગીમાં આરાધક-વિરાધકનો અર્થ કર્યો એ પ્રમાણે, ચરક-પરિવ્રાજકને સમ્યગ્ જ્ઞાનાદિનો અભાવ હોવાથી અને '**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી વ્રત નહિ લેનાર એવા ચરક-પરિવ્રાજકને દેશવિરતિ અને સર્વવિરતિરૂપ શીલનો અભાવ હોવાથી, સર્વવિરાધક કહેવા પડશે. તેથી ચરક-પરિવ્રાજકધર્મની આરાધના કરનાર સર્વ જીવોને સર્વવિરાધક સ્વીકારીને તેઓ જ્યોતિષથી ઊર્ધ્વમાં ઉત્પન્ન થવા જોઈએ નહિ, એ પ્રકારનો પ્રસંગ પૂર્વપક્ષી આપે છે. તેથી શાસ્ત્રમાં ચરક-પરિવ્રાજક ઉત્કૃષ્ટથી પાંચમા દેવલોકમાં જાય છે એ કથન અસંગત થશે. તેથી '**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી વિરાધક માનવું ઉચિત નથી એ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે.

● નંબર-૧માં પૂર્વપક્ષીએ આપેલા ઉપરોક્ત દોષનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

પ્રસ્તુત ચતુર્ભંગીમાં વિરાધક પારિભાષિક છે, અને શાસ્ત્રમાં વિરાધક એવા ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઉપર ઉત્પત્તિનો અભાવ કહેલ છે તે પારિભાષિક વિરાધકને આશ્રયીને નથી, પરંતુ ચરક-પરિવ્રાજકે ગ્રહણ કરેલ પારિવ્રાજકધર્મની વિરાધનાથી છે; જ્યારે પ્રસ્તુત ચતુર્ભંગીમાં તેવી વિશેષ વિરાધનાને સામે રાખીને કથન નથી, માટે જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાતના અભાવનો પ્રસંગ આવતો નથી. માટે

'**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી ચતુર્ભંગીના બીજા ભાંગામાં દેશવિરાધક માનવાનો દોષ નથી.

પૂર્વપક્ષીએ જે બીજો દોષ આપેલ છે તેનું નિરાકરણ કરતાં '**न वा**'થી ગ્રંથકાર કહે છે, અને પૂર્વપક્ષીએ આપેલ બીજો દોષ આ પ્રમાણે છે-

(૨) સંયમ ગ્રહણ કરેલ નથી તેવો શ્રાવક સંયમનો વિરાધક થશે, તેથી તે શ્રાવક સૌધર્મથી ઉપર ઉત્પન્ન થઈ શકશે નહિ, એ પ્રકારનો દોષ પૂર્વપક્ષી આપે છે. સામાન્ય રીતે શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા દેવલોકમાં જાય છે, પરંતુ પ્રસ્તુતમાં'**अप्राप्तेर्वा**' એ વિકલ્પથી સંયમ નહિ ગ્રહણ કરેલ શ્રાવકને વિરાધક સ્વીકારીએ તો, સારામાં સારા આરાધક શ્રાવકને પણ સંયમનો વિરાધક માનવો પડે. આમ, શાસ્ત્રવચન પ્રમાણે શ્રાવક ઉત્કૃષ્ટથી બારમા દેવલોક સુધી જઈ શકે તેમ છે, છતાં તેને વિરાધક સ્વીકારવાથી તે શ્રાવક સૌધર્મ દેવલોકથી ઉપર જઈ શકે નહિ, તેમ માનવાની આપત્તિ પૂર્વપક્ષી આપે છે.

● પૂર્વપક્ષીએ આપેલા ઉપરોક્ત દોષ નંબર-૨ નું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

પ્રસ્તુત ચતુર્ભંગીમાં કહેલ વિરાધકપણું પારિભાષિક છે, માટે સંયમ નહિ ગ્રહણ કરેલ શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતના અભાવનો પ્રસંગ આવશે નહિ. કેમ કે શાસ્ત્રમાં જે શ્રાવક શ્રાવકપણાની વિરાધના કરે અને અતિચારની શુદ્ધિ કર્યા વગર કાળ કરે તો સૌધર્મ દેવલોકથી ઉપરમાં ઉત્પન્ન થાય નહિ તેમ કહેલ છે તે શ્રાવક પારિભાષિક વિરાધક નથી પરંતુ વાસ્તવિક વિરાધક છે; જ્યારે પ્રસ્તુત ચતુર્ભંગીમાં પારિભાષિક વિરાધક ગ્રહણ કરેલ છે. તેથી પૂર્વપક્ષીએ સંયમ નહિ ગ્રહણ કરેલ શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતના અભાવનો પ્રસંગ આપ્યો તે આવશે નહિ.

પૂર્વપક્ષીએ આપેલ ત્રીજા દોષનું નિરાકરણ કરતાં '**न वा**'થી ગ્રંથકાર કહે છે, અને તે ત્રીજો દોષ આ પ્રમાણે છે-

(૩) જેમણે સંયમ ગ્રહણ કર્યું નથી તેમને સંયમના વિરાધક સ્વીકારવામાં આવે તો, નિશ્ચયનયની દૃષ્ટિથી સંયમના વિરાધકને જ્ઞાન-દર્શનના વિરાધક કહેવામાં આવે છે; તે પ્રમાણે શ્રેણિકાદિને સર્વવિરાધક કહેવા પડે. અને શ્રેણિકાદિ સર્વવિરાધક પ્રાપ્ત થવાને કારણે તેમને તીર્થંકરનામકર્મની નિકાચના થઈ શકે નહિ, અને તીર્થંકરપણારૂપે ફરી મનુષ્યભવમાં આગમન થઈ શકે નહિ, કેમ કે જિનાજ્ઞાના આરાધકોને જ તીર્થંકરપણું પ્રાપ્ત થાય છે.

● પૂર્વપક્ષીએ આપેલા ઉપરોક્ત ત્રીજા દોષનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

ઉપરોક્ત દોષ નંબર- ૩ અમને આવશે નહિ, કેમ કે પ્રસ્તુત ચતુર્ભંગીમાં પારિભાષિક વિરાધક અમે ગ્રહણ કરેલ છે અને શાસ્ત્રમાં વિરાધક તીર્થંકર ન થાય તેમ જે કહેલું છે, તે રત્નત્રયીના વાસ્તવિક વિરાધકને આશ્રયીને કહેલ છે, પારિભાષિક વિરાધકને આશ્રયીને નહિ, માટે પૂર્વપક્ષીએ આપેલ દોષ નંબર- ૩ ઉચિત નથી.

પૂર્વપક્ષીએ આપેલા ચોથા દોષનું નિરાકરણ કરતાં '**नापि गृहे वसतां**' થી ગ્રંથકાર કહે છે, અને તે ચોથો દોષ આ પ્રમાણે છે-

(૪) નિશ્ચયનયની દૃષ્ટિએ વિચારીએ તો સંયમ નહિ ગ્રહણ કરનારને રત્નત્રયીનો અભાવ છે તેથી તેઓ સર્વવિરાધક છે. અને તેમ સ્વીકારીએ તો ઘરમાં રહેલા તીર્થંકરાદિ ચરમશરીરીઓને પણ પ્રતિસમય જ્ઞાનાદિના વિરાધક કહેવા પડે, તેથી અત્યંત અસમંજસપણાની=અનુચિતપણાની, પ્રાપ્તિ થાય.

● પૂર્વપક્ષીએ આપેલા ઉપરોકત ચોથા દોષનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે-

પ્રસ્તુત ચતુર્ભંગીમાં કહેલ વિરાધક પારિભાષિક હોવાને કારણે તીર્થંકરાદિ ચરમશરીરીઓને પણ જ્ઞાનાદિના વિરાધકની આપત્તિ આપીને અત્યંત અસમંજસપણું કહેવું ઉચિત નથી.

પૂર્વમાં કહ્યું કે પ્રાપ્તિસામાન્ય અન્યતરનું અપ્રાપ્તિપદાર્થપણું છે અને આરાધક-વિરાધક પારિભાષિક છે એ પ્રકારનું વચન છે. તેનાથી પૂર્વપક્ષીએ આપેલ પૂર્વોક્ત ચાર દોષોનું નિરાકરણ થઈ જાય છે તેમ બતાવીને, હવે તે દોષોનું નિરાકરણ કઈ રીતે થાય છે તે બતાવતાં ગ્રંથકારશ્રી કહે છે-

(૧-૨) પૂર્વપક્ષીએ આપેલ દોષ નંબર ૧-૨નું નિરાકરણ કઈ રીતે થાય છે તે બતાવતાં કહે છે કે, વિશેષની અપ્રાપ્તિનો સામાન્યઅપ્રાપ્તિપ્રયુક્ત વિરાધકપણામાં અનુપયોગ છે.

અહીં વિશેષની અપ્રાપ્તિ આ પ્રમાણે છે-

ચરક-પરિવ્રાજકપણું ગ્રહણ કર્યા પછી ચરક-પરિવ્રાજકપણાનો જે ભગ કરે છે તેનામાં ચરક-પરિવ્રાજકપણાના ભંગરૂપ વિશેષ શીલની અપ્રાપ્તિ કહેવાય. તે જ રીતે શ્રાવકપણું ગ્રહણ કર્યા પછી શ્રાવકપણાનો જે ભંગ કરે છે તેનામાં શ્રાવકપણાના ભંગરૂપ વિશેષ શીલની અપ્રાપ્તિ કહેવાય. અને તે વિશેષ શીલની અપ્રાપ્તિના કારણે ચરક-પરિવ્રાજક જ્યોતિષથી ઉપર ઉત્પન્ન ન થાય અને શ્રાવક સૌધર્મદેવલોકથી ઉપર ઉત્પન્ન

ન થાય એવું શાસ્ત્રવચન છે. તે શાસ્ત્રવચનને ગ્રહણ કરીને પૂર્વપક્ષીએ દોષ નંબર ૧-૨ આપેલ છે. તેને ગ્રંથકાર કહે છે કે વિશેષની અપ્રાપ્તિનું સામાન્યઅપ્રાપ્તિપ્રયુક્ત વિરાધકપણામાં અનુપયોગપણું છે. તે આ પ્રમાણે-

ચરક-પરિવ્રાજકે દેશવિરતિ કે સર્વવિરતિ સ્વીકારેલ નથી તેથી દેશવિરતિ કે સર્વવિરતિની અપ્રાપ્તિરૂપ શીલના તેઓ વિરાધક છે, અને શ્રાવકે સર્વવિરતિ સ્વીકારેલ નથી તેથી સર્વવિરતિની અપ્રાપ્તિરૂપ શીલના તેઓ વિરાધક છે; અને આવા સામાન્યઅપ્રાપ્તિપ્રયુક્ત વિરાધકમાં વિશેષ શીલની અપ્રાપ્તિનો ઉપયોગ નથી. અર્થાત્ શાસ્ત્રમાં વિશેષ શીલના વિરાધકને ગ્રહણ કરીને ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાત થતો નથી અને શ્રાવકનો સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાત થતો નથી તેમ કહ્યું, તેનો ઉપયોગ સામાન્યઅપ્રાપ્તિપ્રયુક્ત વિરાધકમાં થતો નથી. માટે પૂર્વપક્ષીએ ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાતનો પ્રસંગ અને સર્વવિરતિ નહિ ગ્રહણ કરેલ શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતનો પ્રસંગ આપ્યો તે પ્રાપ્ત થતો નથી.

અહીં પ્રશ્ન થાય કે વિરાધક એવા ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાતના અભાવરૂપ કે વિરાધક એવા શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતના અભાવરૂપ ફળવિશેષ તો પ્રાપ્ત થાય છે. તેથી તમે કહેલ પરિભાષા અર્થ વગરની થશે. તેથી કહે છે-

વાસ્તવિક વિરાધકપણાનું ફળવિશેષ પ્રાપ્ત થવાને કારણે અર્થાત્ ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વ ઉપપાતના અભાવરૂપ કે સર્વવિરતિ ગ્રહણ નહિ કરેલ એવા શ્રાવકને કે શ્રાવકવ્રતના વિરાધક એવા શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વ ઉપપાતના અભાવરૂપ ફળવિશેષ પ્રાપ્ત થવાને કારણે પ્રકૃત પરિભાષાનો ઉપક્ષય નહિ થાય, અર્થાત્ પ્રકૃત પરિભાષા નિરર્થક નહિ થાય.

આશય એ છે કે આગમમાં વિરાધક એવા ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વમાં ઉપપાતનો અભાવ અને વિરાધક એવા શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વમાં ઉપપાતનો અભાવ કહેલ છે, તે તેમણે ગ્રહણ કરેલા ચરક-પરિવ્રાજક વ્રતનું કે શ્રાવકે પોતાના ગ્રહણ કરેલા શ્રાવકપણાના વ્રતનું ઉલ્લંઘન કરેલ હોય અને પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ થયેલ ન હોય તેને આશ્રયીને છે. તેથી વ્યવહારમાં પ્રસિદ્ધ એવો વિરાધક શબ્દ સ્વીકારેલ વ્રતની વિરાધનાના અર્થમાં છે, અને તેવા વિરાધક ચરક-પરિવ્રાજકને જ્યોતિષથી ઊર્ધ્વમાં ઉત્પન્ન ન થવારૂપ અને શ્રાવકને સૌધર્મથી ઊર્ધ્વમાં ઉત્પન્ન ન થવારૂપ ફલવિશેષ પ્રાપ્ત થાય છે; તેથી પૂર્વપક્ષી પ્રસ્તુત ચતુર્ભંગીમાં કહેલ વિરાધકની પરિભાષાને વ્યર્થ કહે છે તે થઈ શકે નહિ. કેમ કે આગમમાં વિરાધકનું ફળ કહ્યું તે સ્વીકારેલ વ્રતના વિરાધકને

પ્રાપ્ત થાય છે, જ્યારે પ્રસ્તુત ચતુર્ભંગીમાં કહેલ પારિભાષિક વિરાધકને તેની સાથે કોઈ સંબંધ નથી. કેમ કે રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના કયા અંશનું તે સેવન કરતો નથી તે બતાવવા માટે પ્રસ્તુત ચતુર્ભંગીમાં તેને વિરાધક કહેલ છે. તેથી શાસ્ત્રમાં ભિન્ન પ્રકારના આશયથી બતાવાયેલ વિરાધકને ગ્રહણ કરીને પ્રસ્તુત ચતુર્ભંગીમાં ભિન્ન પ્રકારના આશયથી કરાયેલ વિરાધકની પરિભાષાનો નિષેધ કરી શકાય નહિ.

(૩) પૂર્વપક્ષીએ આપેલ ત્રીજા દોષનું વિશેષ નિરાકરણ કરતાં કહે છે કે શ્રેણિકાદિને સર્વવિરતિની અપ્રાપ્તિ છે તેથી તે દેશવિરાધક છે, એ સ્થળમાં નિશ્ચયનયનું આશ્રયણ કરીને તેમને સર્વવિરાધક કહેવામાં આવે તો, જેમણે સર્વવિરતિ ગ્રહણ કરીને સર્વવિરતિનો ત્યાગ કરેલ છે તેમને **'प्राप्तस्य तस्यापालनात्'** એ વચનના બળથી પૂર્વપક્ષી દેશવિરાધક સ્વીકારે છે, તે સ્થળમાં પણ નિશ્ચયનયનું આશ્રયણ કરીને સર્વવિરાધક કહેવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. અને તેમ સ્વીકારવામાં આવે તો પ્રસ્તુત ચતુર્ભંગીમાં દેશવિરાધકરૂપ બીજા ભાંગાનો ઉચ્છેદ પ્રાપ્ત થાય. અર્થાત્ પ્રસ્તુત ચતુર્ભંગીમાં દેશવિરાધક તરીકે કોઈ નથી તેમ સ્વીકારવાનો પ્રસંગ પ્રાપ્ત થાય.

અહીં પ્રશ્ન થાય કે નિશ્ચયનયની દૃષ્ટિથી વિચારીએ નહિ તો કઈ દૃષ્ટિથી વિચારીએ કે જેથી બીજો દેશવિરાધક ભાંગો સંગત થાય? તેથી કહે છે-

ચારિત્રની વિરાધનામાં પણ પશ્ચાત્તાપાદિના ભાવથી જ્ઞાન-દર્શનની આરાધના અને પશ્ચાત્તાપાદિના અભાવથી જ્ઞાન-દર્શનની વિરાધનારૂપ ભજનાનો સ્વીકાર છે પ્રધાન જેમાં એવા વ્યવહારનય વડે જ બીજા ભાંગાના ગ્રહણનો સંભવ છે.

આશય એ છે કે કોઈ જીવે ચારિત્ર ગ્રહણ કર્યા પછી ચારિત્રની વિરાધના કરેલ હોય અને તેનો પશ્ચાત્તાપ હોય તો જ્ઞાન-દર્શનની વિરાધના નથી, અને પશ્ચાત્તાપ ન હોય તો જ્ઞાન- દર્શનની વિરાધના છે, આ પ્રકારનો સ્વીકાર વ્યવહારનય કરે છે. તેવા વ્યવહારનયને આશ્રયીને જ દેશવિરાધકરૂપ બીજો ભાંગો સંગત થઈ શકે છે. તેથી **'प्राप्तस्य तस्यापालनात्'** એ વચનમાત્રના બળથી પણ પૂર્વપક્ષી બીજો ભાંગો સ્વીકારે, તો તેને જ્ઞાન-દર્શનની વિરાધનારૂપ ભજનાનો સ્વીકાર કરવામાં પ્રધાન એવા વ્યવહારનયનો જ આશ્રય લેવો પડે, તે સિવાય બીજો ભાંગો પ્રાપ્ત થાય નહિ.

અહીં પ્રશ્ન થાય કે આ રીતે વ્યવહારનયનું અવલંબન લઈને ગ્રહણ કરેલ વ્રતનો ભંગ કરનારને આશ્રયીને દેશવિરાધકરૂપ ભાંગો સંગત થઈ જાય, પરંતુ જેમણે વ્રત લીધું નથી તેવા શ્રેણિકાદિને દેશવિરાધક કઈ રીતે કહી શકાય? તેથી **'अप्राप्तेर्वा'** એ વિકલ્પથી દેશવિરાધક સ્વીકારવા ઉચિત નથી, એ પ્રકારની પૂર્વપક્ષીની શંકાને સામે રાખીને કહે છે-

પરિભાષાનું પણ શાસ્ત્રીયવ્યવહારવિશેષરૂપપણું હોવાથી ઉપચારગર્ભપણારૂપે ('**अप्राप्तेर्वा**' એ કથનમાં) તેના લક્ષણની=વિરાધકના લક્ષણની, ઉપપત્તિ થઈ શકે છે.

આશય એ છે કે જેમ લોકમાં 'ઘડો ઝવે છે' એ પ્રકારનો વ્યવહાર થાય છે, ત્યાં વાસ્તવિક રીતે ઘડો ઝવતો નથી પરંતુ પાણી ઝવે છે તો પણ ત્યાં ઉપચાર કરીને 'ઘડો ઝવે છે' તેમ કહેવાય છે; એ જ રીતે લોકવ્યવહારની જેમ શાસ્ત્રીયવ્યવહારવિશેષથી પણ ઔપચારિક પરિભાષા કરાય છે, તે આ રીતે-

કોઈ જીવે જે વ્રતો ગ્રહણ કર્યાં હોય તે વ્રતોની તે વિરાધના કરે ત્યારે તે જીવ વાસ્તવિક વિરાધક કહેવાય, અને જે જીવ રત્નત્રયીરૂપ મોક્ષમાર્ગના જે દેશની આરાધના ન કરતો હોય તે દેશનો તે અનારાધક કહેવાય. આમ છતાં, અનારાધકમાં વિરાધકનો ઉપચાર કરવો તે શાસ્ત્રીયવ્યવહારવિશેષ છે. આ રીતે શાસ્ત્રીયવ્યવહારવિશેષથી અનારાધકમાં વિરાધકપણાનો ઉપચાર સ્વીકારવામાં આવે તો, જે અવિરતસમ્યગ્દૃષ્ટિએ વ્રતો ગ્રહણ કર્યાં નથી તેમનામાં પણ વિરાધકનું લક્ષણ પ્રાપ્ત થાય. તેથી '**अप्राप्तेर्वा**' એ વિકલ્પમાં બતાવેલ અનારાધકમાં વિરાધકનું લક્ષણ સંગત થઈ જાય છે. અને તેને જ આશ્રયીને પ્રસ્તુત ચતુર્ભંગીમાં દેશવિરાધકરૂપ બીજો ભાંગો કહેલ છે. માટે પૂર્વપક્ષીએ આપેલ દોષ આવતો નથી.

(૪) પૂર્વપક્ષીએ આપેલ ચોથા દોષનું વિશેષ નિરાકરણ કરતાં કહે છે-

પરિભાષાના બળથી ચરમશરીરીઓનું પણ અનારાધકપણામાં પર્યવસિતપણું થવાને કારણે, પ્રતિસમય વિરાધકપણાવડે કરીને પૂર્વપક્ષીએ અસમંજસપણું કહેલ તેનો અભાવ છે, અર્થાત્ અસમંજસપણું નથી.

આશય એ છે કે ઘરમાં રહેલા તીર્થંકરાદિને નિશ્ચયનયની દૃષ્ટિથી જ્ઞાનાદિના વિરાધક સ્વીકારવાની આપત્તિ આપીને પૂર્વપક્ષીને એ કહેવું છે કે મહાગુણિયલ એવા તીર્થંકરના જીવોને પણ જ્ઞાનાદિના વિરાધક કહેવા તે અત્યંત અનુચિત છે, માટે વિરાધકની આવી પરિભાષા કરવી તે ઉચિત નથી.

પૂર્વપક્ષીના આ કથનના સમાધાનરૂપે ગ્રંથકાર કહે છે કે, પ્રસ્તુત પરિભાષાના બળથી જે ચરમશરીરી જીવો સર્વવિરતિના પ્રતિસમય વિરાધક પ્રાપ્ત થાય છે, તે અનારાધકમાં પર્યવસાન પામે છે. તેથી એ પ્રાપ્ત થાય કે તીર્થંકરાદિ ચરમશરીરી ચારિત્રના આરાધક નથી, પરંતુ જ્ઞાન-દર્શનના આરાધક છે, અને સંયમ ગ્રહણ કર્યા પૂર્વે અનારાધક અર્થમાં ચારિત્રના તેઓ વિરાધક છે, એમ સ્વીકારવામાં કોઈ અસમંજસપણું નથી.

**ટીકા :-**

**इत्थं च "गौतमादयो जिनाज्ञाराधका एव, जामाल्यादयस्तु विराधका एव, एकेन्द्रियादयः शाक्यादयश्चानाराधका एवेति राशित्रयस्य पुंस्त्रीक्लीब-राशित्रयवन्मिथः कस्यापि क्वाप्यन्तर्भावयितुमशक्यत्वादनाराधकस्य विराधक-पदेन ग्रहणमयुक्तम्" इति निरस्तं, अनाराधकमपि विराधकत्वेन परिभाष्य राशित्रयस्य पुरूषादीनां त्रयाणां पुरुषतद्व्यतिरिक्तपदाभ्यामिव द्वाभ्यां राशिभ्यामुपग्रहस्याश्रद्धायां स्याद्वादव्युत्पत्त्यभावस्यैव बीजत्वात्।**

---

**ટીકાર્થ :-**

**'इत्थं च'** અને આ રીતે=પૂર્વમાં કહ્યું કે અનારાધકમાં વિરાધકની પરિભાષા કરીને પ્રસ્તુત ચતુર્ભંગીમાં ઉપચારગર્ભવિરાધકના લક્ષણની ઉપપત્તિ છે એથી પૂર્વપક્ષીએ આપેલા કોઈ દોષો પ્રાપ્ત થતા નથી એ રીતે, પ્રસ્તુત કથન પણ નિરસ્ત જાણવું.

તે પ્રસ્તુત કથન આ પ્રમાણે છે.

**'गौतमादयो.....भावस्यैव बीजत्वात्।'** - ગૌતમાદિ મુનિઓ જિનાજ્ઞાના આરાધક જ, વળી જમાલિ આદિ વિરાધક જ, એકેન્દ્રિયાદિ અને શાક્યાદિ અનારાધક જ છે, એ પ્રમાણે ત્રણ રાશિનું, પુરુષ-સ્ત્રી અને નપુસંક એ ત્રણ રાશિની જેમ, પરસ્પર કોઈનો પણ, કયાંય પણ અંતર્ભાવ કરવા માટે અશક્યપણું હોવાથી, અનારાધકનું વિરાધકપદથી ગ્રહણ અયુક્ત છે, એ પ્રમાણે પૂર્વપક્ષીનું કથન પૂર્વના કથનથી નિરસ્ત જાણવું. કેમ કે પુરુષાદિ ત્રણનું પુરુષ અને તદ્વ્યતિરિક્ત પદ વડે જેમ બે રાશિમાં ઉપગ્રહ=ગ્રહણ, થાય છે, તેમ અનારાધકને પણં વિરાધકપણારૂપે પરિભાષા કરીને રાશિત્રણની=આરાધક, વિરાધક અને અનારાધક એ રાશિત્રણની, બે રાશિ વડે ગ્રહણની અશ્રદ્ધામાં સ્યાદ્વાદની વ્યુત્પત્તિના અભાવનું જ બીજપણું છે.

**ઉત્થાન :-**

ત્રણ રાશિનો બે રાશિમાં અંતર્ભાવ થઈ શકે છે એમ શ્રદ્ધા ન કરો તો સ્યાદ્વાદની વ્યુત્પત્તિના અભાવનું જ બીજપણું છે. તેને જ પુષ્ટ કરતાં કહે છે-

**ટીકા :-**

**षण्णां कायानामपि केवलं षट्त्वेन श्रद्धानस्यैकान्तविपर्यासकलङ्कित-त्वस्य सम्मत्यां श्रुतकेवलिनाऽभिधानात्।**

---

**ટીકાર્થ :-**

**'षण्णां.....अभिधानात्'** - છકાયોનું પણ કેવલ છપણારૂપે શ્રદ્ધાનનું એકાંત વિપર્યાસથી કલંકિતપણાનું સંમતિગ્રંથમાં શ્રુતકેવલી વડે અભિધાન છે.

**વિવેચન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે અનારાધકને ઉપચારથી વિરાધક કહી શકાય, તેથી પૂર્વપક્ષી જે કહે છે કે અનારાધકનું વિરાધકપદથી ગ્રહણ થઈ શકે નહિ, તે કથન નિરસ્ત થઈ જાય છે. આમ છતાં, પૂર્વપક્ષી પુરુષ, સ્ત્રી અને નપુંસકના દૃષ્ટાંતથી ત્રણ રાશિનો બે રાશિમાં અંતર્ભાવ થઈ શકે નહિ તેમ કહે છે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, પુરુષ અને પુરુષથી વ્યતિરિક્ત એ પદ દ્વારા પુરુષ, સ્ત્રી અને નપુંસકનું ગ્રહણ સ્યાદ્વાદી કરી શકે છે; તેમ પ્રસ્તુતમાં આરાધક અને આરાધકથી વ્યતિરિક્ત એ વિરાધક, એ પ્રકારની પરિભાષા કરી શકે છે. પૂર્વપક્ષીને સ્યાદ્વાદની વ્યુત્પત્તિનો બોધ નથી તેથી જ તે ત્રણ રાશિનો બે રાશિમાં અંતર્ભાવ સ્વીકારતો નથી, અને તેને જ પુષ્ટ કરતાં કહે છે કે, છ જીવનિકાયોને પણ માત્ર છ ભેદ રૂપે જ સ્વીકારવા એ એકાંત વિપર્યાસ કલંકિત છે, એ પ્રમાણે સંમતિગ્રંથમાં શ્રુતકેવલી શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજાએ કહેલ છે.

આનાથી એ ફલિત થયું કે જેમ પૃથ્વીકાયાદિ છ કાયોને પણ કોઈ એકાંત છ ભેદરૂપે જ સ્વીકારે, પણ તે છ કાયનો ત્રસ અને સ્થાવરરૂપ બે ભેદમાં અંતર્ભાવ કરીને બે ભેદ પણ છે તેમ ન સ્વીકારે, તો તે ષટ્કાયનું એકાંત શ્રદ્ધાન વિપર્યાસથી યુક્ત છે, એ પ્રમાણે સંમતિગ્રંથમાં કહેલ છે. તે રીતે પ્રસ્તુતમાં પણ આરાધક, વિરાધક અને અનારાધકરૂપ ત્રણ રાશિનો બે રાશિમાં અંતર્ભાવ ન સ્વીકારે તે વિપર્યાસ જ છે.

**ટીકા :-**

यत्तूच्यते परेण "यद्याज्ञाराधकव्यतिरिक्तत्वेन विराधकः परिभाष्यते तदा विराधकव्यतिरिक्तत्वेनाऽऽराधकोऽपि परिभाषितुं शक्यते" इति तदयुक्तं, अनुपरतत्वेन विराधकत्वे परिभाष्यमाणे परिभाषकेच्छायामीदृशकुसृष्ट्यनारोहात्।

---

**ટીકાર્થ :-**

**'यत्तु.....अनारोहात्'** - જો આજ્ઞાઆરાધકવ્યતિરિક્તપણારૂપે=આજ્ઞાઆરાધકથી ભિન્નરૂપે, વિરાધક પરિભાષા કરો છો, તો વિરાધકવ્યતિરિક્તપણારૂપે આરાધક, પણ પરિભાષા કરવા માટે શક્ય છે, એ પ્રમાણે જે બીજાઓ કહે છે તે અયુક્ત છે. કેમ કે અનુપરતપણારૂપે વિરાધકપણું પરિભાષ્યમાણ હોતે છતે પરિભાષકની ઈચ્છામાં આવા કુસર્જનનો અનારોહ છે.

**વિવેચન :-**

પર વડે=પૂર્વપક્ષી વડે, જે કહેવાયું કે આજ્ઞાઆરાધકભિન્નપણારૂપે વિરાધકની પરિભાષા કરો છો તો વિરાધકભિન્નપણારૂપે આરાધકની પરિભાષા પણ કરી શકાય છે. તેને ગ્રંથકાર કહે છે કે એમ કહેવું અયુક્ત છે, કેમ કે પ્રસ્તુત ચતુર્ભંગીમાં પાપવ્યાપારથી વિરામ ન પામેલ હોય તે વિરાધક છે, એ પ્રમાણે પરિભાષા કરવાની પરિભાષકની ઈચ્છા હોવાથી આવા કુત્સિત સર્જનનો અવકાશ નથી.

આશય એ છે કે અનારાધક પણ પાપથી વિરામ નહિ પામેલો હોવાથી વિરાધક કહેવો સંગત છે, કેમ કે મોક્ષમાર્ગને પ્રતિકૂળ એવા પાપનું સેવન તે કરે છે; પરંતુ સંયમને લઈને ભાંગે તે વિરાધક અને તેનાથી ભિન્ન તે આરાધક તેમ કહેવું ઉચિત નથી. કેમ કે તેવા વિરાધકથી વ્યતિરિક્ત બે પ્રકારના જીવો પ્રાપ્ત થાય. એક સંયમના આરાધક અને બીજા સંયમના અનારાધક. (જેમણે સંયમગ્રહણ કર્યું નથી, તેથી સંયમની આરાધના કરતા નથી તેઓ સંયમના અનારાધક છે.) આ બંનેમાંથી સંયમના આરાધકને આરાધક કહેવા તે બરાબર છે, પરંતુ સંયમના અનારાધકને પણ સંયમના આરાધક કહેવા તે તદ્દન અનુચિત છે. અને જેઓ સંયમને ગ્રહણ કરીને બરાબર પાળે નહિ તેઓ વિરાધક, અને તેનાથી ભિન્ન તે આરાધક, એમ કહેવાથી સંયમના અનારાધકને પણ આરાધક માનવાનો પ્રસંગ પ્રાપ્ત થાય. આવું કુસર્જન પરિભાષા કરનારની ઈચ્છામાં આરોહ થયેલ નથી, તેથી તેવી પરિભાષા કરવી ઉચિત ન કહેવાય.

**ટીકા :-**

**ननु यद्येवं शीलस्याऽप्राप्त्यापि देशविराधकत्वमनुमतं तदा श्रुताऽप्राप्त्यापि तत्स्यात् किञ्चैवं शीलाप्राप्त्या शीलविराधकोऽपि श्रुतप्राप्त्याराधकः स्यादिति देशविराधकाराधकसाङ्कर्यादव्यवस्थेत्यत आह-क्रियाप्राधान्यमाश्रित्य इति क्रियापेक्षया हि देशत आराधकत्वं विराधकत्वं चात्र विवक्षितम्, श्रुतापेक्षया तु तत्सदपि नादृतम्, समुदयवादेऽप्यनन्तरकारणत्वेन क्रियाप्राधान्यस्य विवक्षणात्, यदाह भगवान् भद्रबाहुः-**

[१]जम्हा दंसणनाणा संपुण्णफलं न दिन्ति पत्तेअं ।
चारित्तजुआ दिन्ति हु विसिस्सए तेण चारित्तं ॥

**भाष्यकारोप्याह-** नाणं परं परमणन्तरा उ किरिया तयं पहाणयरं । जुत्तं कारणं । **इति** ।

---

**ટીકાર્થ :-**

**'ननु यद्येवं.....अव्यवस्थेत्यत'** - પૂર્વપક્ષી કહે છે કે, જો આ રીતે શીલની અપ્રાપ્તિથી પણ તે= દેશવિરાધકપણું, અનુમત છે, તો શ્રુતની અપ્રાપ્તિથી પણ તે=દેશવિરાધકપણું, થાય. અને વળી એ જ રીતે શીલની અપ્રાપ્તિથી શીલવિરાધક પણ શ્રુતની પ્રાપ્તિથી આરાધક થાય. એથી કરીને દેશવિરાધક અને દેશઆરાધકનું સાંકર્ય થવાથી અવ્યવસ્થા થશે.

એથી કરીને ગ્રંથકાર કહે છે-

**'क्रियाप्राधान्य.....विवक्षणात्'** - ક્રિયાના પ્રાધાન્યને આશ્રયીને=ક્રિયાની અપેક્ષાએ, દેશથી આરાધકપણું અને દેશથી વિરાધકપણું અહીંયાં=પ્રસ્તુત ચતુર્ભંગીમાં, વિવક્ષિત છે. વળી શ્રુતની અપેક્ષાએ=શ્રુતને આશ્રયીને, તે=દેશઆરાધકપણું અને દેશવિરાધકપણું, હોવા છતાં પણ સ્વીકારાયેલ નથી. કેમ કે સમુદયવાદમાં પણ અનંતર કારણ હોવાને કારણે ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા છે.

જે કારણથી ભગવાન ભદ્રબાહુ સ્વામી કહે છે-

**'जम्हा.....तेण चारित्तं'** જે કારણથી દર્શન અને જ્ઞાન પ્રત્યેક સંપૂર્ણ ફળ આપતા નથી, ચારિત્રયુક્ત (દર્શન અને જ્ઞાન) ફળ આપે છે, તેથી ચારિત્ર વિશેષ છે.

ભાષ્યકાર પણ કહે છે-

**'नाणं.....जुत्तं कारणं। इति।'** જ્ઞાન એ પરંપર કારણ છે અને ક્રિયા અનંતર

---

१. यस्माद्दर्शनज्ञाने संपूर्णफलं न दत्तः प्रत्येकम् । चारित्रयुते दत्तः खलु विशिष्यते तेन चारित्रम् ॥

કારણ છે, તેથી પ્રધાનતર કારણ (ક્રિયા હોવી) યુક્ત છે.
'**इति**' શબ્દ કથનની સમાપ્તિ સૂચક છે.

● '**शीलस्याऽप्राप्त्यापि**' અહીં '**अपि**' થી એ સમુચ્ચય કરવો છે કે શીલના અપાલનથી તો દેશવિરાધકપણું અનુમત છે, પણ શીલની અપ્રાપ્તિથી પણ દેશવિરાધકપણું અનુમત છે.

● '**श्रुताऽप्राप्त्यापि**' અહીં '**अपि**' થી એ સમુચ્ચય કરવો છે કે શીલની અપ્રાપ્તિથી તો દેશવિરાધકપણું અનુમત છે, તો શ્રુતની અપ્રાપ્તિથી પણ દેશવિરાધકપણું થાય.

**વિવેચન :-**

પૂર્વપક્ષી એ કહે છે કે, શીલની અપ્રાપ્તિથી સમ્યગ્દૃષ્ટિ દેશવિરાધક બને છે તેની જેમ, શ્રુતની અપ્રાપ્તિથી દેશઆરાધક એવો બાલ તપસ્વી દેશવિરાધક પ્રાપ્ત થશે, અને વળી એ જ રીતે શીલની અપ્રાપ્તિથી શીલવિરાધક એવો સમ્યગ્દૃષ્ટિ પણ શ્રુતની પ્રાપ્તિથી દેશઆરાધક માનવો પડશે. એથી કરીને એક જ સમ્યગ્દૃષ્ટિમાં દેશવિરાધક અને દેશઆરાધકનું સાંકર્ય થવાથી, અને એક જ બાલતપસ્વી અને ગીતાર્થ-અનિશ્રિત-અગીતાર્થમાં શીલની અપેક્ષાએ આરાધકપણું અને શ્રુતની અપેક્ષાએ વિરાધકપણું પ્રાપ્ત થવાને કારણે સાંકર્ય થશે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકારે શ્લોક-૩ ના ઉત્તરાર્દ્ધમાં ક્રિયાના પ્રાધાન્યને આશ્રયીને આ પરિભાષા કરેલ છે એમ કહેલ છે. અને તે જ સ્પષ્ટ કરતાં કહે છે કે, ક્રિયાની અપેક્ષાએ દેશથી આરાધકપણું અને દેશથી વિરાધકપણું પ્રસ્તુત ચતુર્ભંગીમાં વિવક્ષિત છે, શ્રુતની અપેક્ષાએ તે બંને હોવા છતાં પણ વિવક્ષા નથી. કેમ કે '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એ સમુદયવાદમાં પણ મોક્ષનું અનંતર કારણ ક્રિયા હોવાને કારણે ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા કરેલ છે.

આશય એ છે કે શ્રુત અને શીલરૂપ સમુદાયને મોક્ષના કારણ તરીકે સ્વીકારનાર જે સ્થિતપક્ષ=પ્રમાણપક્ષ, છે, તે સમુદયવાદ છે, અને તેને આશ્રયીને '**ज्ञानक्रियाभ्यां मोक्षः**' એ સૂત્ર પ્રવર્તે છે. તેમ જ્ઞાનને મોક્ષનું કારણ કહેનાર જ્ઞાનનય છે, અને ક્રિયાને મોક્ષનું કારણ કહેનાર ક્રિયાનય છે. તેમાં ક્રિયાને મોક્ષનું કારણ સ્વીકારનાર નયવાદની અપેક્ષાએ તો ક્રિયાની પ્રધાનતા છે, પરંતુ જ્ઞાન અને ક્રિયા ઉભયને કારણ સ્વીકારનાર સમુદયવાદમાં પણ મોક્ષનું અનંતર કારણ ક્રિયા હોવાથી ક્રિયાની પ્રધાનતા છે; કેમ કે કેવલજ્ઞાન થયા પછી પણ યોગનિરોધરૂપ ક્રિયા જ મોક્ષનું સાક્ષાત્ કારણ છે, તેથી ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા કરેલ છે; અને તે દૃષ્ટિને સામે રાખીને જ પ્રસ્તુત ચતુર્ભંગી

ટીકા :-

शुद्धक्रियाप्राधान्यं च विचित्रक्रियाणां प्राधान्यव्यवस्थापनेन निर्वाह्यत इति क्रियाप्राधान्यमात्रानुगतविचित्रनैगमाभिप्रायादित्थमुक्तिरिति भावः।

---

કરેલ છે. તેથી ક્રિયાને આશ્રયીને જ કોણ દેશઆરાધક અને કોણ દેશવિરાધક એ પ્રકારના પ્રથમ બે ભાંગા પાડેલ છે, અને તે કારણે શ્રુતના પ્રાધાન્યની વિવક્ષા કરેલ નથી. તેથી દેશઆરાધક અને દેશવિરાધકના સાંકર્યની આપત્તિ આપવી સંગત નથી. અને ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા કરેલ છે તેને જ પૂજ્ય ભદ્રબાહુસ્વામીએ આપેલ સાક્ષી દ્વારા અને ભાષ્યકારની સાક્ષી દ્વારા પુષ્ટ કરેલ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે આ રીતે સમુદયવાદમાં અનંતર કારણ ક્રિયા હોવાને કારણે ક્રિયાનું પ્રાધાન્ય બતાવ્યું તે યોગનિરોધની ક્રિયા છે, અને તે શુદ્ધક્રિયા છે. અર્થાત્ જીવનું સંપૂર્ણ વીર્ય કોઈપણ પુદ્ગલમાં કે મન-વચન-કાયામાં ન પ્રવર્તતાં ફક્ત શુદ્ધ આત્મસ્વરૂપમાં પ્રતિષ્ઠાન પામવાને અનુરૂપ તે ક્રિયા છે. તેથી શુદ્ધક્રિયાના પ્રાધાન્યની પ્રાપ્તિ થઈ, પણ પ્રથમ ભૂમિકાની બાહ્ય આચારણારૂપ માર્ગાનુસારી ક્રિયાના પ્રાધાન્યની પ્રાપ્તિ થતી નથી. તેથી કહે છે-

**ટીકાર્થ :-**

'**शुद्धक्रिया..... मुक्तिरिति भावः।**' અને શુદ્ધક્રિયાનું પ્રાધાન્ય વિચિત્ર પ્રકારની ક્રિયાનાં પ્રાધાન્યના વ્યવસ્થાપનથી નિર્વાહ થાય છે. એથી કરીને ક્રિયાપ્રાધાન્યમાત્રઅનુગત વિચિત્ર નૈગમનયના અભિપ્રાયથી આ પ્રકારે ઉક્તિ છે, અર્થાત્ દેશઆરાધક અને દેશવિરાધકનું કથન છે. એ પ્રમાણે ભાવ છે.

**વિવેચન :-**

શુદ્ધક્રિયાની પ્રધાનતા એ શુદ્ધક્રિયાના દૂર-દૂરવર્તી બીજભૂત એવી વિવિધ પ્રકારની માર્ગાનુસારીક્રિયાની પ્રધાનતાના વ્યવસ્થાપનથી નિર્વાહ થાય છે. એથી કરીને ક્રિયાની પ્રધાનતામાત્રને અનુસરનાર વિચિત્ર નૈગમનયના અભિપ્રાયથી આ ભાંગાઓનું કથન સંગત થાય છે, એ પ્રમાણે આશય છે.

**ટીકા :-**

**यदि च जिनोक्तसामाचारीमात्रभङ्गेनैव देशविराधकत्वं स्याच्छ्रुतवतस्तदा निह्नवस्य सर्वविराधकफलं न स्याद्देशविराधकस्य सतः श्रुताभावेन देशाराधकस्य च श्रुताप्राप्तिशीलाभावाभ्यां, सर्वाराधकस्य च युगपदुभयाभावात्तदुपपत्तेः।**

---

**વિશેષાર્થ :-**

નૈગમનય શુદ્ધ-અશુદ્ધરૂપ છે. પ્રસ્થકમાં પ્રસ્થકની અતિ આસન્ન ક્રિયાને પ્રસ્થક કરે છે એમ શુદ્ધ નૈગમનય કહે છે; જ્યારે અશુદ્ધ નૈગમનય તેના દૂર-દૂરવર્તી કારણરૂપ પ્રસ્થક માટે લાકડાં લેવા જવાની ક્રિયાને પણ, પ્રસ્થકનું કારણ હોવાને કારણે પ્રસ્થક કરે છે એમ કહે છે. એ જ રીતે મોક્ષનું અનંતર કારણ યોગનિરોધની ક્રિયા છે, અને તેનું કારણ ક્ષપકશ્રેણિ આદિની ક્રિયાઓ છે, અને તે પરંપરાએ ઠેઠ અપુનર્બંધકની માર્ગાનુસારીક્રિયાથી તેરમા ગુણસ્થાનકના અંતે કરાતી યોગનિરોધની ક્રિયા સુધીની દરેક ક્રિયા ક્રમે કરીને મોક્ષનું કારણ બને છે. તેથી ક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા કરવામાં આવે તો, જેમ મોક્ષના પ્રત્યે સાક્ષાત્ કારણરૂપ શુદ્ધક્રિયાના પ્રાધાન્યની વિવક્ષા કરાય છે, તેમ તેના દૂર- દૂરવર્તી સર્વ ક્રિયાના પ્રાધાન્યની નૈગમનયને આશ્રયીને વિવક્ષા કરવામાં આવે, તો જ શુદ્ધક્રિયાના પ્રાધાન્યનો નિર્વાહ થાય છે. અને તે બતાવવા માટે પ્રસ્તુત ચતુર્ભંગીમાં ક્રિયાની પ્રધાનતા રાખીને દેશઆરાધક કે દેશવિરાધક કહેલ છે, પરંતુ શ્રુતની પ્રધાનતા રાખીને વિવક્ષા કરેલ નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં '**अप्राप्तेर्वा**' એ કથનથી અપ્રાપ્તિથી પણ દેશવિરાધક સિદ્ધ કરીને તેમાં આવતા દોષોનો પરિહાર કર્યો. વળી તેની જ પુષ્ટિ માટે '**यदि च**' થી કહે છે-

**ટીકાર્થ :-**

'**यदि च.....तदुपपत्तेः**' - અને જો જિનોક્ત સામાચારીમાત્રના ભંગથી જ શ્રુતવાળાનું દેશવિરાધકપણું થાય તો નિહ્નવને સર્વવિરાધકનું ફળ નહિ થાય, કેમ કે (૧) દેશવિરાધકને શ્રુતના અભાવથી (૨) દેશઆરાધકને શ્રુતની અપ્રાપ્તિ અને શીલના અભાવથી અને (૩) સર્વઆરાધકને એકીસાથે ઉભયના અભાવથી=શ્રુત અને શીલ ઉભયના અભાવથી, તેની ઉપપત્તિ થાય છે, અર્થાત્ સર્વવિરાધકના ફળની ઉપપત્તિ થાય છે.

• '**जिनोक्तसामाचारीमात्रभङ्गेनैव**' અહીં '**जिनोक्तसामाचारीमात्र**' એમ કહેવાથી અન્ય સામાચારીના ભંગથી વિરાધક નથી બનતો, જિનોક્ત સામાચારીના ભંગથી વિરાધક બને છે; અને '**एव**' કારથી એ કહેવું છે કે જિનોક્ત સામાચારીના ભંગથી જ વિરાધક બને છે અપ્રાપ્તિથી નથી બનતો, એમ પૂર્વપક્ષીનું કહેવું છે.

**વિવેચન :-**

તાત્પર્ય એ છે કે પૂર્વપક્ષી જિનોક્ત સામાચારી માત્રના ભંગથી જ દેશવિરાધક સ્વીકારે છે, અને કહે છે કે જેમણે સાધુપણું ગ્રહણ કરેલ છે અને સમ્યક્ત્વ પામેલા છે તેઓ શ્રુતવાળા છે, આમ છતાં, ભગવાને કહેલ સામાચારી બરાબર પાળતા નથી તેઓ દેશવિરાધક છે; જ્યારે ગ્રંથકારે પૂર્વમાં સ્થાપન કર્યું કે સમ્યગ્દૃષ્ટિ જીવ સાધુપણું લઈને ભાંગે તો તે દેશવિરાધક છે, તેમ સમ્યક્ત્વ પામ્યા પછી જેમને દેશવિરતિ કે સર્વવિરતિની પ્રાપ્તિ થઈ નથી તેઓ પણ દેશવિરાધક છે. અને પૂર્વપક્ષી કહે છે તેમ સાધુસામાચારી માત્રના ભંગથી જો દેશવિરાધક સ્વીકારવામાં આવે તો, નિહ્નવો ઉત્સૂત્રભાષણ કરે છે ત્યારે તેનામાં મિથ્યાત્વ આવે છે તેથી તેઓ શ્રુતવાળા નથી, આમ છતાં, જમાલિ આદિ નિહ્નવો સાધુસામાચારીનું યથાર્થ પાલન કરનાર છે તેથી તેવા નિહ્નવોને પૂર્વપક્ષીના કથન પ્રમાણે દેશઆરાધક સ્વીકારવા પડે; અને શાસ્ત્રકારે તેઓને સર્વવિરાધકના ફળરૂપ દુરંત સંસારની પ્રાપ્તિ કહી છે, તે વાત પૂર્વપક્ષીના કથનને સ્વીકારવાથી સંગત થાય નહિ, કેમ કે પૂર્વપક્ષીના કથન પ્રમાણે તેઓ દેશવિરાધક બને છે પણ સર્વવિરાધક બનતા નથી.

નિહ્નવોને સર્વવિરાધકના ફળની પ્રાપ્તિ નહિ થાય તે બતાવવા માટે કહ્યું કે, દેશવિરાધકને શ્રુતનો અભાવ થાય તો સર્વવિરાધક બને, દેશઆરાધકને શ્રુતની અપ્રાપ્તિ અને શીલનો અભાવ થાય તો સર્વવિરાધક બને અને સર્વઆરાધકને એકી સાથે શ્રુત અને શીલ બંનેનો અભાવ થાય તો સર્વવિરાધક બને.

તેનો ભાવ એ છે કે-

(૧) દેશવિરાધક સમ્યગ્દૃષ્ટિ છે. તેમને મિથ્યાત્વ પ્રાપ્ત થાય તો શ્રુતનો અભાવ થાય તેથી તે સર્વવિરાધક બને.

(૨) દેશઆરાધક માર્ગાનુસારી દ્રવ્યક્રિયા કરનાર છે. તેમને સમ્યક્ત્વ પ્રાપ્ત ન થાય તો શ્રુતની અપ્રાપ્તિ થાય અને માર્ગાનુસારી દ્રવ્યક્રિયારૂપ શીલનો પણ અભાવ થાય તો તે સર્વવિરાધક બને.

(૩) સર્વઆરાધક સમ્યક્ત્વવાળો અને ભાવથી ચારિત્રના પરિણામવાળો છે.

**ટીકા :-**

**अथ निह्नवस्यापि नवमग्रैवेयकपर्यन्तोपपातानुरोधेन सामाचार्यपेक्षया देशाराधकत्वस्वीकारेऽपि उत्सूत्रप्ररूपणेन गृहीतद्वितीयव्रतभङ्गापेक्षया विराधकत्वमपि स्वीक्रियत एव, अत एव ग्रैवेयकेष्वपि निह्नवस्य देवदुर्गततयोत्पादः।**

---

તેમને એકી સાથે જ મિથ્યાત્વ અને ચારિત્રના અભાવની પ્રાપ્તિ થાય તો સર્વવિરાધક બને.

હવે જો નિહ્નવને સર્વવિરાધક સ્વીકારીએ તો તેમાં યુગપદ્ શ્રુત અને શીલ બંનેનો અભાવ માનવો પડે. તો જ તેમને દુરંત સંસારની પ્રાપ્તિરૂપ ફળ સંગત થાય. અને નિહ્નવ વાસ્તવિક રીતે જિનોક્ત સામાચારીનો ભંગ કરતા નથી, પરંતુ તેઓમાં મિથ્યાત્વને કારણે શ્રુત નથી અને અસદ્ગ્રહને કારણે પ્રધાન દ્રવ્યશીલ પણ નથી, તેમ માનીએ તો જ યુગપદ્ શ્રુત અને શીલ બંનેનો અભાવ પ્રાપ્ત થાય, અને તો જ સર્વવિરાધકનું ફળ તેમાં સંગત થાય. પરંતુ પૂર્વપક્ષીએ કહ્યું કે સાધુસામાચારીના ભંગથી વિરાધક થાય તો તેના મતે નિહ્નવ સર્વવિરાધક બને નહિ, પણ મિથ્યાત્વની પ્રાપ્તિને કારણે દેશવિરાધક બને, અને તેમ સ્વીકારીએ તો નિહ્નવને સર્વવિરાધકનું ફળ જે શાસ્ત્રમાં કહ્યું છે તે સંગત થાય નહિ.

● અહીં નિહ્નવ સર્વવિરાધક નહિ થાય એમ ન કહેતાં નિહ્નવને સર્વવિરાધકનું ફળ નહિ થાય એમ એટલા માટે કહેલ છે કે, પૂર્વપક્ષી નિહ્નવને સર્વવિરાધક તરીકે ન પણ સ્વીકારે, કેમ કે જિનોક્ત સામાચારીનું તેઓ પાલન કરે છે; જ્યારે સર્વવિરાધકનું ફળ દુરંત સંસારની પ્રાપ્તિ શાસ્ત્રસિદ્ધ છે. તેથી તે ઉભયસંમત છે.

**ઉત્થાન :-**

ઉપરમાં નિહ્નવને સર્વવિરાધકનું ફળ નહિ થાય એમ કહ્યું, તેનું સમાધાન કરતાં પૂર્વપક્ષી '**अथ**' થી કહે છે-

**ટીકાર્થ :-**

'**अथ.....देवदुर्गततयोत्पादः।**' - નિહ્નવનો પણ નવમા ગૈવેયક પર્યંત ઉપપાત થાય છે. તેના અનુરોધથી સામાચારીની અપેક્ષાએ દેશઆરાધકપણું સ્વીકારવા છતાં પણ, ઉત્સૂત્રપ્રરૂપણા દ્વારા ગ્રહણ કરેલ બીજા વ્રતના ભંગની અપેક્ષાએ વિરાધકપણું

**ટીકા :-**

**देवदुर्गतत्वं च न केवलं देवकिल्बिषिकत्वादिनैव, तत्र तेषामभावात्, किन्तु सम्मोहत्वेन। स च देवदुर्गतस्ततश्च्युतोऽनन्तकालं संसारे परिभ्रमति यदागमः-[ आउरपच्चक्खाणे ]**

[१]कन्दप्पदेवकिव्विसअभिओगा आसुरी य सम्मोहा ।
ता देवदुग्गईओ मरणम्मि विराहिए हुन्ति ॥३९॥

**सम्मोहत्ति=सम्मोहयन्त्युन्मार्गदेशनादिना मोक्षमार्गाद् भ्रंशयन्ति ये ते सम्मोहाः, संयता अप्येवंविधाः देवत्वेनोत्पन्नाः सम्मोहा इति न कोऽपि दोष इति चेत्? न,**

---

પણ સ્વીકારાય જ છે. આથી કરીને જ ગ્રૈવેયકમાં પણ નિહ્નવનો દેવદુર્ગતપણારૂપે ઉપપાત થાય છે. (આથી નિહ્નવને સર્વવિરાધકનું ફળ સંગત થશે, એ પ્રમાણે પૂર્વપક્ષીનો અભિપ્રાય છે.)

**ઉત્થાન :-**

અહીં કોઈને પ્રશ્ન થાય કે નિહ્નવને દેવદુર્ગતપણું નથી, કેમ કે દેવદુર્ગતપણું કિલ્બિષિક દેવોને હોય છે. તેનું સમાધાન કરતાં પૂર્વપક્ષી કહે છે-

**ટીકાર્થ :-**

**'देवदुर्गतत्वं.....परिभ्रमति'** - દેવદુર્ગતપણું કેવલ કિલ્બિષિકત્વાદિ વડે જ નથી, કેમ કે ત્યાં= ગ્રૈવેયકમાં, તેઓનો=કિલ્બિષિકનો અભાવ છે, પરંતુ સંમોહપણાવડે (ગ્રૈવેયકમાં દેવદુર્ગતપણું છે), અને તે દેવદુર્ગત ત્યાંથી ચ્યવેલો અનંતકાળ સંસારમાં પરિભ્રમણ કરે છે.

જે કારણથી આગમ આ પ્રમાણે છે-

**'कन्दप्प.....हुन्ति ॥३९॥'** - કંદર્પદેવ, કિલ્બિષિક, આભિયોગિક, આસુરી અને સંમોહ (તે દેવદુર્ગતિ છે), અને તે દેવદુર્ગતિઓ મરણમાં વિરાધના થઈ હોય તો થાય છે.

સંમોહની વ્યુત્પત્તિ દેખાડતાં કહે છે-

**'सम्मोहत्ति.....इति चेत्?'** - સંમોહ પમાડે અર્થાત્ ઉન્માર્ગદેશનાદિવડે મોક્ષમાર્ગથી જેઓ ભ્રંશ કરે તેઓ સંમોહ કહેવાય છે. સંયતો પણ આવા પ્રકારના

---

१. कन्दर्पदेवकिल्बिषाभियोगा आसुरी च सम्मोहा । ता देवदुर्गतयो मरणे विराधिते भवन्ति ॥

**इत्थं सति सर्वविराधकस्यास्य क्रियामात्रेण देशाराधककथनस्य भवतोऽन्याय्यत्वात्**। [1]"देसोवगारिया जा सा समवायम्मि संपुन्ना" [वि०भा०११६४] **इति भाष्यकारवचनेन देशोपकारिण्या दलरूपाया एव क्रियाया अत्र ग्रहणौचित्यात्, अत एव व्रतक्रियाग्रहणमत्र व्रतानुगतत्वेन क्रियाया मार्गानुसारित्वपर्यवसनार्थम्, न तु परस्येव गृहीतव्रतसामाचार्यपेक्षयैव विराधकत्वघटनायेति बोध्यम्**।

---

દેવપણા વડે=દેવદુર્ગતપણા વડે, ઉત્પન્ન થયેલા સંમોહ દેવ કહેવાય છે. એથી કરીને (નિહ્નવને સર્વવિરાધકના ફળની ઉપપત્તિ થાય છે માટે) કોઈપણ દોષ નથી. એ પ્રકારે પૂર્વપક્ષી કહે છે.

**'न, इत्थं सति.....घटनायेति बोध्यम्।'** - પૂર્વપક્ષીના કથનનો ઉત્તર આપતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે આ પ્રમાણે હોતે છતે=પૂર્વપક્ષીના કહ્યા મુજબ નિહ્નવને સર્વવિરાધકના ફળની ઉપપત્તિ થાય છે એમ હોતે છતે, સર્વવિરાધક એવા આમનું=નિહ્નવનું, સાધુસામાચારીરૂપ ક્રિયામાત્રથી તમારા દેશઆરાધકના કથનનું અન્યાયપણું છે. કેમ કે જે દેશોપકારિતા છે તે સમુદાયમાં સંપૂર્ણ છે એ પ્રમાણે ભાષ્યકારના વચન વડે અહીંયાં=દેશવિરાધક ભાંગામાં, દેશઉપકારીદલરૂપ ક્રિયાનું જ ગ્રહણ કરવું ઉચિત છે, આથી કરીને જ (મૂળશ્લોક-૩માં વ્રતક્રિયાનું ગ્રહણ) અહીંયાં=દેશવિરાધક ભાંગામાં, વ્રતઅનુગતપણાવડે ક્રિયાનું માર્ગાનુસારીપણામાં પર્યવસાન અર્થક છે, નહિ કે પરની જેમ ગ્રહણ કરાયેલ વ્રતસામાચારીની અપેક્ષાએ જ. અર્થાત્ વ્રતસામાચારીના ભંગની અપેક્ષાએ જ વિરાધકપણાના ઘટન માટે, એ પ્રમાણે જાણવું.

**વિવેચન :-**

પૂર્વમાં ગ્રંથકારે સ્થાપન કર્યું કે જિનોક્ત સામાચારીમાત્રના ભંગથી જ દેશવિરાધક સ્વીકારવામાં આવે તો નિહ્નવને સર્વવિરાધકનું ફળ થશે નહિ. ત્યાં '**अथ**'થી પૂર્વપક્ષી નિહ્નવને જિનોક્ત સામાચારીના પાલનથી દેશઆરાધક સ્વીકારીને સર્વવિરાધકનું ફળ કઈ રીતે સંગત થશે તે બતાવતાં કહે છે કે, ભગવાને કહેલ સાધુસામાચારીપાલનના બળથી નિહ્નવ નવમા ગ્રૈવેયક સુધી જઈ શકે છે. તેથી જિનોક્ત સાધુસામાચારીપાલનના બળથી નિહ્નવને દેશઆરાધક સ્વીકારીએ તો કોઈ દોષ નથી. અને ઉત્સૂત્રપ્રરૂપણા

---

१. अस्य पूर्वार्धः- वीसुंग सव्वहच्चिय सिकतातैल्लं व साहणाभावो ॥
विश्वग् न सर्वथैव सिकतातैल इव साधनाभावः देशोपकारिता या सा समवाये संपूर्णा ॥

કરવાને કારણે તેઓ બીજા મહાવ્રતનો ભંગ કરે છે તેથી, મિથ્યાત્વ અને ગ્રહણ કરેલ વ્રતભંગના કારણે તેઓ સર્વવિરાધકત્વના ફળને પામે છે, તેથી તેઓ દુરંત સંસારમાં ભટકે છે. માટે નિહ્નવને દુરંત સંસારની પ્રાપ્તિરૂપ સર્વવિરાધકનું ફળ સંગત થઈ જશે, અને સાધુસામાચારીના પાલનની અપેક્ષાએ દેશઆરાધક પણ તેઓને સ્વીકારી શકાશે. એમ પૂર્વપક્ષી કહે છે.

સ્વકથનના સમર્થન માટે પૂર્વપક્ષી કહે છે કે, નિહ્નવ બીજા વ્રતના ભંગના કારણે વિરાધક છે. આથી કરીને જ ગ્રૈવેયકમાં જાય તો પણ સુદેવત્વરૂપ દેવપણું પામતા નથી, પરંતુ દેવદુર્ગતપણું પામે છે. અને તે દેવદુર્ગતપણું અર્થાત્ નવમા ગ્રૈવેયકમાં દેવદુર્ગતપણું છે તે દેવદુર્ગતપણું કિલ્બિષિકપણારૂપે નહિ હોવા છતાં સંમોહને કારણે છે.

પૂર્વપક્ષીનો આશય એ છે કે, જેઓ ભગવાનના શાસનની વિરાધના કરીને દેવભવમાં જાય છે તેઓને દેવભવમાં સંમોહ થાય છે. તેના કારણે પોતે એવું શું ઉત્તમ કૃત્ય કર્યું છે કે જેનાને ફળરૂપે આ દેવપણું મળ્યું છે તેવો તેમને બોધ થતો નથી. તેથી દેવભવમાં પ્રાપ્ત થયેલા ભોગો પ્રત્યે જ તેમને સર્વસારની (સર્વસ્વની) બુદ્ધિ થાય છે. વળી જેઓ ભગવાનના શાસનની આરાધના કરીને દેવભવમાં ગયા છે, તેમને દેવભવમાં જતાંની સાથે જ પોતે પૂર્વભવમાં કરેલ આરાધનાનું સ્મરણ થાય છે. તેથી તેઓ વિચારે છે કે પૂર્વમાં મેં કરેલી ઉત્તમ આરાધનાનું આ ફળ છે. માટે ફરી તેવી આરાધના કઈ રીતે થાય કે જેનાથી મારું આત્મહિત સાધી શકાય, આવા પ્રકારનો બોધ જેમને થાય છે તેવા જીવોને દેવભવમાં સંમોહ થતો નથી. દેવભવમાં જેમને સંમોહ થાય છે તેવા દેવો ત્યાંથી ચ્યવીને અનંતકાળ સંસારમાં ભટકે છે. માટે સામાચારીની અપેક્ષાએ નિહ્નવોને દેશઆરાધક સ્વીકારવા છતાં દુરંત સંસારના પરિભ્રમણરૂપ સર્વવિરાધકના ફળની સંગતિ થઈ શકે છે.

પૂર્વપક્ષીના ઉપરોક્ત કથનનો ઉત્તર આપતાં શ્રીમદ્ ઉપાધ્યાયજી ભગવંત કહે છે કે, જે જીવ જિનોક્ત સાધુસામાચારીને પાળીને પણ સર્વવિરાધકના ફળને પામે છે તેવા જીવને ક્રિયામાત્રથી દેશઆરાધક કહેવો તે અન્યાય છે.

ગ્રંથકારનો આશય એ છે કે, આરાધક હંમેશાં આરાધનાના બળથી સંસારના પરિભ્રમણને ઘટાડે છે. જ્યારે જિનોક્ત ક્રિયા કરીને પણ જેમનો સંસાર ઘટતો નથી ઊલટો વધે છે, તેમની ક્રિયાને આશ્રયીને તેમને દેશઆરાધક કહેવા તે ઉચિત નથી.

ભાષ્યકારના વચનથી તેની જ પુષ્ટિ કરતાં કહે છે કે, જેનાથી સંપૂર્ણ આરાધકતા કહી શકાય તેના કારણભૂત એવો જે દેશ હોય તે દેશોપકારી કહી શકાય. તેથી જે ક્રિયા

મોક્ષમાર્ગની સંપૂર્ણ આરાધનાનું કારણ છે તે સર્વોપકારી ક્રિયા છે, અને તે સર્વોપકારી ક્રિયાનું કારણ બને તેવી જે ક્રિયા છે તે દેશોપકારી ક્રિયા છે. તેવી દેશોપકારી ક્રિયાનું ગ્રહણ કરવું અહીં ઉચિત છે. કેમ કે તેવી ક્રિયાથી જીવ અંશે અંશે સંસાર ઘટાડે છે, માટે તેવી ક્રિયા કરનારને દેશઆરાધક કહેવો ઉચિત છે; જ્યારે સાધુસામાચારી પાળનાર નિહ્નવની ક્રિયા અસદ્ગ્રહથી દૂષિત હોવાને કારણે સંસારની વૃદ્ધિમાં જ પર્યવસાન પામે છે, તેથી તેવી ક્રિયાને આશ્રયીને દેશઆરાધકપણું ગ્રહણ કરવું ઉચિત નથી. અને તેની જ પુષ્ટિ કરતાં કહે છે-

દેશવિરાધકરૂપ બીજા ભાંગામાં મૂળશ્લોક-૩ માં ભગ્નવ્રતક્રિયાવાળાને અને અનાત્તવ્રતક્રિયાવાળાને દેશવિરાધક કહ્યાં, ત્યાં વ્રત અને ક્રિયાનું ગ્રહણ કરેલ છે. આનાથી એ કહેવું છે કે વ્રતને અનુસરનારી ક્રિયા ગ્રહણ કરવાની છે, વ્રતનિરપેક્ષ ક્રિયા ગ્રહણ કરવાની નથી. અને વ્રત જીવના પાંચ મહાવ્રતરૂપ સંયમના પરિણામરૂપ છે, તેથી તેને અનુસરનારી એવી જે ક્રિયા છે તે ક્રિયાને જ અહીં ગ્રહણ કરવાની છે. તેવી પાંચ મહાવ્રતને અનુસરનારી ક્રિયા તાત્ત્વિક રીતે સુસાધુમાં હોય. પરંતુ જેઓ અપુનર્બંધકકક્ષામાં રહેલા હોવાને કારણે સ્થૂલબોધવાળા છે, તેમની ક્રિયા વ્રતને સન્મુખભાવવાળી છે તેથી વ્રતને અનુસરનારી છે, તે બતાવીને દેશઆરાધકના ભાંગામાં માર્ગાનુસારીક્રિયાનું જ ગ્રહણ કરવું ઉચિત છે, તે બતાવવામાં આવેલ છે.

જો જિનોક્ત સાધુસામાચારીના પાલનમાત્રથી જ જીવ આરાધક બનતો હોય, તો વ્રત-ક્રિયાનું ગ્રહણ કરવાની આવશ્યકતા ન રહેત, પણ ફક્ત ક્રિયામાત્ર કહેત તો ચાલત; પરંતુ શાસ્ત્રકારોએ વ્રત-ક્રિયાનું ગ્રહણ કર્યું છે, તે જ બતાવે છે કે માર્ગાનુસારીક્રિયાને ગ્રહણ કરીને આરાધકપણું કહેવું છે; ક્રિયામાત્રનું ગ્રહણ કરીને નહિ. જ્યારે પર તો ગ્રહણ કરાયેલ વ્રતની સામાચારીની અપેક્ષાએ જ જેઓ વિરાધના કરે છે તેને દેશવિરાધક સ્વીકારે છે, પરંતુ તે ઈષ્ટ નથી.

**વિશેષાર્થ :-**

પૂર્વપક્ષી 'વ્રતક્રિયા'નો અર્થ કરે છે કે વ્રતની ક્રિયા. આનાથી એ પ્રાપ્ત થાય કે પોતે ગ્રહણ કરેલાં જે પાંચ મહાવ્રતો છે તેની સાથે સંબંધવાળી જે ક્રિયા, તે ક્રિયા જે કરતો હોય તે આરાધક અને કરતો ન હોય તે વિરાધક છે. ભાવથી પાંચ મહાવ્રતને અનુસરનારી ક્રિયા ન હોવા છતાં, પાંચ મહાવ્રતોના પાલન માટે શાસ્ત્રમાં કહેલી ક્રિયા નિહ્નવ કરે છે, માટે એ અપેક્ષાએ તે આરાધક છે; અને તેવી ક્રિયા જે નથી કરતો અર્થાત્ ભંગ કરે છે તે વિરાધક છે, આ પ્રકારનો પૂર્વપક્ષીનો આશય છે તે બરાબર

**ટીકા :-**

**नन्वेवं गीतार्थाऽनिश्रिततपश्चरणरतोऽगीतार्थो देशाराधकत्वेन कथमुक्त-स्तत्क्रियाया गुरुपारतन्त्र्याभावेन "[१]पायं अभिन्नगण्ठी" [ पंचा ११-३८ ] इत्यादिग्रन्थेनाचार्यैर्मार्गाननुसारित्वप्रतिपादनेन मार्गानुसारिक्रियाया अप्राप्त्या देशविराधकत्वस्यैव संभवादिति चेत्? सत्यम्, अनभिनिवेशेऽप्यज्ञानादेः कुतश्चिद् निमित्ताद् गच्छबहिर्भूतानां गीतार्थाऽनिश्रिततपश्चरणनिरतानां प्रायःपदव्य-वच्छेद्यानां [२] ज्ञानपतितस्वल्पक्रियाणामन्यैर्विवक्षितत्वेन दोषाभावात्, तादृशानामेव शीलस्य कथञ्चिदनुमोदनीयत्वात्।**

---

નથી; એમ કહીને 'વ્રતક્રિયા' શબ્દનો અર્થ ગ્રંથકાર એ કરે છે કે વ્રતને અનુસરનારી એવી ક્રિયા. અને તે ક્રિયા માર્ગાનુસારી જ ગ્રહણ થાય, અન્ય નહિ. કેમ કે વ્રતનો અર્થ છે મોક્ષને અનુકૂળ ભાવ. તેને અનુસરનારી એવી જે ક્રિયા તે માર્ગાનુસારીક્રિયા જ હોઈ શકે, અન્ય ક્રિયા નહિ.

● દેશોપકારી દલરૂપ ક્રિયાનું વિશેષ તાત્પર્ય એ છે કે, પરિપૂર્ણ આરાધક થવાનાં બે દલ છે, અર્થાત્ બે વિભાગ છે. (૧) શ્રુતરૂપ દલ અને (૨) ક્રિયારૂપ દલ. તે બંને દલો ભેગા થાય ત્યારે પરિપૂર્ણ આરાધક કહેવાય. અને તેનું એક દલ છે તે આરાધક બનાવવામાં દેશથી ઉપકારી છે. આથી દેશોપકારી દલરૂપ ક્રિયા માર્ગાનુસારીક્રિયા જ પ્રાપ્ત થાય, કેમ કે શ્રુતરૂપ અન્ય દલની પ્રાપ્તિ થતાં, તેને અનુરૂપ સૂક્ષ્મ શીલરૂપ દલ પ્રાપ્ત થાય, તેથી જીવ સર્વઆરાધક બની શકે છે.

**ટીકાર્થ :-**

**'ननु.....संभवादिति चेत्?'** - પૂર્વપક્ષી શંકા કરતાં કહે છે કે, આ રીતે=જિનોક્ત સાધુસામાચારીની અપેક્ષાએ દેશઆરાધકપણું ન સ્વીકારો અને માર્ગાનુસારીક્રિયાની અપેક્ષાએ દેશઆરાધકપણું સ્વીકારો એ રીતે, ગીતાર્થ-અનિશ્રિત તપ-ચારિત્રમાં રત અગીતાર્થ દેશઆરાધકપણા વડે કેમ કહેવાય? અર્થાત્ ન કહેવાય. કેમ કે તેમની=ગીતાર્થ અનિશ્રિત તપ-ચારિત્રમાં રત અગીતાર્થની, ક્રિયાનું, ગુરુપારતંત્ર્યના અભાવના કારણે પ્રાયઃ અભિન્નગ્રંથી ઈત્યાદિ ગ્રંથ દ્વારા આચાર્ય વડે માર્ગઅનનુસારીપણાનું પ્રતિપાદન

---

૧. पायं अभिन्नगण्ठी तमाउ तह दुक्करंपि कुव्वंता । बज्झा व ण ते साहू धंखाहरणेण विन्नेया ॥
प्रायोऽभिन्नग्रन्थयस्तमसस्तथा दुष्करमपि कुर्वन्तः । बाह्या इव न ते साधवः ध्वांक्षोदाहरणेन विज्ञेयाः॥

૨. 'मार्गपतित' પાઠ હોવાની સંભાવના છે.

હોવાથી, માર્ગાનુસારીક્રિયાની અપ્રાપ્તિથી દેશવિરાધકપણાનો જ સંભવ છે, અર્થાત્ શીલરૂપ દેશના વિરાધકપણાનો જ સંભવ છે.

**'सत्यम्, .....अनुमोदनीयत्वात् ।'** - તેનો ઉત્તર આપતાં શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજ કહે છે કે, પૂર્વપક્ષીની વાત સાચી છે, (અર્થાત્ તેઓ શીલરૂપ દેશના વિરાધક જ છે.) પરંતુ અનભિનિવેશ હોતે છતે પણ અજ્ઞાનાદિ કોઈ નિમિત્તથી ગચ્છ બહાર થયેલા ગીતાર્થ-અનિશ્રિત તપ-ચારિત્રમાં રત, અને પ્રાયઃ શબ્દથી વ્યવચ્છેદ્ય એવા તેઓની માર્ગપતિત સ્વલ્પક્રિયાનું જ અન્ય વડે વિવક્ષિતપણું હોવાને કારણે દોષાભાવ છે અર્થાત્ દોષ નથી. કેમ કે તેવા પ્રકારના જીવોના શીલનું કથંચિત્ અનુમોદનીયપણું છે. (પરંતુ બધા ગચ્છ બહાર થયેલ ગીતાર્થ અનિશ્રિત તપ-ચારિત્રમાં રત અગીતાર્થના શીલનું અનુમોદનીયપણું નથી.)

● **'अभिनिवेशेऽपि'** અહીં **'अपि'** થી એ કહેવું છે કે અભિનિવેશથી ગચ્છ બહાર થયેલા છે તેઓ દેશઆરાધક નથી, પણ અનભિનિવેશ હોવા છતાં અજ્ઞાનાદિ કોઈ નિમિત્તને કારણે ગચ્છ બહાર થયેલા છે તેઓ દેશઆરાધક છે, અને અનભિનિવેશને કારણે તેમની ક્રિયા માર્ગપતિત બને છે.

● **'अज्ञानादेः'** અહીં **'आदि'** પદથી ભ્રમનું ગ્રહણ કરવાનું છે. આરાધનાની ઉત્કટ ઈચ્છાવાળા હોવા છતાં ગચ્છમાં રહીને સમુદાયમાં પ્રાપ્ત થતા દોષોને જોઈને, ગચ્છથી બહાર નીકળવાનો પરિણામ, ગચ્છમાં થતા વિશેષ ઉપકારોનું અજ્ઞાન હોવાને કારણે થાય છે. તેમ ગચ્છમાં રહીને ગીતાર્થ પાસેથી પ્રાપ્ત થતા જ્ઞાન- સંવેગાદિ ભાવોની વૃદ્ધિને કારણે થતા જે લાભો, તેની અપેક્ષાએ ભિક્ષા અશુદ્ધિ આદિ દોષો અલ્પ છે; તેમાં ભ્રમને કારણે અધિકતા લાગે છે.

● **'ज्ञानपतित'** પાઠ છે ત્યાં **'मार्गपतित'** પાઠ હોવાની સંભાવના છે, અને ટીકાના હવે પછીના કથનથી પણ તે જ પાઠ હોવો જોઈએ તેમ દેખાય છે, તે મુજબ અમે અર્થ કરેલ છે. પરંતુ એવો પાઠ ઉપલબ્ધ નથી.

**વિવેચન :-**

પૂર્વપક્ષીની શંકા એ છે કે જો તમે સાધુસામાચારીની અપેક્ષાએ દેશઆરાધક ન સ્વીકારો અને માર્ગાનુસારીભાવની અપેક્ષાએ દેશઆરાધક સ્વીકારો, તો ગીતાર્થની

નિશ્રા છોડીને ગયેલા અને તપ-ચારિત્રમાં રત એવા અગીતાર્થને દેશઆરાધકરૂપે પ્રથમ ભાંગામાં કહેલ છે તે ઘટશે નહિ. તેમાં યુક્તિ આપે છે કે તેમણે ગીતાર્થને છોડેલા છે તેથી તેમની ક્રિયામાં ગુરુપારતંત્ર્યનો અભાવ છે, અને પંચાશક ગ્રંથમાં **'पायं अभिन्नगण्ठी'** એ વચન દ્વારા આચાર્યે ગીતાર્થને છોડનારાઓને માર્ગાનુસારીભાવ નથી તેમ કહેલ છે, તેથી ગીતાર્થને છોડીને ગયેલાઓમાં માર્ગાનુસારીક્રિયાની અપ્રાપ્તિ હોવાને કારણે તેમને શીલરૂપ દેશના વિરાધકપણાની પ્રાપ્તિ છે, તેથી દેશઆરાધક કહી શકાશે નહિ.

અહીં પૂર્વપક્ષીએ માર્ગાનુસારીક્રિયાની અપ્રાપ્તિને કારણે દેશવિરાધકની પ્રાપ્તિ થશે એમ કહ્યું, ત્યાં સામાન્યથી જોતાં એમ લાગે કે જેઓમાં શ્રુત નથી અને માર્ગાનુસારીક્રિયા પણ નથી, તેઓને દેશવિરાધકની પ્રાપ્તિ થશે એમ શી રીતે કહી શકાય? વસ્તુતઃ સર્વવિરાધકની પ્રાપ્તિ થશે એમ કહેવું પડે. આમ છતાં, દેશવિરાધકની પ્રાપ્તિ થશે એમ કહેવા પાછળનો આશય એ છે કે, શ્રુત અને શીલ એ બેમાં શીલરૂપ દેશના વિરાધકપણાની પ્રાપ્તિ થશે, પરંતુ બીજા ભાંગામાં સમ્યગ્દષ્ટિને દેશવિરાધક ગ્રહણ કરેલ છે તે રૂપ દેશવિરાધકની પ્રાપ્તિ થશે તેમ કહેવાનો આશય નથી.

ઉપરોક્ત પૂર્વપ્રક્ષીના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, પૂર્વપક્ષીની વાત સાચી છે, અર્થાત્ ગીતાર્થને છોડીને એકલા વિચરનારને 'પ્રાયઃ અભિન્નગ્રંથિ' એ પ્રકારના આચાર્યના વચનથી તેઓ માર્ગાનુસારી નથી એ નક્કી થાય છે, અને તેને કારણે તેઓ શીલરૂપ દેશના વિરાધક છે એમ કહેવું પડે. માટે તેમને દેશઆરાધક કહી શકાય નહિ એ વાત સાચી છે. આમ છતાં, ગીતાર્થને છોડીને ગયેલા પણ જેઓ અભિનિવેશ વગરના છે, અને કોઈક નિમિત્તને કારણે તેઓમાં અજ્ઞાનાદિ વર્તે છે તેને કારણે ગચ્છ બહાર થયેલા છે અને તપ-ચારિત્રમાં રત છે, તેઓનો **'पायं अभिन्नगण्ठी'** એ પંચાશકના પાઠમાં 'પ્રાયઃ' શબ્દથી વ્યવચ્છેદ કરેલો છે; અર્થાત્ ગીતાર્થને છોડીને જનારા મોટાભાગના માર્ગાનુસારી નથી પણ 'પ્રાયઃ'થી જેનો વ્યવચ્છેદ કરેલો છે તેવા કેટલાક માર્ગાનુસારી છે, એ બતાવવા માટે 'પ્રાયઃ' શબ્દનો પ્રયોગ છે. તેથી 'પ્રાયઃ' શબ્દથી જેમનો વ્યવચ્છેદ કરેલો છે તેવા ગીતાર્થની નિશ્રાને છોડીને એકાકી વિચરનારાઓમાં માર્ગાનુસારીભાવ છે. તેથી તેઓની માર્ગપતિત એવી સ્વલ્પ ક્રિયાની અન્ય વડે વિવક્ષા કરીને તેઓને દેશઆરાધક સ્વીકારેલ છે. અર્થાત્ દેશઆરાધકરૂપ પ્રથમ ભાંગામાં એક આચાર્યે બાલતપસ્વીને દેશઆરાધક કહ્યા છે, અને અન્ય આચાર્યે ગીતાર્થઅનિશ્રિત તપચરણમાં રત અગીતાર્થને દેશઆરાધક કહ્યા છે, તે સ્થાનમાં જેઓ

**ટીકા :-**

**यस्त्वप्रधानक्रियावतोऽभव्यनिह्नवादेरपि द्रव्यलिङ्गिनः शीलस्यानुमोदनीयत्वं मार्गपतितत्वेन व्यवहारनयवतामेवावसातव्यमित्याह ग्रन्थाभासकृत् तेन तु मार्गपतितशब्दार्थ एव योगबिन्दुप्रभृतिग्रन्थाऽपरिचयेन न बुद्धः, मार्गपतितमार्गाभिमुखयोरपुनर्बन्धकावस्थाविशेषरूपत्वेनैव तत्र सूचितत्वात्।**

---

અભિનિવેશ વગરના છે તેઓની માર્ગપતિત એવી સ્વલ્પ ક્રિયાની વિવક્ષા કરીને તે આચાર્યોએ દેશઆરાધક કહ્યા છે. માટે પંચાશકજીના '**पायं अभिन्नगण्ठी**' પાઠ સાથે કોઈ વિરોધ નથી. વળી માર્ગાનુસારીક્રિયાને આશ્રયીને દેશઆરાધક સ્વીકારવામાં દોષનો અભાવ છે, કેમ કે તેવાઓના જ શીલનું કથંચિત્ અનુમોદનીયપણું છે. અર્થાત્ જેઓ અભિનિવેશ વગરના છે અને ગીતાર્થને છોડીને નીકળેલા છે તેવાઓનું શીલ સર્વથા અનુમોદનીય નથી, કેમ કે તેઓ મિથ્યાત્વથી યુક્ત છે. આમ છતાં, તેઓની તપ-સંયમની ક્રિયા માર્ગાનુસારી હોવાને કારણે કથંચિત્ અનુમોદનીય છે. પરંતુ જેઓ ગચ્છથી બહાર નીકળેલા અભિનિવેશવાળા છે તેઓનું શીલ સર્વથા અનુમોદનીય નથી.

**ઉત્થાન :-**

પૂર્વમાં સ્થાપન કર્યું કે જેઓ ગીતાર્થને છોડીને ગયેલા છે, આમ છતાં અભિનિવેશ વગરના છે, તેઓનું શીલ કથંચિત્ અનુમોદનીય છે, અન્યનું નહિ; તેની જ પુષ્ટિ કરવા માટે અન્ય કોઈ વળી વ્યવહારનયનું આલંબન લઈને જિનોક્ત સાધુસામાચારી પાળનાર બધાના શીલને અનુમોદનીયરૂપે સ્થાપન કરે છે. તેનું નિરાકરણ કરતાં કહે છે-

**ટીકાર્થ :-**

'**यस्तु.....सूचितत्वात्।**' - જે વળી વ્યવહારનયવાળાઓનું જ માર્ગપતિતપણું હોવાને કારણે દ્રવ્યલિંગી એવા અભવ્ય-નિહ્નવાદિના પણ શીલનું અનુમોદનીયપણું જાણવું એ પ્રમાણે ગ્રંથાભાસકાર કહે છે, તેના વડે વળી યોગબિંદુગ્રંથના અપરિચયને કારણે માર્ગપતિત શબ્દનો અર્થ જ જણાયો નથી. કેમ કે માર્ગપતિત અને માર્ગાભિમુખનું અપુનર્બંધકની અવસ્થાવિશેષરૂપપણારૂપે જ ત્યાં=યોગબિંદુ ગ્રંથમાં, સૂચિતપણું છે.

**વિવેચન :-**

અહીં '**यस्तु**' થી કહેનાર વ્યક્તિને ગ્રંથાભાસકાર એટલા માટે કહેલ છે કે વાસ્તવિક ગ્રંથના તાત્પર્યને તે જાણતો નથી, પરંતુ ગ્રંથનું અવલંબન લઈને વિપરીત અર્થ કરનાર છે. અને તે ગ્રંથાભાસકાર કહે છે કે વ્યવહારનયવાળાઓનું જ માર્ગપતિતપણું છે. તેનો કહેવાનો આશય એ છે કે વ્યવહારનય આચરણાઓને માનનાર છે, તેથી વ્યવહારનયથી જિનોક્ત સાધુસામાચારીનું પાલન કરતા હોય તેઓ માર્ગપતિત છે, તેથી તેઓનું શીલ અનુમોદનીય છે. માટે જેઓએ દ્રવ્યલિંગ ધારણ કર્યું છે તેવા અભવ્ય, નિહ્નવ વગેરે પણ અપ્રધાનક્રિયા કરનાર હોવા છતાં તેમનું શીલ અનુમોદનીય છે.

'**यस्तु**' ના કથનનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે, યોગબિંદુ વગેરે ગ્રંથના અપરિચયને કારણે તે ગ્રંથાભાસકારે માર્ગપતિત શબ્દનો અર્થ જ જાણ્યો નથી. કેમ કે યોગબિંદુ ગ્રંથમાં અપુનર્બંધકની અવસ્થાવિશેષરૂપે માર્ગપતિત અને માર્ગાભિમુખનું ગ્રહણ કરેલ છે. તેથી જિનોક્ત સાધુસામાચારી પાળનાર અભવ્યાદિને માર્ગપતિત કહી શકાય નહિ. માટે તેઓનું શીલ અનુમોદનીય છે તેમ કહેવું તે પૂર્વપક્ષીનું અજ્ઞાન છે.

**વિશેષાર્થ :-**

નિશ્ચયનય પરિણામને માનનાર છે, શુદ્ધવ્યવહારનય પરિણામ સાથે ક્રિયાને માનનાર છે અને અશુદ્ધવ્યવહારનય માત્ર ક્રિયાને માનનાર છે. અહીં પૂર્વપક્ષીએ અશુદ્ધવ્યવહારનયને ગ્રહણ કરીને અભવ્યાદિની ક્રિયાઓને અનુમોદનીય સ્થાપન કરવા પ્રયત્ન કરેલ છે; જ્યારે શુદ્ધવ્યવહારનય તો ક્રિયાને પ્રધાન કરે છે ત્યાં પણ ભાવપૂર્વકની ક્રિયાને જ તે પ્રધાન કરે છે. તેથી અપુનર્બંધકાદિની ક્રિયાઓને તે અનુમોદનીય સ્વીકારે છે; અન્યની નહિ.

**ઉત્થાન :-**

ઉપરમાં આ રીતે ગીતાર્થઅનિશ્રિત તપચારિત્રમાં રત એવા અગીતાર્થને '**प्रायः अभिन्नग्रंथी**' એ કથનથી સર્વવિરાધક કહ્યા, અને 'પ્રાયઃ' શબ્દથી વ્યવચ્છેદ્ય માર્ગપતિત સ્વલ્પક્રિયાની અપેક્ષાએ તેવા જ અન્યને દેશઆરાધક કહ્યા. આ રીતે બંને ગીતાર્થ-અનિશ્રિત અગીતાર્થ હોવાને કારણે તેમના શીલની અનુમોદના માટે ઉચિત વ્યવહાર કેવી રીતે કરવો, તેના સમાધાન માટે કહે છે-

**ટીકા :-**

प्रकृते च सुविहितत्वज्ञाने [1]च सुव्यवहारस्यैव विपरीतज्ञाने च तद्व्यत्ययस्यैवोपपत्तेरिति दिक्॥३॥

**અવતરણિકા :-**

तृतीयभङ्गं विवेचयति-

श्रुतशीलसमावेशात् सर्वाराधक इष्यते ।
संमील्य न पृथक् सिद्धं देशाराधकताद्वयम् ॥४॥

---

**ટીકાર્થ :-**

'**प्रकृते.....दिक्॥३॥**' અને પ્રકૃતમાં=ગીતાર્થાનિશ્રિત અગીતાર્થમાં, સુવિહિતપણાનું જ્ઞાન થયે છતે સુવ્યવહારની જ, અને વિપરીત જ્ઞાન થયે છતે તદ્વ્યત્યયની=વિપરીત વ્યવહારની જ ઉપપત્તિ છે. એ પ્રમાણે દિશાસૂચન છે.**॥૩॥**

**વિવેચન :-**

ગીતાર્થની નિશ્રાને છોડીને તપચારિત્રમાં રત એવા અગીતાર્થમાં, જેઓ અભિનિવેશ વગરના છે તેઓમાં આ સુવિહિત છે તેવું જ્ઞાન થાય છે, તેથી તેઓની ક્રિયા સુવ્યવહારરૂપ છે એવો નિર્ણય થાય છે, માટે તેઓના શીલની અનુમોદના કરી શકાય છે. અને જેઓ અભિનિવેશવાળા છે અને સ્વરુચિ પ્રમાણે ક્રિયાઓમાં રત છે તેઓમાં આ સુવિહિત નથી તેવું જ્ઞાન થાય છે, તેથી તેઓની ક્રિયા અનુમોદનીય નથી, એ પ્રકારનો નિર્ણય થાય છે.**॥૩॥**

**અવતરણિકાર્થ :-**

ત્રીજા ભાંગાનું=સર્વઆરાધક ભાંગાનું, ગ્રંથકારશ્રી વિવેચન કરે છે-

**શ્લોકાર્થ :-**

**શ્રુત અને શીલના સમાવેશથી સર્વઆરાધક ઈચ્છાય છે, પૃથક્ સિદ્ધ દેશઆરાધકતાદ્વયને એક કરીને નહિ. અર્થાત્ પૃથક્સિદ્ધ બે દેશઆરાધકતાને એક કરીને સર્વઆરાધકપણું ઈચ્છાતું નથી.॥૪॥**

---

૧. 'सुविहितत्वज्ञाने च' અહીં 'च' શબ્દ વધારાનો ભાસે છે.

**ટીકા :-**

**श्रुतेति। श्रुतशीलयोः समावेशः=श्रुते सति शीलस्य शीले सति श्रुतस्य वा सन्निकर्षः, ततः सर्वाराधक इष्यते। पृथक्सिद्धं देशाराधकताद्वयं संमील्य=एकीकृत्य न, शीलापेक्षया देशाराधकत्वस्य पृथक्सिद्धत्वेऽपि श्रुतापेक्षया तदसिद्धेः, देशाराधके श्रुतस्य साक्षाद् गुरुपारतन्त्र्यद्वारा वा संबन्धेनैव सर्वाराधकत्वसिद्धेरिति।।४।।**

---

**ટીકાર્થ :-**

'**श्रुत.....तदसिद्धेः,**' - શ્રુત હોતે છતે શીલનો અને શીલ હોતે છતે શ્રુતનો સંનિકર્ષ, (તે) શ્રુત અને શીલનો સમાવેશ છે. તેનાથી=શ્રુત અને શીલના સમાવેશથી, સર્વઆરાધક ઈચ્છાય છે, પરંતુ પૃથક્ સિદ્ધ દેશઆરાધકતાદ્વયને એક કરીને સર્વઆરાધકપણું ઈચ્છાતું નથી. કેમ કે શીલની અપેક્ષાએ દેશઆરાધકપણાનું પૃથક્ સિદ્ધપણું હોતે છતે પણ શ્રુતની અપેક્ષાએ તેની=પૃથક્ સિદ્ધ દેશઆરાધકપણાની, અસિદ્ધિ છે.

**ઉત્થાન :-**

અહીં પ્રશ્ન થાય કે સર્વઆરાધક માટે અપેક્ષિત શ્રુત તો ગીતાર્થને જ હોય, તેથી અગીતાર્થ એવા શિવરાજર્ષિ આદિમાં શ્રુત નથી તો પછી એમને સર્વઆરાધક કઈ રીતે કહી શકાય, તેથી કહે છે-

**ટીકાર્થ :-**

'**देशाराधके .....सिद्धेरिति।।४।।**' - દેશઆરાધકમાં શ્રુતનો સાક્ષાત્ અથવા ગુરુપારતંત્ર્યદ્વારા સંબંધ થવાથી જ સર્વઆરાધકપણાની સિદ્ધિ છે.**॥૪॥**

**વિવેચન :-**

શ્રુત અને શીલ બે એકઠા થવાથી જીવ સર્વઆરાધક બને છે. સમ્યગ્દષ્ટિને શ્રુતજ્ઞાન હોવાને કારણે શીલની પ્રાપ્તિ થવાથી સર્વઆરાધક બને છે. સમ્યગ્દષ્ટિને શ્રુતજ્ઞાન હોય છે ત્યારે તે દેશવિરાધક છે અર્થાત્ શીલરૂપ દેશના તેઓ વિરાધક છે,

અને વૈરાગ્ય પામીને સંયમને ગ્રહણ કરે ત્યારે શીલની પ્રાપ્તિ થવાથી તેઓ સર્વઆરાધક બને છે.

અથવા તો બાલતપસ્વી કે ગીતાર્થની નિશ્રાને છોડીને નીકળેલા એવા અગીતાર્થમાં શીલ હોય છે, અને તેઓને સદ્ગુરુનો યોગ થાય અને તેમનાથી શ્રુતની પ્રાપ્તિ થાય તો સર્વઆરાધક બને છે. પરંતુ પૃથક્ સિદ્ધ દેશઆરાધકતાદ્વયને એકઠી કરીને સર્વઆરાધક કોઈ બનતું નથી.

આશય એ છે કે કોઈ એક વસ્તુના બે અંશો હોય તો તે પૃથક્ બે અંશોને એકઠા કરવાથી તે સમુદાય બને છે, તેમ કોઈ એમ માને કે શીલરૂપ એક દેશ અને શ્રુતરૂપ એક દેશ એમ બે પૃથક્ સિદ્ધ એવા દેશોને એકઠા કરીને સર્વઆરાધક બનાય છે, તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર શ્રી કહે છે કે, પ્રસ્તુતમાં દેશઆરાધકતાદ્વય પૃથક્ સિદ્ધ નથી તેથી તે બેને એકઠી કરીને કોઈ સર્વઆરાધક બનતું નથી. કેમ કે બાલતપસ્વીમાં કે ગીતાર્થની નિશ્રાને છોડીને ગયેલા અગીતાર્થમાં શીલની અપેક્ષાએ દેશઆરાધકતા પૃથક્સિદ્ધ હોવા છતાં પણ શ્રુતની અપેક્ષાએ દેશઆરાધકતા (શ્રુતની અપેક્ષાએ તેઓ દેશઆરાધક નથી પછી પૃથક્સિદ્ધ કેમ કહેવાય?) પ્રસ્તુત ચતુર્ભંગીમાં સિદ્ધ નથી. કેમ કે પ્રસ્તુત ચતુર્ભંગી શીલની પ્રધાનતાથી કરવામાં આવે છે, તેથી જેમની પાસે શ્રુત છે તેઓને શીલરૂપ દેશના વિરાધક કહેલ છે, પણ શ્રુતરૂપ દેશના આરાધક કહેલ નથી. માટે બે દેશઆરાધકતા એકઠી કરીને સર્વઆરાધકતા સિદ્ધ થતી નથી.

હવે કોઈ બાલતપસ્વી કે ગીતાર્થની નિશ્રાને છોડીને એકાકી વિહાર કરનારા એવા દેશઆરાધક હોય, તેઓ શ્રુતના સમાવેશથી સર્વઆરાધક કઈ રીતે થઈ શકે તે બતાવવા અર્થે કહે છે કે, જેઓ દેશઆરાધક છે તેઓ કોઈક નિમિત્તને પામીને ગીતાર્થ બને તો સાક્ષાત્ શ્રુતનો સંબંધ થવાથી તેઓ સર્વઆરાધક બને છે, જેમ શાસ્ત્રમાં એકપિંડીયા બહુપિંડીયાનું દૃષ્ટાંત આવે છે. અને કેટલાક ગુરુપારતંત્ર્ય દ્વારા સર્વઆરાધક બને છે, જેમ શિવરાજર્ષિ બાલતપસ્વી હતા અને સર્વજ્ઞ ભગવાનની પાસે આવીને દીક્ષા ગ્રહણ કરી ત્યારે ગુરુપારતંત્ર્યના કારણે સર્વઆરાધક બન્યા.

## દેશઆરાધકમાંથી નિમિત્ત મળતાં સર્વઆરાધક બને તેમાં બહુપિંડિયા-એકપિંડિયાનુ દૃષ્ટાંત

એક ગામમાં એક શ્રેષ્ઠી રહેતા હતા. એક વખત તેમના ઘરમાં મરકીનો રોગ ફેલાયો. શ્રેષ્ઠીના એક ૮-૧૦ વર્ષના પુત્રને છોડીને ઘરનાં સર્વે મરકીના રોગમાં મૃત્યુ

પામ્યાં. ગામના લોકોએ મરકીનો રોગ ગામમાં ન ફેલાય તે માટે શ્રેષ્ઠીના ઘરના દરવાજા બંધ કરી દીધા. જીવતો રહેલો અંદર પુરાયેલો છોકરો જેમ તેમ કરીને ઘરનું બારણું ખોલી ઘરમાંથી બહાર નીકળ્યો અને આજીવિકાનું સાધન નહિ હોવાથી ગામમાં ભીખ માંગીને ઉદરપૂર્તિ કરવા લાગ્યો. એક સજ્જન શેઠને ત્યાં દરરોજ ભિક્ષા લેવા જવા લાગ્યો. દયાળુ એવા તે શેઠે તે છોકરાને એક દિવસ સારું અને ઘણું ભોજન આપ્યું. તે ખાવાથી છોકરાને અજીર્ણ થયું તેથી એક દિવસ તે ભોજન લેવા ન ગયો. બીજે દિવસે ગયો ત્યારે શેઠે પૂછ્યું કાલે ભોજન લેવા કેમ ન આવ્યો? શું ઉપવાસ કરેલ હતો? ત્યારે છોકરાએ જરાક હસીને મૌન ધારણ કર્યું. ત્યારથી તેને તપ કરવાની વૃત્તિ થઈ. તેથી એક દિવસના આંતરે ભોજન લેવા જતો. આગળ વધતાં બે દિવસના આંતરે ભોજન લેવા જતો. તેથી તેની તપસ્વી તરીકે ખ્યાતિ થઈ. ગામના લોકો પણ તે તપસ્વીની ભક્તિ કરવા લાગ્યા અને હવેથી લોકો તપસ્વી મહાત્માને સામેથી ભોજન આપવા આવ્યા. ત્યારે આ તપસ્વી તેમાંથી એક ઘરનું જ ભોજન ગ્રહણ કરવા લાગ્યા, બીજાને પાછા જવું પડતું. તેથી ગામના લોકોએ એવી વ્યવસ્થા ગોઠવી કે તપસ્વીને પારણું થઈ જાય ત્યારે લોકોને જાણ કરવા માટે થાળી-ડંકો વગાડવો.

તે સમયે ગ્રામાનુગામ વિહાર કરતાં મહાવીર પ્રભુ ત્યાં પધાર્યા. ગોચરી જવાનો સમય થયો. પ્રભુએ શિષ્યોને કહ્યું હમણાં ગોચરી લેવા ન જતા. તપસ્વીને આજે પારણું છે માટે હમણાં ગોચરી અશુદ્ધ મળશે. પારણું થઈ જાય પછી જવાનું રાખજો અને તપસ્વીને એમ કહેજો કે, હે ! બહુપિંડિયા તને એકપિંડિયા જોવા ઈચ્છે છે. ગોચરી લેવા નીકળેલા શિષ્યોએ આવીને પ્રભુનો સંદેશ તપસ્વીને કહ્યો. તપસ્વી વિચારવા લાગ્યા કે હું તો એક ઘરનું ભોજન વાપરું છું અને ભગવાનના સાધુઓ તો ઘણા ઘરે ગોચરી લેવા જાય છે, છતાં મને બહુપિંડિયો કહે છે. પરંતુ જૈનસાધુઓ કહે તે ખોટું હોય નહિ. તેથી વિચારતાં જણાયું કે મારા નિમિત્તે ઘણાં ઘરોમાં ભોજન બને છે, તે દોષવાળું ભોજન હું વાપરું છું, અને ભગવાનના સાધુઓ ઘણા ઘરની પણ નિર્દોષ ભિક્ષા વાપરે છે. આ રીતે ઊહાપોહ કરતાં કરતાં તપસ્વીને જાતિસ્મરણ-જ્ઞાન થયું. શ્રુતજ્ઞાનનો ક્ષયોપશમ થયો અને પ્રત્યેકબુદ્ધ બની ગયા. પૂર્વે અસદ્ગ્રહ વગરના તે હોવાથી માર્ગાનુસારી પ્રવૃત્તિથી શીલરૂપ એક દેશની આરાધનાથી દેશઆરાધક હતા અને પ્રત્યેકબુદ્ધ થતાં શ્રુતરૂપ દેશ મિલિત થવાથી બંને દેશ પરિપૂર્ણ થતાં સર્વઆરાધક બન્યા.॥૪॥

**અવતરણિકા :-**

चतुर्थं भङ्गं विवेचयति-

**अप्राप्तिः प्राप्तभङ्गो वा द्वयोर्यत्र नियोगतः ।**
**अस्पर्शान्मोक्षहेतूनां स तु सर्वविराधकः ॥५॥**

**ટીકા :-**

अप्राप्तिरिति । द्वयोः=शीलश्रुतयोरप्राप्तिर्देशकात्स्न्र्याभ्यां प्राप्तभङ्गो वा यस्मिन् नियोगतः=नियमतः, स तु मोक्षहेतूनां ज्ञानादीनामस्पर्शात्=लेशेनाप्य-भावात् सर्वविराधकः। न चैवं निह्नवादेर्भग्नश्रुतशीलस्य नवमग्रैवेयकानुत्पत्ति-प्रसङ्गः, गरानुष्ठानात्तदुत्पत्तावपि तत्र तद्धेत्वमृतानुष्ठानेन सर्वोपपत्तेः, तयोरेव शीलरूपदेशत्वादिति विभावनीयम्॥ ५॥

॥ समाप्तेयं सटीकाराधकविराधकचतुर्भङ्गी ॥

---

**અવતરણિકાર્થ :-**

ચોથા ભાંગાનું=સર્વવિરાધકરૂપ ચોથા ભાંગાનું, ગ્રંથકારશ્રી વિવેચન કરે છે-

**શ્લોકાર્થ :-**

**બેની=શ્રુત અને શીલની અપ્રાપ્તિ, અથવા પ્રાપ્તનો ભંગ જેમાં નિયમથી=નક્કી, છે, તે વળી મોક્ષહેતુના અસ્પર્શથી સર્વવિરાધક છે.॥૫॥**

**ટીકાર્થ :-**

'**द्वयोः.....विभावनीयम्॥५॥**' - શીલ અને શ્રુતની અપ્રાપ્તિ જેમાં નિયમથી છે અથવા દેશથી અને સંપૂર્ણથી પ્રાપ્તનો ભંગ અર્થાત્ પ્રાપ્ત શ્રુત અને શીલનો ભંગ જેમાં નિયમથી છે, તે વળી મોક્ષના હેતુ એવા જ્ઞાનાદિના અસ્પર્શથી=જ્ઞાનાદિના લેશનો પણ અભાવ હોવાથી, સર્વવિરાધક છે. '**न चैवं**' અને આ પ્રમાણે=ઉપરમાં કહ્યું એ પ્રમાણે, ભગ્નશ્રુત-શીલવાળા નિહ્નવાદિની નવમા ગ્રૈવેયકમાં અનુત્પત્તિનો પ્રસંગ આવશે એમ ન કહેવું, કેમ કે ગરાનુષ્ઠાનથી તેમાં=નવમા ગ્રૈવેયકમાં, ઉત્પત્તિ હોવા છતાં પણ ત્યાં=નિહ્નવાદિમાં, તદ્હેતુ અને અમૃતઅનુષ્ઠાન દ્વારા અર્થાત્ તદ્હેતુ અને અમૃતઅનુષ્ઠાનના ભંગ દ્વારા સર્વની ઉપપત્તિ છે અર્થાત્ શીલ અને-શ્રુતના ભંગથી

સર્વવિરાધકતા કહી તે સર્વની ઉપપત્તિ છે. કેમ કે તે બેનું જ=તદ્હેતુ અને અમૃતઅનુષ્ઠાનરૂપ તે બેનું જ, શીલરૂપ દેશપણું છે. એ પ્રમાણે વિભાવન કરવું.॥૫॥

**વિવેચન :-**

શ્રુત અને શીલની અપ્રાપ્તિથી એકેન્દ્રિયાદિ કે સંસારી અન્ય જીવોને સર્વવિરાધકની પ્રાપ્તિ છે, અને જેમને શ્રુત કે શીલરૂપ દેશની પ્રાપ્તિ થઈ છે તેનો ભંગ કરે તો દેશથી પ્રાપ્તના ભંગથી સર્વવિરાધક બને છે. જેમ- બાલતપસ્વી કે જૈનદર્શનમાં રહેલ ગીતાર્થની નિશ્રાને છોડીને એકાકી વિચરનાર, કુતર્ક વગરના દેશઆરાધક હોય છે, તેમને પ્રાપ્ત થયેલ શીલરૂપ દેશ કોઈક નિમિત્તને પામીને કુર્તકવાળા થવાથી નાશ પામે છે ત્યારે, પ્રાપ્ત થયેલ શીલરૂપ દેશનો ભંગ થાય છે, તેથી તેઓ સર્વવિરાધક બને છે. તેમ શ્રુતરૂપ દેશની પ્રાપ્તિ થયેલી હોય તેવા સમ્યગ્દૃષ્ટિ જીવો કોઈક નિમિત્તને પામીને તત્ત્વમાર્ગમાં અભિનિવેશવાળા બને ત્યારે, પ્રાપ્ત થયેલ શ્રુતરૂપ દેશના ભંગથી તેઓ સર્વવિરાધક બને છે. અને જમાલિ વગેરે નિહ્નવોને શ્રુત અને શીલ બંને પૂર્વમાં પ્રાપ્ત થયેલા છે, તેઓ જ્યારે અભિનિવેશવાળા બને છે ત્યારે કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણથી, પ્રાપ્ત એવા શીલ અને શ્રુતના ભંગથી સર્વવિરાધક બને છે.

**વિશેષાર્થ :-**

દેશ અને કાર્ત્સ્ન્યનો=સર્વનો, 'પ્રાપ્ત' સાથે અન્વય કરવામાં ન આવે અને 'પ્રાપ્તભંગ' સાથે જોડવામાં આવે તો એ દોષ પ્રાપ્ત થાય કે, કોઈ વ્યક્તિને શ્રુત અને શીલની પ્રાપ્તિ થઈ હોય અને શીલરૂપ દેશનો ભંગ કરે તો પ્રાપ્ત દેશનો ભંગ થવાથી સર્વવિરાધક માનવાનો પ્રસંગ આવે. જેમ- નંદિષેણમુનિને શ્રુત અને શીલરૂપ દેશની પ્રાપ્તિ થયા પછી સંયમ છોડ્યું ત્યારે પ્રાપ્ત શ્રુત અને શીલનો દેશથી ભંગ થયો તો પણ તે સર્વવિરાધક બન્યા નથી પણ દેશવિરાધક બન્યા છે, આમ છતાં નંદિષેણ મુનિને સર્વવિરાધક માનવાનો પ્રસંગ આવે.

**વિવેચન :-**

અહીં કોઈને શંકા થાય કે તમે કહ્યું એ રીતે સ્વીકારીએ તો નિહ્નવાદિને કાર્ત્સ્ન્યથી=સંપૂર્ણથી, શ્રુત અને શીલની પ્રાપ્તિનો ભંગ થવાથી સર્વવિરાધક સ્વીકારવામાં આવે તો, નિહ્નવાદિ નવમા ગ્રૈવેયક સુધી જાય છે તેની અનુપપત્તિનો પ્રસંગ આવે. તેનું નિરાકરણ કરતાં ગ્રંથકાર કહે છે કે એમ ન કહેવું, કેમ કે નિહ્નવોને ગરાનુષ્ઠાનથી

નવમા ગ્રૈવેયકની ઉત્પત્તિ થાય છે તો પણ તેઓ સર્વવિરાધક જ છે. કેમ કે આરાધકભાવની પ્રાપ્તિ તદ્દહેતુ કે અમૃતઅનુષ્ઠાનથી જ થાય છે પરંતુ ગરાનુષ્ઠાનથી નહિ. માટે નિહ્નવોને તદ્દહેતુ કે અમૃતઅનુષ્ઠાન નહિ હોવાને કારણે સર્વવિરાધક સ્વીકારવા છતાં ગરાનુષ્ઠાનથી નવમા ગ્રૈવેયકની પ્રાપ્તિ સ્વીકારવામાં કોઈ દોષ નથી.

અહીં તદ્દહેતુ અને અમૃતઅનુષ્ઠાન એ બેને જ શીલરૂપ દેશ તરીકે ગ્રહણ કરેલ છે, અન્ય અનુષ્ઠાનને શીલરૂપ દેશ તરીકે ગ્રહણ કરેલ નથી.॥૫॥

## ॥ આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન સંપૂર્ણ ॥

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ નં | પંક્તિ નં. | અશુદ્ધ પાઠ | શુદ્ધ પાઠ |
| --- | --- | --- | --- |
| ૨૯ | ૨૪ | શીલઆરાધકમાં | શીલની આરાધનામાં |
| ૪૨ | ૧૭ | અન્યતર | અભાવ |
| ૪૨ | ૨૫ | ભગ | ભંગ |
| ૪૩ | ૧૨ | ઉપપાતનો પ્રસંગ | ઉપપાતના અભાવનો પ્રસંગ |
| ૪૩ | ૧૩ | ઉપપાતનો પ્રસંગ | ઉપપાતના અભાવનો પ્રસંગ |
| ૪૩ | ૧૭ | અર્થાત્ (પછી ઉમેરો) | વ્રત ગ્રહણ કરી તેનો ભંગ કરનાર |
| ૪૩ | ૧૮ | સર્વવિરતિ નહિ ગ્રહણ કરેલ એવા શ્રાવકને કે શ્રાવકવ્રતના વિરાધક એવા શ્રાવકને | દેશવિરતિ ગ્રહણ કરી તેની વિરાધના કરનાર શ્રાવકને |
| ૫૫ | ૨૭ | સંમોહ | સંમોહા=સંમોહવાળા |
| ૫૬ | ૭ | સંમોહ | સંમોહવાળા |
| ૫૭ | ૧૪ | જેનાને | જેના |

## પ.પૂ. ગણિવર્ય શ્રી યુગભૂષણવિજયજી મ.સા.ના વ્યાખ્યાનનાં પુસ્તકો

(૧) અનુકંપાદાન (૨) સુપાત્રદાન
(૩) યોગવિંશિકા ભાગ-૧ (૪) યોગવિંશિકા ભાગ-૨

| ગીતાર્થ ગંગા થી પ્રકાશિત ગ્રંથો | વિવેચક | મૂલ્ય |
|---|---|---|
| (૧) યોગવિંશિકા શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા | ૩૫ |
| (૨) અધ્યાત્મઉપનિષત્ પ્રકરણ શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા | ૩૦ |
| (૩) શ્રાવકનાં બારવ્રતોના વિકલ્પો | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૪) યોગદૃષ્ટિ સમુચ્ચય | યુગભૂષણવિજયજી મ.સા. | ૨૦ |
| (૫) સદ્ગતિ તમારા હાથમાં ! | યુગભૂષણવિજયજી મ.સા. | ૨૦ |
| (૬) કર્મવાદ કર્ણિકા | યુગભૂષણવિજયજી મ.સા. | ૫ |
| (૭) દર્શનાચાર | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૮) શાસનસ્થાપના | યુગભૂષણવિજયજી મ.સા. | ૫ |
| (૯) અનેકાન્તવાદ | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૧૦) પ્રશ્નોત્તરી | યુગભૂષણવિજયજી મ.સા. | ૧૦ |
| (૧૧) ચિત્તવૃત્તિ | યુગભૂષણવિજયજી મ.સા. | ૫ |
| (૧૨) ચાલો, મોક્ષનું સાચું સ્વરૂપ સમજીએ | યુગભૂષણવિજયજી મ.સા. | ૫ |
| (૧૩) આશ્રવ અને અનુબંધ | મોહજિતવિજયજી મ.સા. | ૨૦ |
| (૧૪) મનોવિજય અને આત્મશુદ્ધિ | યુગભૂષણવિજયજી મ.સા. | ૨૦ |
| (૧૫) ભાગવતી પ્રવ્રજ્યા પરિચય | યુગભૂષણવિજયજી મ.સા. | ૫ |
| (૧૬) વિંશતિવિંશિકા શબ્દશઃ વિવેચન પૂર્વાર્ધ | પંડિત પ્રવિણભાઈ મોતા | ૨૫ |
| (૧૭) અધ્યાત્મમતપરીક્ષા શબ્દશઃ વિવેચન ભાગ-૧ | પંડિત પ્રવિણભાઈ મોતા | ૭૦ |
| (૧૮) આરાધક-વિરાધક ચતુર્ભંગી શબ્દશઃ વિવેચન | પંડિત પ્રવિણભાઈ મોતા | ૧૦ |

ગીતાર્થ ગંગા

૫, જૈન મર્ચંટ સોસાયટી, ફતેહપુરા રોડ, પાલડી, અમદાવાદ-૭.
☎ ૬૬૦ ૪૯ ૧૧, ૬૬૦ ૩૬ ૫૯